

કુમાર

ડિસેમ્બર ૧૯૪૭ · અંક ૨૮૮
તંત્રી
બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ



જિજ્ઞાસા · શ્રી સોમાલાલ શાહ

(બ્લૉક 'ભારતી'ના સૌજન્યથી)

કુમાર
ડિસેમ્બર ૧૯૪૭
અંક ૨૮૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત. મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિં., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૭॥; પરદેશમાં રૂા. ૯॥ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ, અમદાવાદ.



રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી અને ૩૪ સાદાં ચિત્રોવાળો આ સમૃદ્ધ સંગ્રહ ગુજરાતનાં સસ્તાં કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો કરે છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની જીવનરેખા ઉપરાંત આમાં સંઘરાએલાં પંચાવન ચિત્રોમાં ઑઇલ અને વૉટર–કલર, પેન્સિલ અને પેન–ઍન્ડ–ઈંક–સ્કેચ, સ્ટેપલ–વર્ક, વૂડ-કટ, સૉફ્ટ-બ્રશ-સ્કેચ આદિ ચિત્રકળાની વિભિન્ન પદ્ધતિઓમાં એમની કલમ તથા પીંછીનો કસબ દર્શાવતા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂનાઓ આપવામાં આવ્યા છે. ચિત્રકલાના વિદ્યાર્થીઓ તથા કલાશૉખીનો માટે તેમજ ભેટ આપવા માટે એ અમૂલ્ય ચીજ છે. **કિં. રૂ. ૩ાા; પોસ્ટેજ સાથે રૂ. ૪; કુમાર કાર્યાલય લિમિટેડ, અમદાવાદ.**



કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવા આ ચિત્રસંગ્રહ પાછળનો મુખ્ય હેતુ વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો છે. શ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, જગન્નાથ અહિવાસી, રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ અને ત્રિગુણાતીત પંચોળી, એ આપણા છ અગ્રણી ગુજરાતી કલાકારોનાં છ પૂર્ણરંગી ચુનંદાં ચિત્રોનો આ સંપુટ, ૧૨ાા×૯ ઈંચના માપનાં આર્ટ કાર્ડ પર ફ્રેમ માટે તૈયાર રૂપમાં સુઘડ રંગીન છપાઈમાં આપવામાં આવ્યો છે. સવા રૂપિયા જેટલી નજીવી કિંમતમાં આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઈએ હજી આપ્યાં નથી. ચિત્ર દીઠ પૂરી ચાર આના કિંમત પણ ન થઈ.



ગુજરાતનું પાટનગર અમદાવાદ : એ શહેરના સ્થાપક અહમદશાહના મકબરાથી માંડીને છેક સ્વામીનારાયણના મંદિર સુધીના આજથી એક જ સૈકા પરનાં સ્થાપત્યોમાં સંઘરાએલી આપણી કળાલક્ષ્મીનો પરિચય. જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળીને જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આ આલ્બમ છે. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચડતીપડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિંમત માત્ર બે રૂપિયા, પોસ્ટેજ જુદું.

આપનું લવાજમ

આ અંક સાથે પૂરું થઈ જાય છે

સિવાય કે આપ અધવચ્ચેથી ગ્રાહક થયા હો

તે માટે આ અંક ઉપર વીંટાળેલું રૅપર જુઓ. તેમાં આપના નામની બાજુએ લખેલા ગ્રાહક નંબરની આસપાસ જો લાલ કુંડાળું કરેલું હોય તો આપનું લવાજમ આ અંક સાથે પૂરું થાય છે એમ સમજી લેશો.

અમારી તો ખાત્રી છે કે આજ સુધી 'કુમાર'નો સંપર્ક પામ્યા પછી આપ તેના ગ્રાહક રહેવાના જ છો

કેમકે એના જેટલું વિશુદ્ધ ને સંગીન સાહિત્ય તથા સંસ્કારી કલાભાવનાવાળાં ચિત્રો સમસ્ત ગુજરાતી માસિકપત્રોમાં ભાગ્યે જ બીજા કોઇએ આપ્યાં છે. એનું વિષયવૈવિધ્ય, જ્ઞાનમયતા ને રસભરતા, એની ચિત્રમયતા, રૂપવિધાન ને રંગમયતા ગુજરાતી માસિકોમાં સદા અજોડ રહ્યાં છે. વળી આવતા વર્ષે નીકળનાર ૩૦૦મા ખાસ અંકની, આ સામેના કૉલમમાં આપેલી જાહેરાત પ્રત્યે પણ આપનું લક્ષ ખેંચીએ છીએ. એટલે અમને તો ખાતરી છે કે આપ તેમજ જેમનાં લવાજમ આવતા વર્ષે અધવચ્ચેથી અટકી જાય છે તેઓ પણ આ લાભ જતો નહિ જ કરે.

મોંઘવારીના આ અનિશ્ચિત સમયમાં વહેલો તે પહેલો એ જ નીતિ શ્રેષ્ઠ છે.

છતાં ગ્રાહક ન રહેવું હોય

તોપણ કૃપા કરી તેના ખબર તો આપશો જ, કે જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલિફ જ છે; પણ અમારું તો સવાત્રણ આનાનું પોસ્ટેજ રદ જશે, અને એ અમડાગણુમાં અંક ચુંથાઇને પાછો આવશે.

કોઇપણ સંજોગોમાં તા. ૧૫મી જાન્યુઆરી સુધીમાં આપનો નિર્ણય અમને નહિ મળે, તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને આવતો અંક વી.પી. કરીશું, તે સ્વીકારી લેવા કૃપા કરશો.

લવાજમ (રૂા. ૭–૮–૦) ભરવાની પદ્ધતિઓ

(પૃ. ૩૭૧ ઉપરની જાહેરાત મુજબ અમારે નજીવો લવાજમ-વધારો કરવો પડ્યો છે.)

(૧) **મનીઑર્ડર કરવો** એ સૌથી ઓછું ખર્ચાળ છે. ૭–૧૦–૦માં થઈ જશે.
(૨) **એજન્ટો દ્વારા** લવાજમ ભરતા ગ્રાહકોએ એજન્ટોને ૭-૧૦–૦ ભરવા વિનતિ છે.
(૩) **ચેકથી** મોકલનારાઓએ મુંબાઈ—અમદાવાદ સિવાયની બૅંકો પરના ચેક ઉપર લાગતા કમિશનની રકમ સાથે જ મોકલવી.
(૪) **વી. પી.થી** મંગાવતાં આપને ૭–૧૩–૦ બેસશે.
(૫) **પરદેશના** ગ્રાહકોએ રૂપિયા ૯–૮–૦ અગર ૧૫ શિલિંગ મોકલવા.

આમાંથી કઇ પદ્ધતિએ આપ લવાજમ મોકલો છો તે લખી જણાવવા કૃપા કરશો.

ટપાલમાં કાગળો સાથે નોટો તો બીડશો જ નહિ

એ જોખમભર્યું છે; અને ગુમ થશે તો અમે જવાબદાર નથી.

રજતજયંતી

આવતા (જાન્યુઆરી) અંક સાથે 'કુમાર' તેના પચીસમાં વર્ષમાં પ્રવેશ કરશે. આપણે ત્યાં અપનાવાએલી પશ્ચિમી ઉત્સવ-પ્રણાલિ અનુસાર પચીસ વર્ષની અખંડ, એકધારી, કાર્યરત કારકિર્દી પૂરી થયાને અવસરે 'રજત-જયંતી' ઊજવવામાં આવે છે, અને પચીસમું વર્ષ એ કારકિર્દીનું રજત વર્ષ ગણાય છે. એ અનુસાર 'કુમાર'નું આવતું વર્ષ તેનું રજત વર્ષ છે. જોકે અત્યારે જયંતીઓ ઊજવવાની આપણા દેશની સ્થિતિ કે વાતાવરણ નથી, અને 'કુમાર' પોતે તો પોતાની 'રજતજયંતી' કઈ રીતે ઊજવે? પણ એક સુયોગ આપમેળે આવી રહે છે. પ્રત્યેક ૧૦૦ અંક પૂરા થયે એ શતકનો ખાસ અંક કાઢવાની જે નવી પદ્ધતિ શરૂ કરીને 'કુમારે' પોતાના ૧૦૦મા અને ૨૦૦મા અંક ખાસ અંક તરીકે કાઢ્યા છે, તે મુજબ, બરોબર આ પચીસ વર્ષ પૂરાં થયે, આગામી વર્ષનો છેલ્લો અંક ૩૦૦મો અંક આવે છે, ને એ ૧૯૪૮ના ડિસેમ્બર માસનો અંક અમે ખાસ અંક તરીકે કાઢવાની મનીષા રાખી છે. 'કુમાર'નો એ ૩૦૦મો અંક તેનો રજત જયંતી અંક બનશે.

એ અંક, સંયોગો યારી આપશે તો, તેના બંને પુરોગામી શતકઅંકોના જેવો જ વિશિષ્ટ, દળદાર અને 'કુમાર'ની આ પચીસ વર્ષની અખંડ કૂચમાં ફાળો પુરાવવાના યશભાગી સર્વ કલા–સાહિત્ય–સંસ્કાર–સંપન્ન મુરબ્બીઓ, શુભેચ્છકો અને મિત્રોની સહાયથી સમૃદ્ધ બનાવવાના અમને કોડ છે.

અમે આશા રાખીએ છીએ કે 'કુમાર'-ની આ અખંડિત અને ઊજળી કારકિર્દીના એટલા જ યશભાગી તેના વાચકો અને પ્રેમી ગ્રાહકો પોતાનો સદ્ભાવ ચાલુ રાખી તેના રજત વર્ષના ઉત્સવના આનંદભાગી બનશે.

૩૦૦મો અંક

ચાંદની

·હરિણી·

શરદ-રજની ધીરે ધીરે ગળાઈ ચળાઇને
અજબ ઊઘડી મોડી મોડી ખીલી પૂર બ્હારમાં.

કપુરધવલા આછી ગાઢી હસે મૃદુ ચાંદની,
પવન પર થૈ ધોળાં ધોળાં ખસે રૂપચોસલાં.

દલ દલ ખુલે જ્યોત્સ્ના કેરા મહાપદ્મે, વચે
પ્રકટ પૃથિવી ઊભી જાણે લસે નવપદ્મજા !

દિવસ-અજવાળે જે દીસે વિરૂપ, લજામણું,
સ્વરુપ પલટી તે તે ઊભુ નવું જ સુહામણું.

જગ સકલની ત્રાંબાકૂંડી ભરી તસુ યે તસુ.
શશિયર સ્વયં ન્હાવા જાણે રહ્યો નભથી સરી !

ભવનભવને મેડીસૂતાં મીઠાં યુગલો પરે
સહજ અમથાં છિદ્રોથી યે નરી મમતા દ્રવે.

ગિરિ, વન, નદી, મેદાને થૈ સરે રમણીયતા,
પરણુ પરની ફીડી યે શી ધરે કમનીયતા !

પૃથક ઘટકો ચન્દ્રીતેજે પરસ્પરમાં ગળી
સુઘટિત રચે એકત્વે સૌ કલામય પુદ્ગલ.

અશરીર છતાં આકારો લૈ મનોહર ઊતરે
ગહન વિમલાં સૌન્દર્યોની છટા, સુકુમારતા.

નયન નિરખે ઘેલાં સાધી અશી તદરૂપતા
કિરણુ ફૂટતાં કીકીમાંથી, ચખો ખુદ ચન્દ્રમા !

બાલમુકુન્દ દવે

છે તો માત્ર શરદની રાત્રિનું વર્ણન જ, પણ એની સુકુમાર ચિત્રમયતા-વાળું, કે 'મેડીમાં સૂતેલાં મીઠાં યુગલો ઉપર સહજ અમથાં છિદ્રોમાંથી નરી મમતા દ્રવતી' એ 'કપુરધવલા, આછી ગાઢી ચાંદની', ગિરિવન નદી ને મેદાનો પર જે રમણીયતા રેલાવી રહે છે તેમાં 'પાંદડા ઉપરની નાની ફીડી પણ જે કમનીયતા ધારણ કરે છે' ત્યાં સુધીની રૂપસૃષ્ટિનું દર્શન એમાં આવરી લીધું છે અને 'અશરીર એવાં ગહન સૌન્દર્યો પણ જે મનોહર આકારો લઈ ઊતરે છે' તેનો યે આસ્વાદ કવિ કરાવી રહે છે.

અફસોસને આસન કદી જો આપશું,
જે રહ્યું થોડું ય તે લૂટી જશે;
જો ગુમાવ્યાની ગણત્રીમાં પડ્યા,
ફૂલ ઊઘડતું ય એ ચૂંટી જશે.

આંખ સામે ઊગતો દિન રાખીએ,
જે મળી સૌરભ જીવનમાં ચાખીએ.
કોણ જાણે છે હૃદય પીસી પ્રભુ
રંગ અંગોમાં નવા ઘૂંટી જશે!

મકરન્દ દવે

એકરાર

પ્રભો હું પાપી છું. પરિચય તમોને દઈ શકું ?
અહીં હોવાં શાને તમ સમીપ સાચું નવ વદું !
નહીં ત્યાં ભૂગોલે મનુજ રૂપ જ્યારે તમ હતું,
તમારું દીધેલું તમ સમું જ ત્યારે મમ હતું.
પરંતુ ત્યારે તો સત રૂપ તમોને નવ કળ્યા,
અહીં આજે આવી અમર રૂપમાં નાથ નિરખ્યા.
તમારામાં શોભી ઉજ્વળ છટા જ્ઞાનદીપની,
પરંતુ એ રેલાગી, નવ સહન કીધી મનુજીએ.
અરે પાપીએ તો જડતર કર્યું સુધ વિસરી,
છતાં યે શ્રદ્ધાથી પ્રભુ નવ ચળ્યા સ્તંભ પરથી.
તમે તો શોભંતા વધુ વધુ અહા શા ઝગી રહ્યા,
જડેલા ખીલાની સહિત વળી કાષ્ઠે સ્થિત રહ્યા.
તહીં એ ટોળામાં તમ સમીપના શું હું ય હતો ?
નહિ સ્વામી એવું લગીર પણ મારી સ્થિતિ વિષે.
હતો હું તો ત્યારે મમ ઘર વિષે કોડ મહીં ને
ઘડંતો લોઢાને ધમણ મમ હાથે હલવતો.
પરંતુ જ્યાં સુણી ગરબડ ઘણી ગામ સઘળે,
હું એવે સૌ સાથે બહિર નિસરી તે સ્થલ ગયો.
અને જે જોયું તે ન દરશન કોઇ કરી શકે:
અને હું તો શાનો જડતર ખીલા જે મુજ ઘડ્યા ?!

પ્રિયકાન્ત

[માત્ર પાંચ અંગ્રેજી ભણીઊઠીને હાથીદાંતની ચૂડીઓ વહેરવાનો મણિયારાનો બાપીકો ધંધો ચલાવતા એક તરુણમાં કવિતાના કશા જ શાસ્ત્રીય જ્ઞાન વિના, માત્ર કાવ્યના વાચન તથા શ્રવણસંપર્કથી કવિતા કેવી મોદભરી-રીતે પાંગરી ઊઠી છે તેનું ઉદાહરણ આ કાવ્ય છે.

પ્રસંગ એવો છે કે પરલોકમાં ઈશુ ખ્રિસ્ત પાસે પૃથ્વી-લોકથી વિદાય લઇ આવતી કતારનાં માનવીઓ એક પછી એક પોતાનાં નિવેદનો કરતાં જાય છે. તેમાં એક વ્યક્તિ ઉપર મુખ્ય જે કહે છે તે પ્રસંગની યોજના, તેની પાછળની લાગણી, તેની રજૂઆતની ભાષા, સર્વમાં જે ચોટ છે તે આવા પ્રારંભિકના પ્રથમ પ્રયાસ તરીકે પ્રશંસનીય છે]

પ્રજા અને પોલીસ એ બે વચ્ચેના સંબંધો એ કોઈ પણ આઝાદ પ્રજાના નૈતિક જીવનની પારાશીશી છે.

—મનન—

સ્વતંત્ર પ્રજા તરીકેના આપણા જીવનનાં જે અનેક પાસાંઓની આપણે કાળજીભરી કેળવણી યોજવાની છે તેમાં સૌથી પહેલું તે આપણું સામાજિક શિસ્તનું અંગ છે. પ્રજાજીવનના એ પાસા સાથે વધુમાં વધુ સંબંધ પોલીસને છે. સ્વતંત્ર કે પરતંત્ર દરેક દેશમાં પોલીસ તો હોય જ છે. પણ પ્રજા અને પોલીસ વચ્ચે કેવો સંબંધ છે તે પરથી ત્યાંની પ્રજાની નૈતિક કક્ષાનું માપ નીકળે છે. પોલીસનું કામ જેમ પ્રજાનું રક્ષણ કરવાનું તથા કાયદો ને વ્યવસ્થા જાળવવાનું છે તેમ પ્રજાની પણ ફરજ છે કે તેણે પોલીસની બીકે નહિ પણ સ્વેચ્છાએ જ કાયદાનું પાલન કરવું જોઇએ. જગતભરમાં જ્યાંની પોલીસ વખણાય છે તે ઈંગ્લંડની પ્રજાનો પોલીસ સાથે કેવો સંબંધ છે તથા પોતાના નાગરિક સ્વાતંત્ર્ય પર પોલીસ તરાપ ન મારે તે માટે એ પ્રજા કેવી ચીવટ રાખી કાયદાનું જાતે જ પાલન કરે છે તેની હકીકત રસિક હોવા સાથે આપણા માટે અનુકરણીય છે. પોલીસ અને પ્રજા વચ્ચેના એવા આદર્શ સંબંધો આપણે અમલમાં લાવીશું તો જ આપણે સ્વાતંત્ર્યને સાર્થક કર્યું ગણાશે.

ઈ. ૧૯૩૯માં બ્રિટનમાં ૪ કરોડ ૬૦ લાખની વસ્તી હતી ત્યારે કુલ ૬૩,૦૦૦ પોલીસ ત્યાં હતા. એટલે કે વસ્તીના દર ૭૦૦ માણસોએ સરેરાશ એક પોલીસ હતો. પ્રજાની ચીવટ અને પોલીસની આવડતને કારણે લંડન જેવા મોટા શહેરમાં પણ કાયદો અને વ્યવસ્થા એટલાં સારાં જળવાઇ રહેતાં આવ્યાં છે કે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સામ્રાજ્યના એ પાટનગરનો વિસ્તાર વધીને ૭૦૦ ચોરસ માઇલ બન્યો છે ને વસ્તી વધીને ૮૫ લાખ ઉપર પહોંચી છે છતાં આજ સુધીમાં તેના પોલીસદળની ૧૮,૦૦૦ની સંખ્યામાં જરા યે વધારો થયો નથી!

બ્રિટનની પોલીસની મુખ્ય કામગીરી વાહનવ્યવહારનું સલામત સંચાલન કરવાની ને અકસ્માતો અટકાવવાની છે. મારફાડ કે ગુનાઓનું પ્રમાણ તો બ્રિટનમાં બહુ નજીવું હોઇ પોલીસને માથે એટલો બોજો ઓછો રહે છે. આખા બ્રિટનમાં વરસે માંડ સોએક માણસોનાં ખૂન થતાં હશે. પણ રસ્તા ઉપરના અકસ્માતો માણસોની ઘણી મોટી સંખ્યાને ભરખી જાય છે. લડાઇ દરમિયાન વાહનવ્યવહાર ઘણો ઓછો થઈ ગયો હતો ત્યારે પણ, મોટરગાડીઓના અકસ્માતોને કારણે દર વર્ષે બ્રિટનના ૮૦૦ રાહદારીઓ જાન ગુમાવતા ને અઢીલાખ ઘાયલ બનતા. પાર્લમેન્ટમાં જાહેર થયા મુજબ, જર્મન વિમાનોના બૉમ્બમારાના કરતાં રાજમાર્ગો પરના અકસ્માતોએ બ્રિટિશ પ્રજાજનોની ઘણી મોટી સંખ્યાને ઘાયલ કરી હતી. આથી બ્રિટિશ પોલીસનું મુખ્ય કર્તવ્ય રાજમાર્ગોની સલામતી જાળવવાનું બની રહે છે.

વાદળી વેશવાળી બ્રિટિશ પોલીસને એ પ્રજા 'બૉબી'ના લાડીલા નામે સંબોધે છે. ૧૮૨૯માં બ્રિટિશ પોલીસને તેનું આધુનિક સ્વરૂપ આપનાર ગૃહમંત્રી સર રૉબર્ટ પીલની યાદગીરીમાં પોલીસને બ્રિટિશ પ્રજા 'બૉબી' કહે છે ('બૉબી' એ 'રૉબર્ટ'નું વહાલસોયું રૂપાંતર છે.) તે પહેલાં લંડનમાં તેમજ બીજે શાંતિ જાળવવાનું કાર્ય લશ્કરી સૈનિકો કરતા; પણ તે વખતના વડા પ્રધાન વેલિંગ્ટનના ડયૂકને આવી નાની વાતોમાં થતો લશ્કરનો ઉપયોગ નાપસંદ પડયો અને એમની સૂચનાથી સર રૉબર્ટ પીલે પોલીસદળ ઊભું કર્યું. ૧૮૨૯માં પહેલી જ વાર લંડનની શેરીઓમાં ધોળે દિવસે પણ પોલીસનો બંદોબસ્ત જોઇને પ્રજાને નવાઈ લાગેલી. શરૂમાં તો આ પોલીસ પ્રજા તથા લશ્કરને અપ્રિય લાગી હતી. બ્રિટિશ પ્રજાના મનમાં એક દહેશત સદા રહેતી આવી છે કે પોલીસની સત્તા જેમ વધુ તેમ નાગરિક અધિકારોની જાળવણી ઓછી. આ સંશયને લીધે બ્રિટિશ પોલીસનો વિકાસ જેમ થોડોઘણો રુંધાયો, તેમ તેને હાથે સત્તાનો દુરૂપયોગ ન થાય એવું વાતાવરણ પણ આપોઆપ રચાતું આવ્યું.

એક યા બીજો રાજદ્વારી પક્ષ પોલીસનો ઉપયોગ પોતાનું વર્ચસ્વ વધારવામાં, પ્રજાનો અવાજ ગુંગળાવવામાં, વિરોધીઓ ઉપર જાસૂસી કરવામાં, પ્રગતિશીલ ચળવળને કે મજૂરસંગઠનને કચડી નાખવામાં કરશે, એવી દહેશત બ્રિટિશ પ્રજાએ વર્ષો સુધી સેવી છે. રાજકારણ ઉપર પોલીસનું આધિપત્ય સ્થપાઇ જવાનો ડર બ્રિટિશ પ્રજાને એટલો બધો હતો કે ૧૮૫૭ સુધી તો પોલીસને ચૂંટણીમાં પણ ભાગ લેવા દેવામાં નહોતો આવતો. રાજકીય સભાઓમાં છૂપી પોલીસ આવીને જાસૂસી કરે તે સામે તો એ પ્રજાને એટલી બધી નફરત હતી કે ૧૮૬૯ સુધી તો ફરજ પર ન હોય ત્યારે પણ પોલીસને સાદા વેશમાં જાહેરમાં ફરવાની મના હતી.

બ્રિટનના પોલીસ સાચા અર્થમાં પ્રજાના 'સેવકો' છે. એ હથિયાર રાખતા નથી, કારણ કે પ્રજા પણ હથિયાર રાખતી નથી. પ્રજાને માટેના તમામ કાનૂનો પોલીસને પણ સંપૂર્ણપણે લાગુ પડે છે. ફરજપાલનમાં ચૂક થાય કે સત્તાની મર્યાદા ચુકાય તો પોલીસ ઉપર પણ કોઇ પણ સાદી અદાલતમાં કોઈ પણ નાગરિક કામ ચલાવી શકે છે. પોલીસ માટેની સૂચનાપોથીમાં સ્પષ્ટપણે કહ્યું છે કે પોતાની પ્રત્યે કોઈ પ્રજાજન અપમાનજનક કે બીભત્સ ભાષા વાપરે છતાં પોલીસે તો કદી ઉશ્કેરાઇ ન જવું; પોલીસનું કામ પ્રજાનું રક્ષણ કરવાનું છે, તેને સતાવવાનું નથી; આત્મરક્ષણ સિવાય હથિયાર કદી ન વાપરવું.

બીજી બાજુ, પોલીસના ફરજપાલનમાં બને તેટલાં ઓછાં વિઘ્નો આવે તેની કાળજી પ્રજા રાખે છે. કાયદાએ સ્થાપેલી મર્યાદાઓ ઉથાપવાના પ્રસંગો જ પોલીસ માટે બહુ ઓછા આવે એવું સમગ્ર પ્રજાનું વર્તન હોય છે. એવું એક ઉદાહરણ કોઇની ધરપકડ કરતી વેળાના પોલીસના અને પ્રજાના પરસ્પરના વર્તાવમાંથી મળી રહે છે. બ્રિટિશ પોલીસ પોતાની સાથે હાથકડી રાખતા નથી! કોઈની ધરપકડ કરવાનો સામાન્ય નિયમ તેનું બાવડું પકડીને તેને પોલીસ-ચોકીએ લઇ જવાનો હોય છે. પરંતુ વાસ્તવમાં, કોઇ ભયંકર ગુનેગારનો હાથ પણ ત્યાંની પોલીસને પકડવો પડતો નથી. 'યુ આર અન્ડર ઍરેસ્ટ' (હું તમારી ધરપકડ કરું છું), એટલા શબ્દો જ એને મોકળા હાથપગે પોલીસ સાથે ચોકી સુધી લઇ જવા માટે પૂરતા બને છે. કૉલેજમાં ભણી આવેલા ઘણા જુવાનો હવે પોલીસમાં દાખલ થાય છે. જોકે એ બધાને સાદા પોલીસ તરીકે જ શરૂઆત કરવી પડે છે. સ્ત્રીઓ પણ હવે તો એ ખાતામાં પ્રવેશી રહી છે. લંડનમાં આજે ૨૦૦ સ્ત્રી-પોલીસ છે.

આપણા પોલીસદળને આજ સુધી વિદેશી હકૂમતના નોકરો તરીકે દેશની પ્રજા ઉપર ચોકી કરવાની કામગીરી બજાવવી પડી હતી. હવે એક સ્વતંત્ર મુલકના પ્રજાજનોના પ્રાથમિક અધિકારોનું રક્ષણ કરવાનું કર્તવ્ય એમને શિરે આવ્યું છે. પલટાએલા સંજોગોમાં પોલીસે જેમ પ્રજા પ્રત્યેનો વર્તાવ બદલવાનો છે, (અનુસંધાન આગળ પૃ. ૩૬૨મે)



સત્તાવનના સ્વાતંત્ર્યસમરની છેલ્લી જ્યોત

તાત્યા ટોપે

પરાજયો જેને ચળાવી શક્યા નહિ, સૈનિકો ને સામગ્રીની અછત જેને ગભરાવી શકી નહિ, અનંત કષ્ટ જેને ડગાવી શક્યાં નહિ, ને અંતે પ્રત્યક્ષ મૃત્યુ પણ જેને થડકાવી શક્યું નહિ, એવા એ ઝિંદાદિલ જવાંમર્દે સત્તાવનના સમરમાં કેવળ પોતાની અસાધારણ હિંમત, અપ્રતિમ શૌર્ય, ને અજોડ યુદ્ધકૌશલ વડે એકલે હાથે સાતસાત કસાએલા અંગ્રેજ સેનાનાયકોને છક્કડ આપતા રહીને છેવટ સુધી ટક્કર ઝીલી

૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધની છેલ્લી જ્યોત સમા તાત્યા ટોપેનું નામ આજે પણ પ્રત્યેક ભારતવાસીમાં મગરૂબી તથા સ્વાભિમાન પ્રેરે છે. જગતના કોઈ પણ સેનાપતિ કરતાં વધુ યોગ્યતા ધરાવતા આ નરવીરે ઓછાં સાધન-સામગ્રી, અપૂરતું સૈનિકબળ તથા પ્રતિકૂળ સંજોગો હોવા છતાં ૧॥ વર્ષ સુધી જે વીરતા તથા બાહોશીથી કસાએલી અંગ્રેજ ફોજોને હંફાવી તેનો જગતના ઇતિહાસમાં ક્યાં યે જોટો જડે તેમ નથી. તેની કુનેહની, લશ્કરી વ્યૂહરચનાની તથા હિંમત ને સાહસની પ્રશંસા ખુદ તેના દુશ્મન અંગ્રેજોએ જ મુક્ત કંઠે કરી છે તેને પકડવા આકાશપાતાળ એક કરતા સાતસાત અંગ્રેજ સેનાપતિઓને તેણે એવી ધીરતા તથા કુશળતાથી છક્કડ ખવડાવી કે હિંદના કોઈ પણ અંગ્રેજ કે હિંદી અમલદાર કરતાં તેનું નામ સમસ્ત યુરોપભરમાં એ કાળે જાણીતું થએલું.

તાત્યા ટોપેનું પૂરું નામ રઘુનાથ પાંડુરંગ ટોપે. ઈ. ૧૮૩૪ માં દક્ષિણી બ્રાહ્મણ કુળમાં તેનો જન્મ થએલો. તેના પિતા, બાજીરાવ પેશ્વાના દાનધર્મ વિભાગના મુખ્ય અધિકારી હતા. તેમના આઠ પુત્રોમાં તાત્યા બીજા પુત્ર હતા. સત્તાવનના સ્વાતંત્ર્યસમરમાં પોતાની તલવારનું પાણી સાથે જ બતાવી જનાર નાનાસાહેબ પેશ્વા, મહારાણી લક્ષ્મીબાઇ તથા તાત્યા ટોપેનું બાળપણ પણ સાથે જ વીતેલું, એ ય વિધિનો કોઈ અજબ સંકેત ગણાય. એ ત્રણે તેજસ્વી બાળકો સાથે જ મર્દાની રમતો રમતાં, સાથે જ રામાયણ મહાભારતની વાતો વાંચતાં તથા સાથે જ શિવાજી મહારાજનાં અદ્ભુત પરાક્રમો સાંભળતાં અને પોતે પણ મોટાં થયે એવાં જ મહાપરાક્રમો કરવાના મનસૂબા ગોઠવતાં. તેમનાં એ સ્વપ્નો સત્ય સૃષ્ટિમાં ઊતરશે એવું તે વખતે કોણે ધાર્યું હતું?

એ સમયે પેશ્વાઓનું મુખ્ય રહેઠાણ કાનપુર પાસે બ્રહ્માવર્ત (બિઠુર) હતું. બાજીરાવ બીજાની પછી નાનાસાહેબ જ્યારે પેશ્વા બન્યા ત્યારે તેમણે, અંગ્રેજોએ પોતાના પિતાનું રાજ્ય ઝૂંટવી લઈ માત્ર થોડુંક પેન્શન આપી તેમને જે હડહડતો અન્યાય કર્યો હતો તે દૂર કરવાનો તથા પોતાનું ગત-સ્વાતંત્ર્ય પાછું મેળવવાનો નિશ્ચય કર્યો. તેમના મહેલમાં આગામી સ્વાતંત્ર્યયુદ્ધની બાબતમાં મૌલવી અહમદશાહ, અઝીમુલ્લાખાન, બાલાસાહેબ, રાવસાહેબ તથા મહારાણી લક્ષ્મીબાઈની ઘણી ગુપ્ત ચર્ચાઓ થતી. અલબત્ત, તે બધામાં વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવનાર તાત્યા ટોપે તો હોય જ.

૧૮૫૭ના જૂનના પહેલા અઠવાડિયામાં હિંદુસ્તાનમાં એકીસાથે યુદ્ધ શરૂ કરવાની સર્વ ગુપ્ત તૈયારીઓ થઈ ચૂકી હતી. પરંતુ અચાનક મીરતમાં ૧૫મીએ જ જ્વાળામુખી ફાટી નીકળ્યો. તરત નાનાસાહેબે સમયસૂચકતા વાપરી, અને કાનપુરમાં તો વખતસર યુદ્ધ શરૂ થઇને વિનાયાસે તે વિપ્લવકારીઓના હાથમાં પડ્યું. પણ લશ્કરી દૃષ્ટિએ કાનપુરની અગત્ય ખૂબ મોટી હોવાને કારણે અંગ્રેજોએ હેવલૉકની સરદારી હેઠળ વિશાળ સેના મોકલીને ભીષણ યુદ્ધ ખેડી કાનપુર જીતી લીધું. કાનપુર છોડીને નાનાસાહેબ બ્રહ્માવર્ત આવ્યા અને ત્યાં પણ અંગ્રેજો આવે તે પહેલાં યોજના પ્રમાણે ફતેહપુર ચાલ્યા ગયા. જતાં પહેલાં સર્વ અધિકાર તાત્યા ટોપેને સોંપી ગયા.

એ કપરા કાળમાં જે નવાંનવાં સંકટો તથા પ્રશ્નો ઊભા થતા હતા તેનો સમર્થરીતે નિકાલ લાવવા તાત્યા ટોપે જ યોગ્ય હતો. તેની કુશળતા, દીર્ઘદૃષ્ટિ તથા બાહોશીની તોલે આવે તેવું બીજું કોઇ નહોતું. જોકે અત્યાર સુધી તો તાત્યાએ એકરીતે કારકુનનું જ કામ કર્યું હતું. પણ જ્યાં સ્વાતંત્ર્યયુદ્ધનું રણશિંગું ફુંકાયું કે તરત જ તેણે કલમ ફેંકી દઈ પોતાની ચિરપરિચિત તલવાર હાથમાં લીધી પરાક્રમ, શૂરવીરતા તથા ધૈર્ય ઈત્યાદિ ગુણોની સાથે નવીનવી સેનાઓને પોતાના પક્ષમાં મેળવવાની તથા તેમને સ્વાતંત્ર્યયુદ્ધમાં ઝુકાવવા પ્રેરન કરવાની કળામાં તાત્યા અજોડ હતો. સિપાહીઓને સચોટતાથી સમજાવવાની તેની આવડત, મનુષ્યહૃદયની ભાવનાઓનું આકલન કરવાની તેની શક્તિ તથા સાહસભરી હિંમત ઈત્યાદિ ગુણોને કારણે તે આખી પલટનને એક જ દિવસમાં અંગ્રેજો સામે લડવા તૈયાર કરી દેતો.

પહેલાં તો તેણે અસ્તવ્યસ્ત થએલી પોતાની સેનાને વ્યવસ્થિત કરી ને પોતાનું સૈનિકબળ વધારવા તે સીધો શિવરાજપુર પહોંચ્યો; ને ત્યાંથી પોતાની અદ્ભુત કળા વડે ત્યાંની ૪૨ મી પલટનને પોતાના

પક્ષમાં લઈ આવ્યો. કાનપુર કબજે કર્યાં પછી હેવલૉક લખનૌ તરફ ઊપડ્યો ન ઊપડ્યો, ત્યાં તો પાછળથી તાત્યાએ પોતાની નવી સેના વડે હુમલો કર્યો. આથી પોતાની બધી યોજના મૂકી દઈ હેવલૉકને પાછા ફરવું પડ્યું. અને પાછા ફરીને તેણે જોયું તો તાત્યા ટોપે સ્વસ્થતાથી બિઠુરના રાજમહેલમાં આસન જમાવીને બેઠેલો હતો હેવલૉક અને તાત્યા વચ્ચે યુદ્ધ થયું. તેમાં હેવલૉકની સાગર જેવી વિશાળ સેના સામે તાત્યાને સફળતા ન સાંપડવાથી તે બિઠુર છોડી ફતેહપુર મુકામે નાનાસાહેબને જઇ મળ્યો.

નાનાસાહેબને ફરી સાધનસામગ્રી તથા સૈન્યની તંગી જણાવા લાગતાં તાત્યા ગ્વાલિયર ઊપડ્યો અને કોઈ જાદુગર લાકડી ફેરવીને ચમત્કાર કરે તેમ સિંધિયાના લશ્કરને સ્વાતંત્ર્ય-યુદ્ધ માટે પ્રવૃત્ત

કરીને પોતાના પક્ષમાં લઇ આવ્યો. આ સૈન્ય વડે તાત્યાએ કાનપુરથી ૪૬ માઈલ દૂર આવેલું કાલ્પી શહેર જીત્યું. લશ્કરી દૃષ્ટિએ કાલ્પી ઘણું અગત્યનું મથક હતું. વળી કાનપુર અને કાલ્પી વચ્ચે વહેતી જમના નદી કાલ્પીને નૈસર્ગિક સંરક્ષણ આપતી હતી. કાનપુર અને લખનૌ પડ્યા પછી કાલ્પી જ બળવાનું મુખ્ય કેન્દ્ર બન્યું. પણ કાલ્પી જીતીને તાત્યા સ્વસ્થ બેસી રહે તેમ નહોતો. તેને તો કાનપુરના પરાજયનું વેર લેવું હતું. એટલે કાલ્પી બાલાસાહેબને સોંપી તે કાનપુર જીતવા ઊપડ્યો.

પણ કાનપુરનું સંરક્ષણ તો યુરોપની રણભૂમિ પર સારી પેઠે કસાએલો સેનાપતિ વિન્ડહામ કરતો હતો. જેવું તેણે સાંભળ્યું કે તાત્યા કાનપુર પર ચડી આવે છે કે તરત એક મોટી સેના લઇ તે

તેની સામે ગયો. એક બાજુ હગણાં જ બળવો પોકારી ઊઠેલું બેશિસ્ત સૈન્ય તથા અપૂરી સાધનસામગ્રી સાથે ભારતનો વીર સેનાની તાત્યા ટોપે હતો, જ્યારે બીજી બાજુ, કસાએલા સૈન્ય તથા અખૂટ શસ્ત્રાસ્ત્રો સાથે ખ્યાતનામ સેનાપતિ વિન્ડહામ હતો. યુદ્ધ શરૂ થતાં પ્રારંભમાં તો વિન્ડહામે તાત્યાની ત્રણ તોપો કબજે કરી લીધી અને માન્યું કે હવે વિજય પોતાનો જ છે પરંતુ વિલક્ષણ બુદ્ધિમત્તા ધરાવનાર તાત્યા ટોપે અંગ્રેજ સેનાની વ્યૂહરચના તથા તેની કમજોરી ક્યાં છે તે પામી ગયો અને તરત તેનો લાભ ઉઠાવીને એવી તો અજબ વ્યૂહરચના કરીને જોરદાર ધસારો કર્યો કે એવડી મોટી અંગ્રેજ સેનાને પીછેહઠ કરીને કાનપુર શહેરમાં ભરાઇ જવું પડ્યું. પછી બીજે દિવસે અર્ધચન્દ્રાકાર વ્યૂહ ગોઠવીને તાત્યાએ અંગ્રેજ સેનાને

પોતાનું બધું રણસાહિત્ય મૂકી દઈ ભાગી જવાની જ ફરજ પાડી. આમ ફરીવાર કાનપુર ભારતના તે ભડવીરે કબજે કર્યું. એક અંગ્રેજ ઇતિહાસકાર કબૂલ કરે છે કે જેટલા પ્રમાણમાં તાત્યા ટોપે શ્રેષ્ઠ સેનાપતિના ઉચ્ચ ગુણો ધરાવતો હતો તેટલા પ્રમાણમાં જો તેના સૈનિકો શિસ્તવાળા હોત તો વિન્ડહામના સૈન્યમાંથી એક પણ સૈનિક તે દિવસે જીવતો બચ્યો ન હોત.

હવે તાત્યા ટોપેની ગર્જના લખનૌમાં જીત મેળવી રહેલા સર કોલિન કૅમ્પબેલને કાને પડી. અંગ્રેજોને ભૂંડી હાર મળવાને કારણે તેમની આબરૂ ધૂળમાં મળી ગઈ હતી તે ફરી સ્થાપવા કૅમ્પબેલ કાનપુર જીતવા નીકળ્યો. કાનપુર પર જ્યારે તાત્યાએ હુમલો કરેલો ત્યારે તેની એવી ગણત્રી હતી કે કૅમ્પબેલને લખનૌ જીતતાં ઓછામાં

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા **આપણી વનસ્પતિ—૧૦**

લીલો ચંપો

લેખક • **જયંતીલાલ દે. ઓઝા** • એમ. એસસી.



ગાઢ અને ઘેરીમધુરી સુગંધીવાળાં ફૂલો આપતો આ ચંપો બીજા ચંપાથી વિશેષ આગળપડતો એ કારણે છે કે તેને લગભગ બારે માસ ફૂલ આવે છે. વિશિષ્ટ મિઠાશભરી એની અત્યંત મધુર સુગંધી માદક જેવી લાગે છે. સંસ્કૃતમાં આ વૃક્ષને 'હરિત્ ચંપક' ને મરાઠીમાં 'હિરવા ચાફા' કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'આર્ટાબોટ્રીસ ઓડોરેટીસીમસ' (Artabotrys odoratissimus R. Br.). તેનાં ઉત્પત્તિસ્થાન જાવા, દક્ષિણ ચીન, તેનાસરીમ, સીલોન ને દક્ષિણ હિંદ. હિંદમાં તો બધી જગ્યાએ આ વૃક્ષ તેનાં આલ્હાદક ખુશબોદાર ફૂલો માટે બાગબગીચાઓમાં ઉગાડવામાં આવે છે.

આ સુંદર વૃક્ષ બહુ મોટું થતું નથી, પરંતુ તે સદા યે લીલું અને ઘટાદાર રહે છે. આસપાસ મુક્તપણે ફેલાતી તેની શાખાઓ પર તેનાં લાંબાં અને લીસાં પાન ચિત્રમાં બતાવ્યા મુજબ આંતરે આવેલાં હોય છે. પાન લગભગ ૬ ઇંચ લાંબાં ને ૧½થી ૨ ઇંચ પહોળાં હોય છે અને દરેક પાનને ½ થી ¾ ઇંચ લાંબી દાંડી હોય છે. તે તળિયેથી સાંકડાં વચમાં પહોળાં અને ફરી ટોચ તરફ સાંકડાં થતાં જઇ ટોચે અણીદાર બને છે.

માદક-મહેકથી મઘમઘતાં તેનાં ફૂલો શરૂઆતમાં લીલાં દેખાય છે, પરંતુ જ્યારે તે પૂરી રીતે ખીલી ઊઠે છે ત્યારે પીળાં રંગનાં થાય છે. શાખાઓ પર ફૂલો એકાકી અગર જોડકાંમાં આવેલાં હોય છે. દરેક ફૂલને ¾ ઇંચ લાંબી દાંડી હોય છે અને એ દાંડીનો છેડો આંકડા માફક વળેલો હોય છે.

લીલા ચંપાનાં ફળ સુંદર, લીસાં, ચળકતાં અને અજમેરી બોર જેવા આકારનાં હોય છે. શરૂઆતમાં તે પણ લીલાં હોય છે, પરંતુ પાકા થતાં પીળાં થાય છે. તેમાં એક અગર બે લંબગોળ, એક બાજુ સહેજ ચપટાં અને ¾ ઇંચ લાંબાં બીજ હોય છે. લીલો ચંપો સીતાફળ, રામફળ વગેરે વર્ગની વનસ્પતિ છે ને તે બીજ વડે તેમજ કલમથી ઊગે છે.

લીલા ચંપાનો ઉપયોગ ખાસ કરીને તો તેનાં મધુર સુગંધી ફૂલો માટે જ થાય છે. તેમાંથી વરાળયંત્ર દ્વારા સુગંધી તેલ મળે છે અને તે સુવાસ માટે માથાનાં તેલો તથા સુગંધી સાબુ બનાવવામાં ઉપયોગમાં લેવાય છે. તેની છાલનું રાસાયનિક અન્વેષણ થયું છે અને તેમાં 'આર્ટાબોટ્રીન' નામનું રાસાયનિક તત્ત્વ હોવાનું માલૂમ પડ્યું છે, જે કૉલેરાના દર્દમાં ઉપયોગી ઔષધ ગણાય છે.

ઓછો એક મહીનો તો થશે જ. પણ લખનૌના ક્રાંતિકારીઓ તેને ટકાવવામાં નિષ્ફળ નીવડવાથી તાત્યાને પોતાનું સ્થાન સ્થિર કરવા જોઇએ તેટલો સમય ન મળ્યો. છતાં પણ તાત્યાએ કૅમ્પબેલના માર્ગમાં આવતો ગંગા નદી પરનો પૂલ કબજે કરી કૅમ્પબેલને જબ્બર લડાઈ આપી પરંતુ નસીબે યારી ન આપી. જીતેલા કૅમ્પબેલે તાત્યાને પકડવા એક આબાદ વ્યૂહ ગોઠવ્યો. પણ એમ કંઈ તાત્યા પકડાય? તે તો પોતાનું સૈન્ય તથા શસ્ત્રસામગ્રી લઇને ત્યાંથી છટક્યો. હોપ ગ્રાન્ટ તેની પાછળ પડ્યો. ફરી શિવરાજપુર આગળ એક ઝડપી યુદ્ધ થયું અને ત્યાંથી પણ પોતાની તોપો છોડી દઈ તાત્યા છટક્યો.

પોતાની સેના સાથે તાત્યા હવે કાલ્પી તરફ નીકળ્યો અને નવાં માણસો તથા શસ્ત્રસામગ્રી મેળવવાની વેતરણમાં પડ્યો. જમના ઓળંગીને તે ચરખારીના રાજા પાસે પહોંચ્યો. તેણે વિપ્લવમાં ભાગ લેવાની ના પાડતાં જ તાત્યા તેના પર ત્રાટક્યો ને ૨૪ તોપો તથા યુદ્ધખર્ચ પેટે ત્રણ લાખ રૂપિયા વસૂલ કરી કાલ્પી પહોંચ્યો. ત્યાં પહોંચતાં જ તેને મહારાણી લક્ષ્મીબાઈ તરફથી ઝાંસીની મદદે આવવાની વિનંતિ કરતો પત્ર મળ્યો. ઘડીનો યે વિલંબ કર્યા વગર તે ઝાંસી ઊપડ્યો અને ત્યાંની અંગ્રેજ સેનાને બરાબર ભીંસમાં લીધી પણ પોતાના નવા સૈન્યની કાયરતાને કારણે તાત્યાને પીછેહઠ કરીને કાલ્પી પાછા ફરવું પડ્યું. ને પાછળથી ઝાંસીની રાણી પણ કાલ્પી આવી પહોંચી. આમ એ વખતે સત્તાવનના સ્વાતંત્ર્ય યુદ્ધના સમર્થ નેતાઓ–નાનાસાહેબ, બાંદાનો નવાબ, તાત્યા ટોપે, લક્ષ્મીબાઈ, બાળાસાહેબ ઇત્યાદિ કાલ્પીમાં ભેગા મળ્યા. પરંતુ આ સૌમાં યુદ્ધ-સંચાલનમાં સૌથી વધુ યોગ્યતા ધરાવતી માત્ર બે જ વ્યક્તિઓ હતી: મહારાણી લક્ષ્મીબાઈ ને તાત્યા ટોપે. પણ લક્ષ્મીબાઇને અબળા ગણીને તેની વાત કોઇએ ધ્યાન ધરી નહિ; ને તાત્યા ટોપેનો જન્મ સામાન્ય કુટુંબમાં થએલો. તેની સલાહ ઉચ્ચ કુળમાં જન્મેલા બુદ્ધિ-શાળી(?) નબીરાઓ કેમ માને? પરિણામે હ્યૂ રોઝ કાલ્પી પર ચડી આવ્યો કે થોડા જ વખતમાં કાલ્પી પણ પડયુ. આમ, વિપ્લવકારી-ઓનું છેલ્લું મજબૂત કેન્દ્ર હાથથી જવાથી તેમને માટે કોઇ સ્થાન રહ્યું નહિ. ને હવે શું કરવું એ પ્રશ્ન સૌ નેતાઓ આગળ આવી ઊભો.

પાસે નથી પૂરા સૈનિકો ને નથી કોઇ સાધનસામગ્રી કે કોઈ મજબૂત કિલ્લો. છતાં પણ તાત્યા ટોપે હિંમત હાર્યો નહિ. કાલ્પી-થી ગુપ્તરીતે જ તે ગ્વાલિયર પહોંચ્યો અને ત્યાંના સૈન્યને ફોડીને પોતાના પક્ષમાં લઇ લીધું. આથી જેવો મહારાણી લક્ષ્મીબાઇએ ગ્વાલિયર પર હુમલો કર્યો કે તરત જ સિંધિયાનું સૈન્ય તેને મળી ગયું ને ગ્વાલિયરનો મોટો કિલ્લો ક્રાંતિકારીઓના હાથમાં આવ્યો. આમ તાત્યા ટોપે તથા મહારાણી લક્ષ્મીબાઇએ ફરીવાર વિપ્લવનું મજબૂત કેન્દ્ર પ્રસ્થાપિત કર્યું. આ અદ્‌ભુત કાર્યને લીધે અંગ્રેજો ખૂબ ગભરાયા અને ગ્વાલિયરને જીતી લેવા હ્યૂ રોઝ ચડી આવ્યો. કાલ્પીની જ પુનરાવૃત્તિ અહીં પણ થઈ. ઝાંસીની રાણી તથા તાત્યા ટોપેનું ફરી કોઇએ સાંભળ્યું નહિ પરિણામે ક્રાંતિકારીઓની છેલ્લી અને ભૂંડી હાર થઈ, ઝાંસીની રાણીનું મૃત્યુ થયું, નાનાસાહેબ તથા બાલાસાહેબ ગુમ થયા. અને રાવસાહેબ પેશ્વા, બાંદાના નવાબ તથા રહીસહી સેના સાથે તાત્યા ટોપે ૧૮૫૮ના જૂનની ૨૦ મીએ ગ્વાલિયરને છેલ્લી સલામ કરીને ચાલી નીકળ્યો.

હવે પરિસ્થિતિ તદ્દન પલટાઈ ગઈ હતી. સમસ્ત હિંદમાં વિપ્લવનું જોર ઘણું જ નરમ પડી ગયું હતું. દિલ્હી, લખનૌ, કાનપુર, કાલ્પી અને ગ્વાલિયર એ બધાં જ મજબૂત મથકો અંગ્રેજોને હાથ પડયાં હતાં. ઠેરઠેર વિજયી અંગ્રેજ સૈન્યો ક્રાંતિકારીઓને વીણીવીણીને સાફ કરતા હતા. 'બળવાખોરો'ને શરણે આવવાનો આદેશ આપતો રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો પણ બહાર પડી ચૂક્યો હતો અને આમેર પરિસ્થિતિ તદ્દન નિરાશાજનક હતી. છતાં તાત્યા ટોપે તો અંગ્રેજો સામે આખર સુધી લડવાના નિશ્ચયમાં અડગ હતો. પોતાની પાસે ગણનાપાત્ર સૈન્ય કે સાધનસામગ્રી નથી અને ક્યાંયથી મળવાની આશા પણ નથી, ને પોતાના જમણા હાથ સમી 'ઝાંસીવાલી રાની' ચાલી ગઇ છે, એવા નૈરાશ્યભર્યા કાળમાં પણ શરણે જવાનો વિચાર માત્ર તાત્યા માટે અસહ્ય હતો. આવા કપરા કાળમાં જે કુશળતાથી તથા હિંમતથી તાત્યાએ દસ માસ સુધી સતત યુદ્ધ આપ્યું તેમાં જ તાત્યા ટોપેનું સાચું ખમીર ઝળકી ઊઠયું.

બાકી રહેલા સૈન્ય સાથે હવે તાત્યા ટોપે તથા રાવસાહેબ આદિ નેતાઓ સાર-મથુરા આગળ ભેગા થયા ને હવે પછી યુદ્ધ કેવી રીતે કરવું તેનો વિચાર કરવા બેઠા. હવેનું યુદ્ધ ત્રણ સિદ્ધાંતો પર ચલાવવાનો તેમણે નિર્ણય કર્યો. એક તો એ, કે બને ત્યાં સુધી અંગ્રેજ સેના સામે ખુલ્લા મેદાનમાં લડાઈમાં ન ઊતરવું; બીજું, ગેરિલા પદ્ધતિનું



સંપૂર્ણરીતે અવલંબન કરવું; અને ત્રીજું. યુદ્ધ માટે જોઇતી રસદ, પૈસા તથા સૈનિકો માટે માર્ગમાં જે દેશી રાજ્ય આવે તેની પાસેથી ઉઘરાણું કરવું. મધ્ય હિંદમાં તો દેશી રાજ્યો ડગલે ને પગલે આવેલાં છે. તેમની પાસે પૈસા તથા સાધનસામગ્રી ભરપૂર હોવા છતાં તેમણે સત્તાવનના સંગ્રામમાં તટસ્થતા સ્વીકારી હતી તેમની પ્રજા તથા સેના પણ સ્વાધીનતાના સંગ્રામમાં જોડાવાની તરફેણમાં હોવા છતાં માત્ર રાજાઓ જ પોતાના વ્યક્તિગત સ્વાર્થને કારણે તેમાં જોડાયા નહોતા. આવા દેશદ્રોહી રાજાઓ પાસેથી તાત્યાએ બળજબરીથી, સાધનસામગ્રી મેળવવાનો નિશ્ચય કર્યો.

આ યોજના કરીને તાત્યાએ નર્મદા ઓળંગીને દક્ષિણમાં વિપ્લવ-ની જ્વાળા ફેલાવવાનું વિચાર્યું ને પોતાની સર્વ વ્યૂહરચના એ દૃષ્ટિથી ગોઠવવા લાગ્યો. પણ નર્મદા ઓળંગવી એ કંઇ રમતવાત નહોતી. અંગ્રેજોએ ગમે તે ભોગે તાત્યાને નર્મદા ન ઓળંગવા દેવાનો નિશ્ચય હતો કર્યો ને મોટમોટા અંગ્રેજ મહારથીઓ તેને નર્મદા તરફ જતો રોકવા કટિબદ્ધ થએલા હતા (અનુ પૃ. ૩૬૯મે)

નાઈલ.... અને તેનાં પ્રાચીન સંતાનો

[હિંદુસ્તાનથી યુરોપ જતાં ત્રણ વિદ્યાર્થીઓ પોર્ટ સૈયદ ઊતરી ત્રણ રોજ માટે ઇજિપ્ત જોવા નીકળ્યા છે. નાઇલ નદીમાં એક હોડીમાં ત્રણે બેઠેલા નજરે પડે છે. રસૂલ એક પુસ્તક વાંચતો જણાય છે. રમેશ તથા રૂસ્તમ વાતો કરતા દેખાય છે.]

રમેશ: (રસૂલને સંબોધી) અઈ પ્રોફેસર! હવે છોડને ખ્યાલ એ ચોપડીનો! શું વાંચે છે એમાં?

રસૂલ: નાઈલની કહાણી સાંભળો. નાઈલ ઇજિપ્ત યાને મિસરની જીવનદોરી. હજારો વર્ષના મિસરનાં લોહી અને આંસુના ઇતિહાસનું દર્શન નાઈલનાં નીરમાં થાય છે. મિસરનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે,—પાંચ સાત હજાર વર્ષ ઉપરનો. ત્યારથી તે આજ સુધીના ઇતિહાસમાં એક બાબત મોખરે છે તે એ, કે મિસર એટલે નાઈલની ભોમ અને મિસરી એટલે કિસાન. મિસરના અનેક સારાનરસા રાજવંશો ગયા, ક્ષણભંગુર જાહોજલાલીઓ ગઈ, પણ તેની જમીન અને તેનો કિસાન ચાંદાસૂરજ સમાં આજ પણ મોજૂદ રહ્યાં છે. એ બધો પ્રતાપ નાઈલ નદીનો છે.

રમેશ: તે, એ બધું જોતો નથી બે આંખથી? ચોપડીએ એમાં શું નવું કહ્યું? છોડ ચોપડી.

રૂસ્તમ: અઈ રમેસ! તું લૂલી બંધ કર. પ્રોફેસર છો વાંચતો. વાંચે રાખ દીકરા રસૂલ.

રમેશ: ઠીક ભાઈ ઠીક. વાંચે રાખ પંતુજી, વાંચે રાખ. તારી સાથે ઝીકાયા છીએ તે તું મિસરનાં ઇતિહાસ–ભૂગોળ અમારા કાને અફાળ્યા વગર ઓછો જ જંપવાનો છે!


રસૂલ: એમ ચીડા નહિ દોસ્ત. ખરેખર ગમ્મત પડે તેવું છે. જો સાંભળ. સાંભળ્યા પછી કંઈક જુદું જ લાગશે. ઇજિપ્તના પ્રાચીન કવિઓ ઇજિપ્તને 'રક્ત ભોમ' કહેતા, કારણકે થાકયું બાળક સાંજે માતાની ગોદમાં લપાય તેમ થાકયો સૂરજ સંધ્યાએ ધરતીની ગોદમાં લપાતો અને પ્રેમાળ માતાના મોં ઉપર જેમ રક્ત વર્ણની લાલી છવાય તેમ ઇજિપ્તની રેતાળ ભોમ રક્ત બની રહેતી. પણ 'રક્ત ભોમ' તો કવિઓએ આપેલું નામ. કિસાન તો ઇજિપ્તને 'કાળી ધરતી' કહેતો.

રમેશ: કવિઓને તો કાવ્ય કર્યાં પાલવે. તેમને કયાંથી ખ્યાલ હોય કે માનવીની પહેલી જરૂર ખોરાકની અને તેથી કાળી ધરતી તે ખરી ધરતી?

રૂસ્તમ: દીકરી રમેસ! તું ટાપસી બંધ કરસે? વચ્ચે તારું ભેજું ન ચલાવ, પ્રોફેસર વાંચે તે સાંભળ. પ્રોફેસર! આગળ ચલાવ દીકરી!

રસૂલ: આ કાળી, કાંપવાળી, ફળદ્રુપ ધરતીનું કારણ નાઈલ નદી. એ વગર ઇજિપ્તનો ઇતિહાસ જ થયો ન હોત. અને નાઈલ એટલે મિસરના શરીરની ધોરી નસ. મિસરનાં શહેરો, મિસરની જાહોજલાલી, મિસરનો સમગ્ર ઇતિહાસ એટલે નાઈલની જ કહાણી.

રમેશ: હવે કંઈ બીજું છે? હું અહીં ઇતિહાસ ભૂગોળ સાંભળવા નથી આવ્યો. કંઈ ગમ્મત પડે તેવું કાઢને!



આફ્રિકાના પૂર્વોત્તર પ્રદેશને પરિપ્લાવિત કરતી નીલ–નાઈલ નદી મિસર દેશની જીવાદોરી સમી છે. આફ્રિકાના ઈશાન વિભાગમાં આવેલા ચાર હજાર માઈલના વિરાટ અને વેરાન મહારણમાં સર્પાકારે અને ગૌરવગતિએ વહેતી, અને જગતના મહા નદોની આગલી હરોળમાં આવતી એ નદીએ સીંચેલા ને સમૃદ્ધ કરેલા તટપ્રદેશ પર જ મિસરની પ્રાચીનતમ સંસ્કૃતિ જન્મી અને જીવી; અને આજે પણ મિસરની પોષક માતા એ જ છે. આ ઉપરના નકશામાં મિસરની પુરાતન સંસ્કૃતિના બધા મુખ્ય અવશેષો નીલના તટ પર કયાં કયાં પડેલા છે એ બતાવ્યું છે. ઍલેકઝાન્ડ્રિયાથી આસ્વાનના બંધ સુધી નીલને તીરે તીરે સળંગ રેલવે લાઇન ચાલી આવે છે, ને તેની અઢાર કલાકની સફરમાં, બંને બાજુના કિનારા પર, તાડનાં ઝુંડથી ભાતગળ બનેલા પાંચપાંચ માઇલ સુધી પથરાએલા ખેતીના હરિયાળા પટમાં, વચ્ચેવચ્ચે આવતા એ મહાન અવશેષો મિસરના ભવ્ય ભૂતકાળનો વિષાદમય રોમાંચ કરાવી જાય છે.

રસૂલ: આવે છે, ધીરજ રાખ. હજારો વર્ષ અગાઉની વાત છે. પૃથ્વી પર ત્યારે ઍટલૅન્ટિસ નામનો એક જંગી ખંડ જેવડો બેટ હતો. આજે તો ઘૂઘવતા મહાસાગરનાં પાણી એના ઉપર ફરી વળ્યાં છે. તે ખંડમાંથી એક પ્રજાએ મિસર ઉપર ચડાઈ કરી અને ત્યાંની જંગલી પ્રજાને હાંકી કાઢીને મિસર જીત્યું. પરંતુ ત્યારે મિસર તો એક ઘોર અરણ્ય હતું. વિજેતાઓએ તે અરણ્ય કાપ્યું અને નાઇલની

કાળી, કાંપવાળી રસાળ ભોમમાં ઈજિપ્તની ભાવી ઉન્નતિનાં બીજ રોપ્યાં તથા વસવાટ શરૂ કર્યો. પછી તો ઊંટ આવ્યાં, ઘેટાં આવ્યાં, બકરાં આવ્યાં અને મિસરમાં સંસ્કૃતિનાં પગરણ મંડાયાં. ખેતીવાડી અને ખેડૂતના ખભા ઉપર ઉન્નતિની ઈમારત ઊભી થઈ. રાજવંશ શરૂ થયા, હાથી-ઘોડા અને મહેલો–મહોલાતો ઊભરાયાં. કાયદા થયા, કરવેરા નંખાયા, લશ્કરી અને મુલ્કી ખાતાંઓ જન્મ્યાં, અને.........કારખાનાં પણ થયાં. આમ મીંડામાંથી એકડો થયો અને એકડામાંથી અસંખ્યનું ઉભરાણ થયું. જાણે કોઇ સમર્થ યોગીએ કોઈ માયાવી સૃષ્ટિ ખડી ન કરી હોય! એ સમયના મિસરના મિસરીઓ કેવા હશે? આજે તો તે બધા કાળનો કોળિયો થઇ ગયા છે. માત્ર તેમની કલ્પના કરવાના આધારરૂપ તેમનાં બાંધકામો અને 'મમી'.........

રમેશ: મમી? કોની મમી? રૂસ્તમની?

રૂસ્તમ: પાછો બકી ઊઠયો? આય તારું મોં સીવી લેવસ.

રસૂલ: મમી એટલે પેટીઓમાં સંઘરેલાં શબો. મિસરના એ ઈતિહાસનો મોટો ભાગ એનાં આ મમીઓ સાથે વણાએલો છે. મૃત દેહને મિસરીઓ બહુ પવિત્ર માનતા, એટલું જ નહિ પરંતુ એ દેહમાં ફરીને જીવનો સંચાર થવાનો છે એવું માનીને એમાં સુગંધીદાર મસાલાઓ ઠાંસીને સુંદર પેટીઓમાં સાવચેતીથી દફનાવતા. તાજૂબીની વાત છે કે એ મુરદાંઓ આજ હજારો વર્ષ પછી પણ આપણે જોઈ શકીએ તેમ સચવાઇ રહ્યાં છે. જોકે એમનાં માંસ, મજ્જા ઈત્યાદિ કાળાં થઈ ગયાં હોય છે

રમેશ: આવું આવું સાંભળીને તો ભાઇ હવે કંટાળો આવે છે. આવા પંતુજીવેડા જ એ ચોપડીમાં આવે છે કે કોઈ કહાણી બહાણી છે?

રસૂલ: ઉતાવળો થા મા. લે હવે એક કહાણી જ આવે છે, સાંભળ. એક હતો ઈજિપ્તના દેવળનો પૂજારી. મિસરમાં પૂજારીઓ વૈદું પણ કરતા, એટલે આ પૂજારી દાકતરી પણ કરતો. તે ઉદાર વિચારો ધરાવતો અને જ્ઞાનનો શોખીન હતો. મનુષ્ય-શરીરમાં શી શી અજાયબીઓ હશે તે જાણવાની અને તાલાવેલી થઇ. અને એ તો મુરદું ચીરીને જ જાણી શકાય. પણ એ તો અશકય વાત. કેમકે મિસરમાં મુરદું અત્યંત પવિત્ર મનાતું અને તેમાં મસાલા ભરનાર જાતિ સિવાય તેને બીજું કોઈ ચીરી શકતું નહિ. કરવું શું? એણે એક યુક્તિ શોધી. મુરદાંઓને ચીરીને તેમાં મસાલા ભરનાર એક અસ્પૃશ્યને તેણે સાધ્યો. મુરદાં ચૂંથનાર આ વર્ગને ઇજિપ્તમાં અસ્પૃશ્યો કરતાં પણ નીચી કોટિના ગણવામાં આવતા. એ લોકો જ મુરદાંને અડી શકતા, ભોંયરાંઓમાં લઈ જઈ ચીરીને તેમાં મસાલા ભરતા અને પછી કપડાં-લત્તામાં વીંટી પેટીમાં મૂકતા. એમનું કામ પત્યા પછી ભોંયરાંમાંથી તે બહાર આવતા એટલે લોકો તેમના ઉપર ફિટકાર વરસાવતા, ગાળો દેતા ને કાંકરા પણ મારતા. એક આ જાતિ સિવાય મુરદાંનું જ્ઞાન કોઇને નહોતું. અને તેથી જ મિસરી દાક્તરોનું મનુષ્યદેહનું જ્ઞાન ઘણું જ મર્યાદિત હતું.

વારુ. આવો એક અસ્પૃશ્ય પેલા પૂજારી-દાકતરે સાધ્યો હવે તમે એ પૂજારી અને અસ્પૃશ્યની વચ્ચેનો વાર્તાલાપ સાંભળો:

પૂજારી: અલ્યા આમ આવ.

અસ્પૃશ્ય: આવ્યો બાપજી.

પૂજારી: તારી દીકરીને કેમ છે?

અસ્પૃશ્ય: હજી તાવ ધીકે છે, બાપજી.

પૂજારી: મટાડવું છે?

અસ્પૃશ્ય: હોવે બાપજી. પણ અમારા ઢેડનું કોણ બેલી?

પૂજારી: હું મટાડીશ. પણ તારે એક કામ કરવાનું.

અસ્પૃશ્ય: પગે પડું બાપજીને, કહો તે કરું.

પૂજારી: સાંભળ. પણ આ વાત જો ત્રીજે કાને ગઈ છે તો તારી ને તારી ઓલાદને મંત્રથી બાળીને ભસ્મ કરી નાખીશ.

અસ્પૃશ્ય: વચન છે બાપજી.

પૂજારી: તારી પાસે નીચે મુરદું છે?

અસ્પૃશ્ય: બે છે, બાપજી.

પૂજારી: એક મુરદામાંથી હૃદય કાઢી મને આપી જા.

અસ્પૃશ્ય: ઓ મારા બાપ! દેવ રૂઠે તો, બાપજી?

પૂજારી: બકવાટ કરે છે કે નાપાક?! દેવનો તો હું પૂજારી છું. જા! નીકર તારી દીકરીને મંત્રથી મારી નાખીશ. જા...આ...આ...

અસ્પૃશ્ય: ખમા કરો બાપજી. આ હીંડયો. હમણાં લઇ આવું.

અને એ અસ્પૃશ્ય ભોંયરામાં ગયો. એના દિલમાં આનંદ હતો કે દીકરીને હવે બાપજી મટાડી દેશે. ભોંયરામાં બે શબ પડયાં હતાં. એક યુવાન નર્તકીનું હતું. બીજું હતું એક ખંધા અમલદારનું. નર્તકીના શબને તે અધઘડી જોઇ રહ્યો અને પછી બોલ્યો: 'બીચારી દુઃખિયણ અબળા! જીવતાં તો દુઃખી હતી જ. તેને હવે મૂએ શીદ વધારે દુઃખી કરવી? ના, ના. બાઈ! તારું દિલ તો હું નહિ કાઢું. સૂઇ રહે સુખે.(હસીને) જોકે તેં તો અનેકનાં દિલ ચોરેલાં, હોં કે!' પછી તે પેલા ખંધા અમલદારના શબ તરફ હસીને બોલ્યો: 'માળા હરામખોર! અનેકનાં લોહી તેં જીવતા પીધાં. હરામી! દોરદમામથી તિરમારખાંની માફક જીવતાં તું ઘૂમતો તો!' હવે કેવો ગરીબ ઘેટાની માફક પડયો છે! લાવ તને જ ચીરું. અને ઘેટાને તો ઘેટાનું જ હૃદય હોય.' એટલું બોલીને અમલદારનું હૃદય ચીરીને તેણે કાઢી લીધું અને ઘેટાનું હૃદય તેને ઠેકાણે મૂકી દીધું.

(રસૂલ અટકે છે. રમેશ અને રૂસ્તમ તલ્લીન થઈ ગયા છે.)

રમેશ: વાહ વાહ, કહાણી તો અજબ છે!

રૂસ્તમ: વન્સ મોર દીકરા રસૂલ, વન્સ મોર!

રસૂલ: નહિ, વન્સ મોર નહિ: પણ એવી જ એક બીજી કહાણી કહું, જ વધારે કરુણ છે. સાંભળો.

પ્રાચીન ઈજિપ્તમાં વર્ગભેદ ઘણો હતો. એક વખત કોઇ એક ઉમરાવની સુંદર કન્યા ગુજરી ગઈ. તેનું શબ ચીરનારની પાસે ભોંયરામા આણવામાં આવ્યું. ચીરનારો યુવાન હતો. યુવતીના શબ ઉપરની ચાદર ખસેડતાં જ યુવતીનું અપ્રતિમ લાવણ્ય જોઈ તે ચકિત થઈ ગયો. જીવતાં તો જેના છાંયો પણ દુર્લભ, એવી ખાનદાન યુવતીને મૃત્યુ બાદ મળવાનો આ લ્હાવો સાંપડયાથી તેને કંઇનું કંઈ થઈ ગયું. હૃદયમાં પ્રેમની ધારાઓ ફૂટી. આવા સુંદર શરીર પર પોતે શું ચીરો મૂકવો? એની સુંદર શરીર માંસપેશીઓમાં શું તીણી કટાર ભોંકવી? આ સુંદરી શું મૃત્યુ પામેલી હશે? ના ના. એ ફક્ત મૂર્છિત હશે અથવા તો ગાઢ નિદ્રામાં સ્વપ્નસૃષ્ટિમાં વિચરતી હશે. આવાઆવા તરંગો તેના યુવાન હૃદયમાં આવ્યા અને પ્રેમના આવેશે તે વિવશ બની ગયો. યુવતીના સુંદર હોઠ ઉપર હોઠ મૂકી તેણે ચુંબન કર્યું–ના કર્યું, ત્યાં તો ચીરનારાઓનો મુકાદમ આવી ચઢયો અને તેને ધિઃક્કારથી તથા ક્રોધથી બરાડા પાડીપાડીને ધમકાવવા માંડયો. અનેક માણસો ભોંયરામાં ધસી આવ્યા અને ખૂબ કોલાહલ મચ્યો. પેલો યુવાન તો કોઈ અગમ્ય ભાવસમાધિમાં જાણે ડૂબી ગયો હોય એવી રીતે યુવતીના મૃતદેહને જોતો બેસી રહ્યો. ટોળામાંથી 'દુષ્ટ! ચાંડાલ! મારો એ નરાધમને' એવી ઘોર ગર્જનાઓ થઈ. અને થઈ રહ્યું. બીજે દિવસે સવારે લાકડા સાથે એને સજ્જડ

જકડી બાંધીને જીવતો બાળી નાખવામાં આવ્યો. બાળતાં પહેલાં એણે એટલું જ કહ્યું કે 'મારા શરીરને બાળનારા તમે મારી ભાવનાને બાળી શકવાના નથી. બાળો, જલદી બાળો, કે જેથી મારો આત્મા મારી પ્રેમમૂર્તિમાં અંતર્લીન થાય' (રસૂલ અટકે છે રમેશ અને રુસ્તમ સાંભળવામાં ગરકાવ બની બેસી રહ્યા છે.) કેમ બિરાદરો, શું વિચારો છો?

રુસ્તમ: આય મારી જાતને પેલા જવાન ચીરનારા સાથે આઈ-ડેન્ટીફાય કરતો હતો ને આય બેજાંગેપને પેલા મુકાડમ સાથે.

રમેશ: તે દીકરા, તું જકડાએલો છૂટ્યો કેવી રીતે?

રુસ્તમ: કાંય? આય રસૂલે છોડાવી. થેંક્યુ રસૂલ. નીકર આપણે તો બાવા આજ બાળીને ખાખ થઈ જતે. રસૂલ, બેટાજાન, કાંય બીજી સોજ્જી વાત બાત છે કે મુરદે મુરદાંજ સંઘરિયાં છે?

રસૂલ: બેશક. સાંભળો હવે મિસરની જાહોજલાલીના જમણા હાથ જેવો કિસાન યાદ કરીએ. એ કિસાન બીચારો લશ્કરમાં ભરતી કરતો અને વળી કોઇ ક્રૂર ફરાહના (મિસરના રાજાના) મહેલ-મંદિર કે પીરામીડના બાંધકામ વખતે સિપાહીઓના સાટકા ખાઇ પેટ સાટે વેઠે પણ જતો. એનું ખેતર કાંતો રાજવીની, જમીન-દારની કે દેવસ્થાનની મિલકત હતું; એટલે કે જમીનની માલિકી એની નહોતી. કરવેરા અને બીજા વેરાઓ ભર્યા પછી એની પાસે એનું તથા એના કુટુંબનું પેટ ભરવા જેટલું કંઈ રહેતું કે કેમ તેની વિગતો કોઇ તવારીખકારોએ આપી નથી. શરીરથી એ જીવતો રહે એટલું જ. સ્વભાવે તે ભોળો, ભલો અને આકરો હશે. મનુષ્ય-સ્વભાવ તો હજારો વર્ષમાં એનો એ જ રહ્યો છે. એના ઉદાહરણ રૂપે એક વાત કહું.

રમેશ: થેંક્યુ પ્રોફેસર. મને તો લાગ્યું કે આ પાછા તેં પંતુજી-વેડા શરૂ કર્યા. પણ આ તો પ્રસ્તાવના હશે. વારુ ચાલ, વાત ચલાવ.

રસૂલ: બે કિસાન ભાઇઓ હતા. મોટાનું નામ અનપ્પુ, નાનાનું નામ બિટ્ટુ. અનપ્પુ પરણેલો હતો. બિટ્ટુ કહ્યાગરો, સીધો અને મહેનતુ હતો. મોટાભાઇની તથા ભાભીની આજ્ઞામાં રહેતો અને એમને ઘેર રહી રોટલો ખાતો. ખેતરમાં તે ખૂબ જ મહેનત કરતો ઉપરાંત ઘરનું ઘણું કામ કરતો. વાવેતરનો વખત થયો એટલે અનપ્પુએ બિટ્ટુને કહ્યું. 'બિટ્ટુ, નાઇલે ભોમ ધોઈ છે ને કાંપ છલોછલ પથરાઈ ગયો છે. જલ્દી હળ ફેરવ' બિટ્ટુએ ખેડવા માંડયું અને અનપ્પુએ પણ મદદ કરવા માંડી. ચાર રોજ સુધી ભાઇઓએ ધરતી ખેડી. પછી મોટા ભાઈએ કહ્યું, 'બિટ્ટુ, ઘેર જા ને બી લઈ આવ' અને બિટ્ટુ ગયો. ઘેર ભાભી બેઠી હતી. ભાભીના હૃદયમાં બિટ્ટુ તરફ પ્રેમ હતો. અનપ્પુ કરતાં બિટ્ટુ વધારે યુવાન ને વધારે દેખાવડો હતો. મૂળ તો ભાભીને તો બિટ્ટુ સાથે લગ્ન કરવું હતું; પણ મોટા ભાઈ પહેલા, એ ન્યાયે તેનું લગ્ન અનપ્પુ સાથે થયું હતું.

'દીઅરજી કયાંથી એકલા?'

'બી લેવા આવ્યો છું ભાભી. બી આપો'

'બેસો તો ખરા થાકયાપાકયા છો.'

'ના જલદી કરો. મોટાભાઇ ખોટી થાય છે.'

'છો થાય.' એટલું કહી ભાભીએ બિટ્ટુનો હાથ પકડયો. બિટ્ટુને એ ગમ્યું નહિ અને ભાભીનો હાથ તેણે તરછોડી દીધો. ભાભી સમજી ગઇ કે દીઅર પોતાનો નહિ થાય. ને પોતે ભોંઠી પડી એટલે એના હૃદયમાં વેરવૃત્તિ પ્રજવળી. એને થયું કે પોતે જેની આગળ હલકી પડી તેનો ઘાટ ઘડી નાખવો. બી લઇને બિટ્ટુ તો ચાલતો થયો.

સાંજે અનપ્પુ ઘેર આવ્યો. હરામખોર પત્નીએ સ્ત્રી-ચરિત્ર શરૂ કર્યું. અનપ્પુને એણે દીઅર માટે બનાવટી વાત કરી.

'તમારા ભાઈએ મારી લાજ લીધી.'

'હેં!'

'હા. મારા પર હાથ નાખ્યો. તેણે બેવફા થવા કહ્યું.'

'ના, ના; બિટ્ટુ એવું કરે જ નહિ.'

'અરે, તમે માનો છો તેવા એ નથી.'

'ચૂપ કર!'

'દૂધ પાઇને સાપ ઉછેર્યો છે.'

'ચૂપ કર.'

'મેં આંખ ફેરવી એટલે મને માર માર્યો.'

થઈ રહ્યું. ભોળો અનપ્પુ સળગી ઊઠયો. ક્રોધમાંથી વેર જન્મ્યું. સાંજે ઢોર ચરાવીને બિટ્ટુ ઘેર આવ્યો ત્યારે બારણામાં મોટા ભાઇને કટાર લઇને ઊભેલો જોયો. બિટ્ટુ તરત સમજી ગયો કે ભાભીનું કારસ્તાન છે. તે નાઠો અને અનપ્પુ તેની પાછળ પડયો. આગળ બિટ્ટુ અને પાછળ અનપ્પુ એમ દોટ ચાલ્યા જ કરી. બિટ્ટુ બહુ થાકી ગયો અને હતાશ થઇને તેણે 'રા' નામના મિસરી દેવની પ્રાર્થના કરી: 'હે દેવ! સત્યને અસત્યથી બચાવજે.' દેવે બિટ્ટુની પ્રાર્થના સાંભળી. બંને ભાઇઓની વચ્ચેની ધરતી આંખના પલકારામાં ફાટી અને એક મોટી નદીએ પૂર જોસમાં વહેવા માંડયું. આમ, એક કિનારે અનપ્પુ અને બીજે કિનારે બિટ્ટુ ઊભા રહ્યા.

'ભાઈ! સાંજ પડી ગઈ છે. પહો ફાટે ત્યાં સુધી ત્યાં જ રહો. હું અહીં જ રહીશ ને મળસ્કે સાચી વાત કહીશ અને જાણજો કે હવે તમારા ઘરમાં કે ગામમાં બિટ્ટુ પગ નહિ મૂકે' બિટ્ટુએ સાદ કર્યો.

બંને ભાઇઓ સામસામા કિનારે સૂઈ ગયા. રાતનાં અંધારાં મળસ્કાના સૂરજે ધોયાં એટલે બિટ્ટુએ સાદ કર્યો.

'ભાઈ! તમે બાપની જગાએ હતા. ભાભી મા હતાં. તમે ન માનવાનું માની લઈ મારું ખૂન કરવા દોડયા! હે 'રા' દેવ! મેં ભાભી સામે ઊંચી આંખ પણ નથી કરી તેના તમે સાક્ષી છો.'

એટલું કહી બિટ્ટુએ કટાર કાઢી અને પોતાનો જમણો હાથ કાપી નાખ્યો અને નદીમાં નાખી દીધો. જખમી બિટ્ટુ બીચારો ધરણી પર ઢળી પડયો અને એના પ્રાણ નીકળી ગયા. 'રા' દેવે બિટ્ટુના શબ ઉપર હાથ મૂકયો અને બિટ્ટુનો આત્મા સ્વર્ગે ગયો. અનપ્પુએ કલ્પાંત કર્યું. તે ઘેર આવ્યો અને પત્નીના શરીરના કટકે કટકા કરી નાંખ્યા અને કૂતરાને નાખ્યા. પ્રાયશ્ચિત્તના આવેશમાં તેણે કટાર કાઢી અને પોતાના દુઃખી હૃદયમાં ભોંકી દીધી સૂર્યાસ્ત થયો. સૂર્યોદય થયો. અનપ્પુ અને બિટ્ટુ વગર ખેડાએલી ધરતી સૂની પડી. છેવટે નાઈલનાં પાણી તેના પર ફરી વળ્યાં. (રસૂલ અટકે છે.)

રમેશ: રુસ્તમજી, આ આપણા પ્રોફેસર તો રોવડાવવા બેઠા છે.

રુસ્તમ: રસૂલ, આજે તેં મુરદાંઓની મોનોપોલી લીધી છ કે?

રસૂલ: કેમ, ન ગમી?

રુસ્તમ: નહિ રે, સોજ્જી હુતી પરંતુ આમાં બી તેં ત્રણ મુરદાં ઢાલવીઆં.

રમેશ: ભાઈ, જેમાં મુરદું નહિ હોય તેવી કંઈ કહેના.

રુસ્તમ: ને હું લગાર મારી જાતને 'આયડેન્ટીફાય' કરું તેવો 'હીરો' લાવજે. મરેરે, આમાં બી બિટ્ટુ બનિયો તો હાથ કાપવો પડિયો.

રમેશ: મને સું કીધો?

રુસ્તમ: તુંને? તુંને ભાભી કીધો. દ કાંય ઓછે દગલબાજ છે? આ રસૂલે, તારા માટીડાએ, બદનસીબ ટુકરે ટુકરા કીધા

રસૂલ: સાંભળો સાભળો, એક બીજી અજાયબ કહાણી કહું.

રુસ્તમ: તો બોલની બા. પણ મુરદું (અનુસંધાન પૃ. ૩૯૨ મે)

વૈજ્ઞાનિક શક્યતાઓ પર રચાએલી એક વધુ કલ્પનાકથા

રસાયણામૃત



મને તો સ્વપ્ને ય ખ્યાલ નહિ કે મારો પ્રયોગ આટલો કરુણાંત નીવડશે. આજે હું સંપૂર્ણતઃ નીરોગી હોવા છતાં અમાપ રોગથી પીડાઇ રહ્યો છું.

હયોને હું મૂળથી માંડીને જ વાત કરું છું એમ બી. બી. એસ. ના બીજા વર્ષમાં આવ્યો ત્યારથી મારા મનમાં એક ધૂન ભરાઈ ગએલી કે આયુર્વેદની દવાઓ જગતોત્તમ છે. મારી છેલ્લી ડૉક્ટરી પરીક્ષા મોખરે રહીને મેં પાસ કરી, પણ મારી એ ધૂન તો હજી કાયમ જ હતી ઘરનો સંપન્ન હોવાથી મારે પ્રૅક્ટિસની ખાસ જરૂર ન હતી. એટલે મેં ફર્માસ્યુટિકલ (દવાઓ બનાવવાનો) અભ્યાસ આગળ શરૂ કર્યો અને એમાં પણ હું પહેલા નંબરે ઉત્તીર્ણ થયો.

પછી મેં અમદાવાદની પાસે આવેલા મેદરા ગામમાં મારા પોતાના જ ઘરમાં એક પ્રયોગશાળા બનાવી લીધી. મેદરા સ્ટેશન હોવાથી જરૂરી સાધનો ખરીદવા માટે શહેરમાં સરળતાથી જઈ શકાતું

હું મારો પ્રયોગ વર્ણવું તે પહેલાં મારી એક માન્યતા જણાવી દઉં. હું માનું છું કે આ વિશ્વમાં 'સજીવ' ને 'નિર્જીવ' એવા બે વિભાગો છે જ નહિ, પણ એકેએક ભૌતિક તત્ત્વ સજીવ જ છે. અલબત્ત, એ સજીવતામાં પ્રમાણભેદ ખરો. આપણે જેને 'રોગ' કહીએ છીએ એ માત્ર આપણા દેહમાં રસાયણોના અમુક પ્રમાણમાં થતી વિકૃતિ સિવાય બીજું કાંઈ નથી આ વિકૃતિ કાં તો બહારનાં કોઈ કારણોથી થતી હોય અગર કોઇ આંતર્ કારણોને આભારી હોય એટલે મારે એવું રસાયણ શોધવું હતું કે જે વડે માણસના શરીરમાં કોઇ પણ જાતની વિકૃતિ ન થતાં એ સાપેક્ષ અમરત્વ ભોગવે.

મેં શરૂઆત કરી કડવા લીમડાથી. આ વૃક્ષની અંતરછાલ, ફૂલાં પાંદડાં, ફળ, ગળો અને મૂળના અમુક પ્રમાણબદ્ધ મિશ્રણનું મેં યંત્રોની મદદથી બારીક ચૂર્ણ બનાવ્યું અને એ ચૂર્ણનું પછી સત્ત્વ ખેંચ્યું. આ રીતે મેં મારી નક્કી કરી રાખેલી અનેક વનસ્પતિઓનાં ચૂર્ણસત્ત્વો બનાવ્યાં. તમને રસ પડતો હોય તો એમાંની થોડીક ગણાવું: આમળાં, હરડે, ગોખરૂ, ખાખરો, એખરો, મરડૂસી, બકુલ-પુષ્પપાંદડીઓ, એવી અનેક ગુણધર્મવાળી વનસ્પતિઓનાં મેં ચૂર્ણ-સત્ત્વો તૈયાર કરેલાં. પણ પછી આ ચૂર્ણસત્ત્વોને ભેગાં કરીને મારે તેને એકત્વ આપવું હતું તે એકત્વ એ કેમે કરીને ન પામ્યાં—એટલે કે રસાયણની ભાષામાં એ સત્ત્વોમાંથી (Chemical Compound–કેમિકલ કૉમ્પાઉન્ડ) ન બન્યું. એમને ઉકાળવાથી માંડીને મેં અનેક પ્રકારના પ્રયોગો કર્યા, પણ હું નિષ્ફળ ગયો.

આ નિષ્ફળતાથી હું બહુ મુંઝાયો, પણ પ્રયોગપ્રયત્નો તો ચાલુ જ રહ્યા. હવે મેં ઉપરના સત્ત્વમિશ્રણ માટે તેના પ્રવાહીમાં જુદા-જુદા છોડોના રસ નાખવા માંડ્યા. એક વખત અકસ્માત એક તદ્દન અજ્ઞાત એવા છોડનો રસ નાખતાં સાતમે દિવસે એ મિશ્રણ ઉપર ઊબ વળી. તમે જાણો જ છો કે ઊબ એ તો જંતુઓનો થર હોય છે. એ જંતુઓમાં જીવ હોય છે, એટલેકે એ જીવંત રસાયણ-તત્ત્વ હોય છે. એનું ઉત્પત્તિસ્થાન હોય છે પેલું મિશ્રણ. એટલે મારો નિશ્ચય થયો કે મારા એ મિશ્રણનું રાસાયનિક એકત્વ પામેલું તત્ત્વ એ ઊબના જંતુઓમાં હોવું જ જોઇએ. આ સિદ્ધાંત ઉપર મેં એ ઊબમાંથી એક જીવંત ક્ષાર બનાવી લીધો.

આ ક્ષારની શી અસર થાય છે એ જોવા માટે મેં થોડાંક લંબ-ચોરસ વાસણો તૈયાર કરાવ્યાં. આ વાસણોના ચાર ખૂણે ચાર ખીલા રાખ્યા હતા. એવા એક વાસણમાં પાણી ભરી મેં એમાં ક્ષયરોગનાં જંતુઓ નાખ્યા. પછી મારા ક્ષારના પ્રવાહીમાં કાચની એક પાતળી સળી બોળીને તે એક ખીલા પર સહેજ વાર ધરી રાખી. સળી પરની દવા ખીલાવાટે જ્યાં પાણીને સ્પર્શી કે તરત જ ખીલાની આસપાસ એક કુંડાળું થઈ ગયું. આનો અર્થ એ થયો કે એટલા કુંડાળા જેટલા વિસ્તારનાં જંતુઓ આ દવાથી નાશ પામ્યાં. એ પ્રમાણે બીજા ખીલાઓ પર પ્રયોગો કરતાં પણ એવું જ પરિણામ આવ્યું. મારા હર્ષનો પાર ન રહ્યો. મેં ક્ષયરોગનાશક દવા શોધી હતી.

એ પછી તો મેં જુદાજુદા રોગોના જંતુઓનાં કલ્ચર જુદીજુદી સંસ્થાઓમાંથી મંગાવી એના પર પ્રયોગો કરી જોયા અને સાશ્ચર્ય મારી ખાતરી થતી ગઇ કે દુનિયામાં જેટલા રોગો છે એ બધા જ રોગોનો નાશ કરે એવી 'સર્વજ્ઞાતરોગનિવારક અગદ' મેં શોધી છે. એ પછી જુદાંજુદાં પ્રાણીઓ પર તેના અખતરા કરીને દરેક રોગનો નાશ કરવા માટેનું દવાનું પ્રમાણ પણ નક્કી કરી લીધું.

આ અંકના પહેલા પાનાની સામેની જાહેરાત ઉપર ગ્રાહકોનું ધ્યાન ખેંચીએ છીએ.

હવે રહી માનવ દેહ પર પ્રયોગ કરવાની વાત. આના માટે મેં મારા પોતાના ઉપર જ પ્રયોગ કર્યો, અને પહેલો પ્રયોગ થતાંવેંત જ એક સુખદ કંપ સાથે મને અનુભવ થયો કે કોઇ નવું જ જીવન જાણે મારાં અંગાંગને સ્ફૂરણ આપી રહ્યું છે. પછી આખા દિવસની મહેનતને પરિણામે મને જે શ્રમ લાગતો તે પણ તે સાંજે ન જણાયો. આનો અર્થ એ કે પરિશ્રમને અંતે આપણા અંગોમાં જે રાસાયનિક વિકૃતિ જમા થાય છે તેનો આ દવાએ નાશ કર્યો. આથી ઉત્સાહિત થઇને મેં મારી જાત પરના પ્રયોગો દિવસો સુધી જારી રાખ્યા.

એક દિવસ વિશેષ અખતરા દાખલ મેં બમણી દવા લીધી. સામાન્ય રીતે તો કોઈપણ કિસ્સામાં પ્રમાણથી વધારે દવા પીવાતાં

કંઈક નુકસાન થાય છે; પણ આમાં તેથી ઉલટું થયું. મને જાણે બમણી તાઝગી મળી હોય એમ લાગ્યું. આથી ઉત્તેજિત થઈ મેં દવાનું પ્રમાણ વધાર્યે જ રાખ્યું. છેવટે હું પચ્ચાસગણી દવા પીતો થયો.

પરિણામે મારે કોઇપણ કાર્ય કરવામાં પચ્ચાસમા ભાગની શક્તિ જ ખરચવી પડતી. દાખલા તરીકે એક ડગલું ભરવામાં મારે પહેલાં જે શક્તિ વાપરવી પડતી તેટલી હવે નહોતી વપરાતી એમ મને અનુભવે લાગતું. એક દિવસ એ દવા પીને મારી પ્રયોગશાળામાં હું કામ કરતો હતો. એવામાં નોકરે કોઇ કામમાં સહેજ ભૂલ કરી. મેં પહેલાંના જેટલા જ જોરથી નોકરને ધોલ મારવા હાથ ઉગામ્યો. પણ નોકર ચાલાક, એટલે એ સહેજ ખસી ગયો અને હું ભોંયભેગો થયો. એ પેલી પચ્ચાસગણી ઉત્તેજનાશક્તિનું પરિણામ હતું! નોકરને જો એ ધોલ વાગી હોત તો તેના કદાચ રામ રમી ગયા હોત એમ મને લાગ્યું; એ ખસી ગયો એટલે એ પચાસગણી શકિતના પરચાનો ભોગ હું બન્યો. આ અનુભવ પછી દવા લીધા બાદ શારિરીક શક્તિ વાપરતાં મારે ભારે વિચાર કરવો પડતો.

મારી બુદ્ધિની બાબતમાં પણ એમ જ બન્યું. આપણી બુદ્ધિ એ તો આપણા માનસયંત્ર (આપણા મગજ)નો ઉપયોગ કરવાની શક્તિ જ છે. મારૂં શરીરયંત્ર વિકસતાં મગજ પણ વિકસવા લાગ્યું. કોઈભારે અટપટા ને અઘરા સવાલનો નિવેડો આણતાં પ્રખર બુદ્ધિવાળાને યે જ્યાં મિનિટો લાગતી ત્યાં મારે વિપળો જ બસ થતી.

અહીં મારે અટકવું જોઈતું હતું. પણ પ્રયોગનો અંતિમ તાગ મેળવ્યા વિના અટકે એ વિજ્ઞાની નહિ. મેં હજી પણ દવા વધાર્યે જ રાખી. અંતે દવાની સો ગણી માત્રાની સીમા ઓળગતાં મારે પછી દવા પીવાની યે જરૂર ન રહી;—એટલે કે એટલી દવા પીતાં મારા શરીરમાં થએલી અસર સદાને માટે મારા શરીરમાં ટકી ગઈ.

એ સો ગણી માત્રાની સીમા ઓળંગવાની ભૂલ થયા પછી મારી એક બીજી પણ ભૂલ થઈ. સામાન્યરીતે દવાનો મારા અંગ ઉપર પ્રયોગ કર્યા પછી હું બહાર નીકળતો ન હતો. પણ એ પછી એક દિવસ કામ પ્રસગે મારે અમદાવાદ જવું થયું. ત્યાં એક અત્યન્ત કૃશ, રોગિષ્ટ બાઇને સ્ટેશન પર ભીખ માગતી જોઇને હું એકાએક બેભાન થઈ નીચે પડ્યો!

કેમકે મારી પ્રત્યેક શકિત વધવા સાથે મારૂં ઊર્મિલત્વ પણ વધ્યું હતું. પેલી બાઇને જોતાં મારાં હૈયામાં સો સો ગણી ઝડપે સો સો ગણાં કરુણાનાં મોજાં ઊછળ્યાં. પરિણામે હું બેભાન થયો. પછી તો મારા મગજમાં એવા જ વિચારો આવવા લાગ્યા; દુ:ખના, દર્દના અને વિટંબનાના. આખા જગતનાં દુ:ખોના પ્રત્યાઘાતો જાણે મારા હૃદયમાં પડવા લાગ્યા. માનવ હૃદયમાં આવા વિચારે સામાન્યતઃ જે દુ:ખ ઉદ્ભવે તેના કરતાં સો ગણું દુ:ખ હું અનુભવવા લાગ્યો.

એ જ રીતે દુનિયાનાં સત્ અને અસત્ વલણોનું, પ્રપથગામી અને વિપથગામી વિચારોનું મારા મનમાં કેટલી યે વાર પ્રચંડ ઘર્ષણ થાય છે. ઘર્ષણ શૂન્યમાં પરિણમે છે. ત્યારે હું ઘડીઓની ઘડીઓ સુધી મનોવ્યાપાર વિના શાંત બનીને પડી રહું છું, અકારણ રડી રહું છું; અને જો કારણ હોય તો વજ્રહૃદયી માફક શૂનમૂન બની જાઉં છું. મારે મન અત્યારે દિવસ ને રાત સરખાં છે.

અસીમ ઊર્મિલતાને લીધે પરિણમતા મારા મનની સ્થિતિ કેટલીક વાર તો શબ્દાતીત બની રહે છે. હું માનવમાત્રને જોઉં છું અને એના વદન પર લખાએલાં મનોદુ:ખ મારા મનોયંત્ર પર એની જાણ વિના અસર કરે છે માનવનાં સર્વ રોગ દુ:ખનો ભંજક બનવા વાંછનાર મને, માનવ હમણાં દીઠો પણ ગમતો નથી.

આજે મેં, મારા જ મકાનમાં, મારી જાતે જ, મારી જાતને કેદ કરી છે. જગતનાં અસીમ દુ:ખથી હું એટલો પરિક્લિષ્ટ થયો છું કે હું મારા એ રસાયણામૃતની ફૉર્મ્યુલા પણ ભૂલી ગયો છું. અત્યારે તો ફરી એ જ આયુર્વેદની મદદથી આ રસાયણનો ઉતાર હું શોધી રહ્યો છું. હું જ્યાં છું ત્યાં મને જોવા કોઇ આવશો નહિ. આવશો તો ઉતાર નહિ હોવાથી હું તો મરીશ, પણ સાથે પેલી ફૉર્મ્યુલા મરતાં'સર્વરોગનિવારક' દવા પણ મરશે. **કાલિદાસ જાદવ**

કલાદૃષ્ટિની કસોટી

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની લેખમાળા 'ચિત્રપરિચય'ને અનુસાર.

કલકત્તા યુનિવર્સિટીની મટ્રિકની પરીક્ષાનો પ્રશ્નપત્ર : ૧૯૪૨ : બાજુમાં લખેલા આંકડા માર્કની સંખ્યા સૂચવે છે.

વિભાગ ૧ : ક્રિયાત્મક

(૧) સામેની બે આકૃતિઓ પૈકી ગમે તે એક આકૃતિ તેના મૂળ માપ કરતાં બેવડા કદની દોરો. ૨૦

(૨) તમે જોઇ હોય અગર બેસતા હો એવી કોઈ ખુરશી કે આસન સ્મૃતિથી ચીતરો. ૨૦

અથવા

તમે જોએલું કાનનું કર્ણ-ફૂલ કે હાથનું કંકણ સ્મૃતિથી ચીતરો. ૨૦

વિભાગ ૨ : વિવેચનાત્મક


(૩) તમારા નગરમાં કયું મકાન સૌથી શ્રેષ્ઠ છે? તમારા જ શબ્દોમાં તેનું વર્ણન લખો. ૧૦

અથવા

બંગાળના 'આઠ-ચાલા'ને તમે સ્થાપત્યના નમૂના રૂપ ગણો કે નહિ? તમારા ઉત્તરને સમજાવતાં કારણો આપો. ૧૦

(૪) સારા સ્થાપત્યનિર્માણનાં જરૂરી લક્ષણ કયાં? ૧૦





(૫) સારા ચિત્રનાં આવશ્યક લક્ષણો શાં? ૧૦

(૬) નીચે આપેલા ચિત્રને તમે સારૂં કહેશો કે નરસું? તમારો જવાબ કારણો સહિત આપો. ૧૦



અથવા

તમે જોએલું સૌથી શ્રેષ્ઠ હિંદી કલમનું ચિત્ર કયું? તમારા પોતાના જ શબ્દોમાં તેનું વર્ણન આપો. ૧૦

અથવા

નીચે આપેલાં બે પૈકી કોઈ પણ એક ચિત્રનું તમારા પોતાના જ શબ્દોમાં વર્ણન કરો. તેમાં દોષ શા શા છે? ૧૦






(૭) સારા શિલ્પનાં આવશ્યક લક્ષણો કયાં ? ૧૦

અથવા

સામેની કૉલમની ઉપલી આકૃતિને તમે શિલ્પાકૃતિ કહેશો ? કારણો સહિત તમારો ઉત્તર લખો. ૧૦





(૮) ઉપરની આકૃતિ તમારા પોતાના જ શબ્દોમાં વર્ણવો. ૧૦

અથવા

સામેની નીચલી આકૃતિ તમને ગમે છે? ન ગમતી હોય તો શાથી? તેનાં કારણો દર્શાવી જવાબ લખો. ૧૦



તમારી બુદ્ધિની કસોટી કરતા કેટલાક પ્રશ્નો નીચે આપ્યા છે. કસોટી તેના જવાબો તમે શોધી ન શકો તો પૃ. ૩૫૮ ઉપર આપ્યા છે.

(૧) કનુ પગપાળા પ્રવાસે નીકળ્યો. પહેલે દિવસે ઉત્સાહમાં તેણે અમુક માઇલ કાપી નાખ્યા. બીજે દિવસે થાકને કારણે પહેલા દિવસ કરતાં તે એક માઇલ ઓછું ચાલ્યો. ત્રીજે દિવસે વળી બીજા દિવસ કરતાં યે એક માઈલ ઓછું ચાલ્યો અને ચોથે દિવસે પણ ત્રીજા દિવસ કરતાં એક માઈલ ઓછું ચાલ્યો. એટલે અંતરે આવ્યા પછી તે ઘર ભણી તે જ રસ્તે પાછો ફર્યો. તે દિવસે તે ચોથા દિવસે જેટલું ચાલ્યો હતો તેના કરતાં એક માઇલ ઓછું ચાલ્યો અને દરેક દિવસ થાકને કારણે તે આગલા દિવસ કરતાં એક માઈલ ઓછું ચાલવાનું રાખવાને કારણે પાંચ દિવસ પૂરાં થયે ઘેર પહોંચ્યો. તો તેણે કેટલા માઈલની મુસાફરી કરી હશે ?

(૨) પ્રિયકાંત ને રમેશ એ શરતે શેતરંજ રમવા બેઠા કે જે હારે તેણે ૧ રૂપિયો આપવો. જ્યારે તેઓ રમી ઊઠ્યા ત્યારે પ્રિયકાંત ૩ વખત જીત્યો હતો પણ તેને રમેશને ૭ રૂપિયા આપવાના બાકી હતા. તો તેઓ કેટલી વખત શેતરંજ રમ્યા હશે તે તમે કહી શકશો ?

(૩) જગતમાં જે કેટલીક મહાન શોધો થઈ છે તે આપણા રોજિંદા વપરાશની ચીજો તથા વસ્તુઓ પરથી જ વૈજ્ઞાનિકોને સૂઝી હતી. નીચે એવી કેટલીક વસ્તુઓનાં નામ તથા તેની સામે તેના પરથી યા તેની મદદથી મહત્ત્વની શોધ કરનાર વૈજ્ઞાનિકોનાં નામ સેળભેળ આપ્યાં છે. તમે તે બરાબર ગોઠવી શકશો? તથા તેમણે કઇ મહત્ત્વની શોધ કરેલી તે જણાવી શકશો?

૧ પતંગ	ક એડવર્ડ જેનર
૨ સફરજન	ખ જેમ્સ વૉટ
૩ દૂધવાળી	ગ ગ્રેગર મેન્ડેલ
૪ કીટલી	ઘ ઈવાન પાવલોવ.
૫ નહાવાનું ટબ	ચ ગૅલ્વાની
૬ પીસાનો ઢળતો મિનારો	છ આઇઝેક ન્યૂટન
૭ ભૂખ્યો કુતરો	જ બેન્જામિન ફ્રાંકલિન
૮ દેડકાનો પગ	ઝ ગૅલીલિયો
૯ વટાણા (Pea)ની વાડી	ટ આર્કિમીડિસ

(૪) સામાન્યજ્ઞાનના પ્રશ્નો: (ક) વ્હેલ માછલીનું આયુષ્ય કેટલું હોય છે? (ખ) શરીરમાં લોહીની ફરવાની ઝડપ કેટલી ? (ગ) સંયુક્ત રાષ્ટ્રસંઘ-UNO માં કેટલાં રાષ્ટ્રો સભ્ય તરીકે છે? (ઘ) આપણાં ઘરનાં છાપરાં બે બાજુ ઢળતાં શાથી હોય છે? સપાટ કેમ નહિ? (ચ) ઘડિયાળ વધુમાં વધુ કેટલું આગળ જઈ શકે યા પાછળ પડી શકે? (છ) ચારમાંથી ચાર બાદ કરીએ તો આઠ રહે એવો કોઇક અજબ દાખલો તમે જાણો છો? (જ) ઇંગ્લંડની વસતિ વધારે કે જાપાનની? (ઝ) ઇંગ્લંડ કેટલા ટાપુઓનો બનેલો છે? (ટ) વીજળી જેમ નીચે પડે છે તેમ ઉપર પણ જઈ શકે ખરી? (ઠ) કલાકે ૬૦માઈલની ઝડપે દોડતી આગગાડીના પૈડાનું પાટા પર દબાણ વધારે હોય છે કે કલાકે ૩૦માઈલની ઝડપે દોડતી આગગાડીનું?

સ્મરણશક્તિ

સફળ જીવનનું અણમોલ સાધન

સારી સ્મરણશક્તિ મનુષ્યનું શ્રેષ્ઠ ભૂષણ છે. તેને લીધે માણસનું વ્યક્તિત્વ સોળે કળાએ દીપી ઉઠે છે.

સ્મરણશક્તિ ખરેખર શું છે અને કેવી રીતે કાર્ય કરે છે તે હજુ કોઈ જાણી શક્યું નથી. કેટલાક કહે છે કે તે એક અતિસૂક્ષ્મ માનસિક ક્રિયા (Subtle Psychological Process) છે; જ્યારે બીજા કહે છે કે તે ઇન્દ્રિય અને મન વડે ચૈતન્યમાં થએલા વિશિષ્ટ સંસ્કાર છે. આ સંસ્કારો જેટલા બળથી જેવા સંજોગોમાં પડ્યા હોય તેટલા પ્રમાણમાં તે લાંબા કે ટૂંકા કાળ લગી ટકે છે; તે એટલે સુધી કે બીજા જન્મ સુધી પણ તે ટકી શકે છે!

કેટલાક લોકોની સ્મરણશક્તિ ઘણી સારી હોય છે, જ્યારે કેટલાકની ખૂબ મંદ હોય છે. તેનું કારણ શું? કેટલીક બાબતો આપણને બરાબર યાદ રહી જાય છે, જ્યારે કેટલીક આપણે સમૂળગી ભૂલી જઇએ છીએ. આનું પણ શું કારણ?

આપણે ચોક્કસ જાતના વિચારો, ઈચ્છાઓ, માન્યતાઓ અને પૂર્વગ્રહો ધરાવતા હોઇએ છીએ. આ સર્વનું વલણ આપણી સ્મરણશક્તિ પર અસર કરતું હોય છે. જે બાબતો આપણા આ માનસિક વિચારોના વર્તુલમાં બંધબેસતી હોય છે તે આપણને સહેલાઇથી યાદ રહી જાય છે, અને જેનો મેળ મળતો નથી તે ભૂલી જવાય છે.

જે પ્રસંગો આપણને અપ્રિય હોય છે તે પણ આપણે ભૂલી જઇએ છીએ. તેથી ઉલટું સુખદાયક પ્રસંગો, વિજયો આપણને સહેલાઇથી યાદ રહી જાય છે. વળી આપણે એ પણ જોઇએ છીએ કે ગણિતના સિદ્ધાંતો બિલકુલ યાદ ન રાખી શકનાર વિદ્યાર્થી કેટલીય ક્રિકેટ મૅચોના સ્કોર સહેલાઇથી મોઢે રાખી શકે છે. જ્યારે મોટામોટા સિદ્ધાંતો સહેલાઈથી યાદ રાખનાર પ્રોફેસર નાનીનાની ઘરગથ્થુ બાબતો ભૂલી જતો હોય છે. આનું કારણ એ છે કે આપણને રસ પડતી બાબતો આપણને સહેલાઇથી યાદ રહી જાય છે.

સ્મરણશક્તિની બાબતમાં આપણે ઘણી ખોટી માન્યતાઓ ધરાવીએ છીએ. કેટલાક એમ માને છે કે જેમ વધુ માહિતી પોતાના મગજમાં ભરી હશે તેમ બીજી કોઈ બાબતો યાદ રાખવી અઘરી થઈ પડશે. પણ માનસશાસ્ત્રે એ બતાવી આપ્યું છે કે જેમ આપણે વધારે બાબતો જાણતા હોઇએ છીએ તેમ બીજું વધુ જ્ઞાન મેળવવું વધારે સહેલું બને છે. વળી બીજા કેટલાક લોકોની એવી માન્યતા છે કે અમુક એક હદ પછી વધારાની કોઈ વાત યાદ રાખીએ તો તેના બદલામાં બીજી કોઈ વાત ભૂલી જઇએ. પરંતુ આ માન્યતા પણ તદ્દન નાપાયાદાર છે. વિજ્ઞાનની શોધ પ્રમાણે તો મનુષ્યની સ્મરણશક્તિને કોઈ હદ કે મર્યાદા જ નથી. મનુષ્ય કોઈ પણ નવો અનુભવ કે નવી માહિતી શીખે તો તે બાબત તેના અજાગૃત (unconscious) મગજ પર વિના વિલંબે કોતરાઇ જ જાય છે. માત્ર તેને ફરીથી યાદ કરવાની આપણી પદ્ધતિમાં દોષ હશે તો જ તે વાત આપણને યાદ નહિ આવે. એક ઠોઠ નિશાળીઆને માસ્તર ખૂબ મહેનત લઈ સર્વ પાઠ શીખવતા. પણ તે વિદ્યાર્થીને કંઇ યાદ જ રહેતું નહિ. પણ એક દિવસ તે વિદ્યાર્થી સખત માંદો પડ્યો અને બેભાન બની ગયો. તે બેભાન અવસ્થામાં માસ્તરે શીખવેલા સર્વ પાઠ કડકડાટ બોલવા લાગ્યો! આ વસ્તુ જ બતાવે છે કે તે વિદ્યાર્થીના મગજમાં તે જે શીખ્યો હતો તેની છાપ તો હતી જ, માત્ર તેને ફરીથી યાદ કરવાની તેની શક્તિમાં દોષ હતો.

સ્મરણશક્તિ સુધારી શકાય કે નહિ? એવો પ્રશ્ન સ્વાભાવિક-રીતે ઘણાને થશે. તો તેનો જવાબ એ છે કે પ્રયત્નથી સ્મરણશક્તિ જરૂર સુધારી શકાય, પણ તેને માટે ધીરજ અને ખંતની જરૂર જો નીચે લખેલી બાબતો ધ્યાનમાં રાખવામાં આવે તો તમારી સ્મરણ-શક્તિ સુધરતાં વાર ન લાગે.

(૧) સ્મરણશક્તિ કેળવવામાં પ્રથમ સ્થાન એકાગ્રતાને આપવું પડશે. એકાગ્રતાપૂર્વક વાંચેલી કે સાંભળેલી વસ્તુ આપણને તરત યાદ રહી જાય છે. આંખ અને મન બન્નેનો એકીસાથે ઉપયોગ કરતાં આપણે શીખવું જોઇએ. પુસ્તક વાંચતી વખતે જો આપણું મન જ બીજે ભટકતું હોય તો વાંચેલું આપણને કેવી રીતે યાદ રહી શકે?

(૨) જે વાંચો તે સમજપૂર્વક વાંચો. જે વસ્તુ યાદ રાખવાની હોય તેને વિષે સ્પષ્ટ કલ્પના તમારા મનમાં હોવી જોઇએ. અસ્પષ્ટ વિચારો કે પ્રસંગો તમે કેવી રીતે યાદ રાખી શકો? રસ્કિને એક ઠેકાણે કહ્યું છે કે જ્ઞાન અને અજ્ઞાન એ બે વચ્ચે તફાવત ફક્ત સ્પષ્ટ-પણાનો છે. આ જ ઉક્તિ સારી અને નરસી સ્મરણશકિતને પણ લાગુ પડે છે. સ્મરણશકિત સુધારવા ઈચ્છનારે દરેક બાબતમાં સ્પષ્ટતા તથા ચોકસાઈ કેળવવાં જોઇએ.

(૩) જે વસ્તુ આપણે સમજપૂર્વક વાંચી હોય તેને આપણા મનમાં બરાબર ગોઠવવી જોઇએ. જેમ ગણિતમાં આંકડાઓ ૧,૨, ૩,૪,૫...એમ બરોબર ક્રમથી ગોઠવેલા હોય છે તેમ સમજેલી વસ્તુને બરોબર ગોઠવતાં આવડવી જોઇએ. આપણા મગજનાં જુદાં-જુદાં ખાનાં કલ્પીને યોગ્ય ઠેકાણે જો આપણે મૂકતા જઈશું તો દરેક બાબત આપણને યાદ રહી જશે.


(૪) ઉપર આપણે જોયું કે જે બાબતોમાં આપણને ખૂબ રસ પડતો હોય છે તે આપણને સહેલાઇથી યાદ રહી જાય છે. આથી જ એક સટોડિયો હજારો શેરોના ભાવ મોઢે રાખી શકે છે. માટે આપણે વધારે વિષયોમાં વધારે રસ કેળવવો જોઇએ, જેથી ઘણી બાબતો આપણને સહેલાઇથી યાદ રહી જશે.

(૫) જેમનું પેટ સાફ હોતું નથી તેમની સ્મરણશક્તિ મંદ રહે છે. માટે કબજિયાત ન થવા દેવાની અને પેટ સાફ રાખવાની દરેકે ખાસ દરકાર રાખવી જોઇએ.

(૬) સ્મરણશક્તિ એ એક સ્નાયુ જેવી છે. જેમ સ્નાયુઓ (શરીર)ને કસરત આપવાથી તે વધે છે અને મજબૂત બને છે તેમ સ્મરણશક્તિ સુધારવા માટે પણ કસરતની આવશ્યકતા છે. એક તજ્જ્ઞે સ્મરણશક્તિની ચાર કસરતો શોધી કાઢી છે, જે રોજ ૧૫થી ૩૦ મિનિટ અત્યંત ધ્યાનપૂર્વક કરવામાં આવે તો થોડા જ વખતમાં સ્મરણશક્તિમાં આશ્ચર્યકારક ફરક પડશે: (અ) થોડીક મિનિટો સુધી તમારા વિચારોને ફાવે તેમ ભટકવા દો. પછી છેલ્લેથી તે —

બધા વિચારોને યાદ કરવા પ્રયત્ન કરો. દા. ત. તમે આકાશમાં ઊડતા કોઈ પંખીને જોયું. તેને જોતાં જ તમને તમે કરેલી વિમાનની મુસાફરી યાદ આવી. આથી જ્યાંથી તમે વિમાનની મુસાફરી કરેલી તે મુંબાઈ તમારી આંખ આગળ આવ્યું અને તરત જ ત્યાં રહેતો તમારો એક જિગરજાન દોસ્ત તમને યાદ આવી ગયો. આવતી કાલે બેસતું વર્ષ હોવાથી તેને એક અભિનંદન કાર્ડ મોકલવું જોઇએ એમ તમને લાગ્યું. તે પરથી એક દુકાને ઘણું સરસ અભિનંદન કાર્ડ તમારા જોવામાં આવ્યું હતું તે યાદ આવ્યું. પણ સાંજ થઇ ગઈ હોવાથી તે દુકાન બંધ થઈ ગઈ હશે એ વિચારે તમે નિરાશ થયા. હવે ઉલટા ક્રમમાં આ બધી બાબતો યાદ કરો: દુકાનથી શરૂ કરી, અભિનંદન કાર્ડ, બેસતું વર્ષ, મિત્ર, મુંબાઇ, વિમાનની મુસાફરી અને છેવટે પક્ષી સુધી બધી બાબતો યાદ કરવાનો પ્રયત્ન કરો. શરૂઆતમાં થોડી મુશ્કેલી નડશે; પણ તે વગર બીજો રસ્તો નથી. (ब) તમે સારી રીતે પરિચિત હો એવો કોઈ ઓરડો કે ખંડ તમારા માનસચક્ષુ આગળ ખડો કરો. પછી તેની દરેક નાનીમોટી વિગતો યાદ કરો. તેનાં બારીબારણાં, તેના સરસામાનની ગોઠવણી, દીવાલ પરનાં ચિત્રો ઈત્યાદિ દરેક વસ્તુ ક્યાં છે, કેવી રીતે આવેલી છે, તે બરાબર નક્કી કરો. પછી તમે ફરી તે ખંડમાં જાઓ, ત્યારે કઇ-કઈ વિગત તમે ભૂલી ગયા તે સરખાવી જુઓ. (क) ગયા છેલ્લા કલાકમાં તમે શું શું કર્યું, ક્યાં ક્યાં ગયા, શા શા વિચારો તમારા મનમાં આવ્યા વગેરે બાબતો ઝીણવટભરીરીતે યાદ કરો. જેટલી ચોકસાઈથી તે કરશો તેટલું વધુ સારું. (ड) ટ્રેન અગર બસમાં પાસે બેઠેલા કોઇ માણસનો ચહેરો ધ્યાનપૂર્વક જોઇ ઘેર કોઈ મિત્ર આગળ તેનું વર્ણન કરો. અથવા દિવસ દરમ્યાન કોની સાથે તમે શી વાત કરી તે સાંજના એક કાગળ પર લખો. વાંચેલી કોઈ વસ્તુઓ શ્લોકો તથા કવિતાઓને ફરી યાદ કરવાનો પ્રયત્ન કરો. આ ચાર પ્રકારની કસરતો કાળજીપૂર્વક રોજ થોડાંક અઠવાડિયાં સુધી કરશો તો તમારી સ્મરણશક્તિમાં ખૂબ મોટો ફેર પડશે અને નામ તથા ચહેરા યાદ કરવાની તમારી શક્તિ ખૂબ તેજ થશે.

સારી સ્મરણશક્તિ કેળવ્યા વગર કોઈ પણ મનુષ્ય સમાજમાં ઊંચે પદે પહોંચી શકતો નથી. જીવનની સફળતાનું એક અમોલું સાધન તીવ્ર સ્મરણશક્તિ છે.



સ્મરણશક્તિની કસોટી

તમારી સ્મરણશક્તિ કેટલી તીવ્ર છે તે ચકાસી જોવાની એક કસોટી આ સાથે આપી છે. જો તેનો યથાર્થરીતે અમલ થાય તો તમારી સ્મરણશક્તિનો ચોક્કસ તાગ તમે મેળવી શકશો.

એમાં પચીસ વસ્તુઓનાં ચિત્રો આપ્યાં છે. બે મિનિટ સુધી એકાગ્રતાથી તે બધાં જોઇને યાદ રાખવાનો બનતો પ્રયત્ન કરી લો. પછી 'કુમાર' બંધ કરી દઈ યાદ આવે તેટલી વસ્તુઓનાં નામ એક કાગળ પર લખી કાઢો. જો એ ૨૫ પૈકી ૧૫ વસ્તુઓનાં નામ તમે સાચાં લખી શકયા હો તો તમારી સ્મરણશક્તિ સારી ગણાય. જો ૨૦ વસ્તુઓનાં લખ્યાં હોય તો તમારી સ્મરણશક્તિ ઘણી જ તીવ્ર કહી શકાય. અને જો પચીસે વસ્તુઓનાં નામ તમે લખી શકો તો તો તમારી સ્મરણશક્તિને જોટો મળવો મુશ્કેલ છે. (કસોટીનો આ બ્લોક તથા તેનું લખાણ મરાઠી 'કિર્લોસ્કર' ઉપરથી)

કસોટીના જવાબો : (૧) ૧૮૦ માઇલ; પહેલે દિવસે ૨૪ માઇલ ચાલ્યો. (૨) ૧૩ વખત. (૩) ૧-જ, આકાશી વિદ્યુત વહન કરનારા તાર; ૨-છ, ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત; ૩-ક, રસી મુકાવાની શોધ; ૪-ખ, વરાળથી ચાલતા યંત્રની શોધ; ૫-ટ, વિશિષ્ટ ઘનતા શોધવાની રીત; ૬-ઞ, પડતા પદાર્થોની ગતિમાં થતા વધારાની શોધ; ૭-ઘ, 'રીફ્લેકસ ઍકશન'ની શોધ; ૮-ચ, વીજળિક બૅટરીની શોધ; ૯-ગ, આનુવંશિકતાના નિયમોની શોધ. (૪) (ક) લગભગ ૫૦૦ વર્ષ (ખ) કલાકના ૭ માઇલ (ગ) ૫૭ (ઘ) વરસાદનું પાણી નહી જાય તે માટે. જ્યાં વરસાદ બહુ ઓછો પડે છે (દા.ત સિંધ) ત્યાં છાપરાં સપાટ જ હોય છે. (ચ) ૬ કલાક– દા. ત. સાચો વખત ૧૨ હોય તો વધુમાં વધુ આગળ યા પાછળ ૬ કલાક હોઈ શકે. (છ) ચોખંડા કાગળના ૪ ખૂણા કાપી નાખતાં આઠ ખૂણા બને. (જ) જાપાનની. લગભગ બમણી. (ઞ) ૫૦૦૦. (ટ) હા. (ઠ) કલાકે ૬૦ માઈલની ઝડપે દોડતી આગગાડીનું.

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૧૬]

અભિનય

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

૩–વાચિકાભિનય

અભિનયનો ત્રીજો પ્રકાર તે વાચિકાભિનય. આ અભિનય વાણીદ્વારા દર્શાવવામાં આવે છે. પણ વાણીની ઉત્પત્તિ નાદને લીધે થાય છે શરીરમાં રહેલો વાયુ અનુક્રમે હૃદય, કંઠ ને શિર્ષમાં થઇને મુખદ્વારા ધ્વનિરૂપે પ્રગટ થાય છે, તેને નાદ કહે છે.

આ નાદના ત્રણ પ્રકાર છે: મંદ્ર, મધ્ય અને તાર. હૃદયમાંથી ઉત્પન્ન થતો નાદ તે મંદ્ર, કંઠમાંથી ઉત્પન્ન થતો મધ્ય, ને શિર્ષમાંથી નીકળતો તાર. દરેકનું ઉચ્ચારણ ઉત્તરોત્તર બમણા પ્રયત્નથી થાય છે આ દરેક પ્રકારના વળી 'સાધારણ' ને 'ઉચ્ચ' એમ બે વિભાગો છે. નાદના આ પ્રકારોનો વિનિયોગ આ પ્રમાણે કરવાનો કહ્યો છે:
મંદ્ર: કરુણમાં. મધ્ય: શૃંગાર તથા હાસ્યમાં. તાર: રૌદ્ર, વીર, ભયાનક અને અદ્ભુતમાં.

વળી પાસે ઊભેલા સાથે બોલવામાં મંદ્ર, સામાન્ય અંતરે ઊભેલા સાથે બોલવામાં મધ્ય અને દૂર ઊભેલા સાથે બોલવામાં તાર ધ્વનિની યોજના કરવી.

રસ અને ભાવને પ્રગટ કરનાર આ ધ્વનિના, પાછા તેના ઉચ્ચારણકાળ અનુસાર હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત એવા ત્રણ ભેદ છે. ઉચ્ચારણમાં એક માત્રા (એક સેકંડ) જેટલો સમય લેવામાં આવે તે હ્રસ્વ સ્વર; બે માત્રા જેટલો સમય લેવામાં આવે તે દીર્ઘ સ્વર અને ત્રણ માત્રા જેટલો સમય લેવામાં આવે તે પ્લુત સ્વર. સંજોગો (પ્રસંગ), પાત્રો અને અભિનય અનુસાર આ સ્વરોની યોજના કરવી. દાખલા તરીકે પાસે ઊભેલાને બોલાવવામાં હ્રસ્વ સ્વર યોજવો. જેમકે 'એય!' સામાન્ય અંતરે ઊભેલાને બોલાવવામાં દીર્ઘ સ્વર યોજવો, જેમકે 'એ...ય...!' દૂર ઊભેલાને બોલાવવામાં પ્લુત સ્વર યોજવો, જેમકે 'એ.......ય...... !' બાળકોના રડવા વગેરેમાં પણ પ્લુત સ્વર યોજવો, જેમકે 'ઍં......ઍં......ઍં...' આ જ પ્રમાણે પ્રચલિત લોક-આચાર અનુસાર અન્યમાં યોજના કરવી

વિરામભેદ: અભિનય અર્થની પણ અપેક્ષા રાખે છે; અને અર્થ બરાબર સ્ફૂટ થવા માટે વિરામની જરૂર છે. આથી અર્થ સમાપ્ત થતાં, વાક્યમાં વિરામ કરવામાં આવે છે. જેમકે અર્ધ-વિરામ, પૂર્ણવિરામ વગેરે. માટે પાત્રોએ સંવાદમાં વિરામની ખાસ કાળજી રાખવી અને વાક્યમાં અર્થ--દર્શક વિરામો કરવા, જેથી શ્રોતાઓ સહજરીતે વાક્યનો અર્થ સમજી શકે.

સંબોધન-પ્રકાર: નાટકમાં પોતાથી ઉત્તમ, સમાન અને હીન પાત્રોને મંદ્ર, મધ્ય અને તાર ધ્વનિથી, હ્રસ્વ, મધ્ય અને પ્લુત સ્વરોથી તથા ઉત્તમ, મધ્યમ ને હીન શબ્દો(સંબોધન)થી બોલાવવા.

આકાશાદિ વાણી: સાધારણ વાણી ઉપરાંત નાટકમાં આકાશાદિ વિવિધ વાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે: જેમકે, આકાશિક, આત્મગત, જનાન્તિક ઇત્યાદિ.

આકાશિક: આકાશમાંથી સંભળાતી ગેબી કે ઈશ્વરી વાણી. (પરોક્ષ રીતે પડદા પાછળથી બોલાતી.)

આત્મગત: પોતાનો મનોભાવ દર્શાવવા કોઇને ઉદ્દેશ્યા વગર એકલા-એકલા બોલવું તે.

જનાન્તિક: બાજુનો માણસ સાંભળી ન શકે તેમ. વાતનું ખાનગીપણું બતાવવા–કાનમાં વાત કરવી તે.

શૃંગાર, કરુણ, રૌદ્ર વગેરે રસ તેમજ વિવિધભાવ તથા અભિનયમાં તે તે રસ, ભાવ કે અભિનયને અનુકૂળ ભાષા યોજવી: જેમકે શૃંગાર રસમાં શૃંગારિક વર્ણનયુક્ત, લલિત મનોહારી વાણી યોજવી; કરુણમાં કરુણામય, દુ:ખથી દ્રવિત અને દીન વાણી યોજવી; રૌદ્રમાં ક્રોધિત, ઉગ્ર અને કઠોર વાણી યોજવી.

કૃષ્યાક્ષર: ભાવગત ને રસગત 'એ' 'ઐ' 'ઓ' 'ઔ' જેમાં રહેલા છે તેવા દીર્ઘ અક્ષરને કૃષ્ય કહે છે. તે ખેદ, પ્રશ્ન ને ક્રોધમાં યોજાય છે.


દ્વાદશ માર્ગ: જુદાંજુદાં નાટ્યશાસ્ત્રોમાં જુદાજુદા અભિનયાત્મક બાર અલંકારો આપવામાં આવેલા છે: (૧) આલાપ, (૨) પ્રલાપ, (૩) વિલાપ, (૪) અનુલાપ, (૫) સંલ્લાપ, (૬) અપલાપ, (૭) સંદેશ, (૮) અતિદેશ, (૯) આદેશ, (૧૦) નિર્દેશ, (૧૧) ઉપદેશ અને (૧૨) વ્યપદેશ.


આલાપ: બોલવું કે ભાષણ કરવું તે.
પ્રલાપ: અર્થ વગરનું બોલબોલ કર્યા કરવું તે.
વિલાપ: જેમાં શોકજન્ય દુ:ખનું નિરૂપણ હોય તે.
અનુલાપ: એકનું એક બહુ વાર બોલ્યા કરવું તે.
સંલ્લાપ: ઉક્તિયુક્ત ભાષણ કે વાતચીત કરવી તે.
અપલાપ: પહેલાં કહેલી વાતને અન્ય પ્રકારે કહેવી તે.
સંદેશ: 'તું આ વચન કહેજે' એવા પ્રકારનું કહેવું તે.
અતિદેશ: 'તેં જે કહ્યું તે જ મેં કહ્યું' એવા પ્રકારનું કહેવું તે.
આદેશ: 'મારું ફરમાન છે તેની મતલબનું કહેવું તે.
નિર્દેશ: કોઈ વસ્તુનો ઉલ્લેખ કરવો કે કશાનું સૂચન કરવું તે.
ઉપદેશ: બોધવચન કહેવા કે શિખામણ આપવી તે.
વ્યપદેશ: કોઈ વિષે બીજાને કહેવું કે નિંદા કરવી તે.

આ ઉપરાંત સંગીતરત્નાકર, સાહિત્યદર્પણ, ભાવપ્રકાશ, ભરતનાટ્યશાસ્ત્ર વગેરે અનેક નાટ્યગ્રન્થોમાં છ અંગ, છત્રીસ લક્ષણો, તેત્રીસ નાટ્યાલંકારો વગેરે વિભાગીકરણો અનુસાર બીજા અનેક અલંકારો આપ્યા છે. પરંતુ તેને નાટ્ય કરતાં સાહિત્ય સાથે વધુ સંબંધ હોવાથી અહીં તેમાંના થોડા સરળ અલંકારો જ જોઇશું:

અક્ષરસંઘાત: અલ્પ, ક્લિષ્ટ અને વિચિત્ર અર્થવાળા શબ્દોથી વર્ણન કરવું તે.
દૃષ્ટાંત: પોતાનું કહેવાનું વધુ સ્પષ્ટ રીતે સમજાવવા ઉદાહરણ આપવું તે.
પ્રાપ્તિ: સહેજ પણ અંશના આધારથી અલ્પ અનુમાન બાંધવું તે.
વિશેષણ: ઘણા અર્થોની ઉક્તિથી વિશેષતા બતાવવી તે.
ભ્રંશ: કુપિત થઇ બોલવાનું હોય ત્યાં અન્ય રીતે બોલી જવાય તે.
અનુનય: સ્નેહયુક્ત વાક્યથી અર્થ સાધવો તે. દાખલા તરીકે 'તારા જેવા વીરથી શું ન સંભવી શકે?' એમ કહેવું તે.
માલા: ઇચ્છિતની પ્રાપ્તિ માટે અનેક રીતે કાલાવાલા કરવા તે.
અર્થાપત્તિ: બીજા અર્થમાં—માર્મિકરીતે બોલવું તે.
ગર્હણ: દૂષણ કહીને ગાળદેવી તે. દાખલા તરીકે 'તારી પેઠે હું વિશ્વાસઘાતી નથી નાલાયક!' એવા વેણ કહેવાં તે.
ગુણકીર્તન: વખાણવાયોગ્ય ગુણોથી વર્ણન કરવું તે.
ઉત્પ્રાસન: અસાધુ છતાં પોતાને સાધુ માનનારની મશ્કરી કરવી તે.

(અનુસંધાન સામેના પાનાને છેડે)


બાલ્ટિક સમુદ્ર
ઑબરસીટઝકો
[સાયંતદેવના હિંદી સિક્કા]
પોલંડ
રોમ
(રોમા)
પોમ્પીઆઈ
[હિંદી હાથીદાંતનું કામ]
ઇટાલી
ડાન્યૂબ નદી
મૅસીડોનિયા
ઍન્ટીગૉન - ગોનાટસ
સિકંદર
કાળો સમુદ્ર
વોલ્ગા નદી
યુરલ નદી
કાસ્પિયન સમુદ્ર
સીર નદી
[વૈદિક દેવો]
સાઈરીન
મૅગાસ
(ઈ.પૂ. ૩૦૦-૨૫૮)
સમુદ્ર
ઍન્ટીઓક
સીરિયા
ઍલેક્ઝાન્ડ્રિયા
(અલસમદ)
[હિંદી કાપડ]
ટૉલેમી
ઇજિપ્ત
નાઈલ નદી
સેલ્યુસિયા
ઉર
સુસા
(સુષા)
અરબસ્તાન
રાતો સમુદ્ર
બુખારા
તાશ્કંદ
સમરકંદ
ખોકંદ
પામીર
કાશગર
યારકંદ
ખોતાન
બલ્ખ
[આરસની સૂર્યમૂર્તિ]
કાબુલ
પેશાવર
(પુરુષપુર)
તક્ષશિલા
સીસ્તાન
(શક-સ્થાન)
બોલન ઘાટ
મોહન-જો-ડેરો
હડપ્પા
દિલ્હી
ઉજ્જન
ઈરાની અખાત
બર્બરીકોન
સિંધુ
આદુલિસ
[ગુપ્તકાળની મુદ્રાસીલ]
મુઝિરિસ
એડન
ઍબીસિનિયા
અરબી સમુદ્ર
(રત્નાકર)
પૈઠણ
(પ્રતિષ્ઠાન)
કાવેરી
નાગપટ્ટમ
સીલોન
(સિંહલ)
હિંદી મહાસાગર
આફ્રિકા
વિક્ટોરિયા સરોવર
૨
પ્રાચીન જગત સાથે
હિંદનો સંસ્કૃતિસંબંધ
દર્શાવતો નકશો
દર્શનિકા:-
બીજા દેશોમાં મળી આવેલા ભારતીય અવશેષો: [હિંદી કાપડ]
ભારતીય સાહિત્યમાં મળી આવતા પ્રાચીન નામો: (પુરુષપુર)
પ્રાચીન આરૂઢ માર્ગો:
બીજા પ્રાચીન માર્ગો:
અશોકના શિલાલેખોમાં ઉલ્લેખાએલી રાજ્યો: (ઈ.પૂ. ૩૦૦-૨૫૮)
આર્કિઑલૉજિકલ સર્વે ઑવ ઈન્ડિયાના સૌજન્યથી



પ્રાચીન ભારતના સંસ્કૃતિસંબંધો

પ્રાચીન કાળમાં હિંદ જેટલો સંસ્કાર-સંપન્ન તથા વૈભવસમૃદ્ધ દેશ જગતની પીઠ પર બીજો એકે નહોતો એ વસ્તુ તો સર્વ ઇતિહાસકારોએ સ્વીકારી છે. માત્ર તેના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનને લીધે જ નહિ પણ અઢળક ભૌતિક સંપત્તિને લીધે જગતભરના બાદશાહો, વિજેતાઓ ને સાહસિકોના ચિરંતન આકર્ષણનું તે કેન્દ્ર બની રહ્યું હતું. એ જાહોજલાલીના કાળમાં હિંદના વેપારીઓ ને સાહસ-સફરીઓ વિવિધ દેશો સાથે સતત સંબંધમાં રહેતા એટલું જ નહિ પણ ઘણા અણખેડાએલા પછાત પ્રદેશોમાં તો સંસ્કૃતિના ગંડાણપણ હિંદના જ જ્યોતિર્ધરોએ કર્યા હતાં તે આજે પણ તે તે દેશોમાં મળી આવતા હિંદી કળાકારીગીરીના અવશેષો તથા ભારતીય સાહિત્યમાં મળી આવતા તે તે સ્થાનોનાં હિંદી નામોથી સાબિત થાય છે.

સાથેના નકશામાં બતાવ્યા પ્રમાણે મધ્ય એશિયાની આમુ નદીનું આપણું વાક્ષુ નદી નાગ, જાવાનું યવદ્વીપ, બોર્નિયોનું વરુણદ્વીપ વગેરે નામો આપણી સંસ્કૃતિનાં પગરણ કેટલે દૂર સુધી થએલાં તેનું ઉજ્જ્વલ ચિત્ર ખડું કરે છે. આજના સિંગાપુરનું મૂળ સિંહપુર, ફિલિપ્પાઈન્સનું મૂળ પણ્યુપાયન, ફાનરંગનું પાંડુરંગ વગેરે નામો સ્પષ્ટ દર્શાવે છે કે તે મૂળ આપણાં જ નામો પરથી આજના રૂપમાં ઊતરી આવેલાં છે.

અને દૂરદૂર મળી આવેલા હિંદની કલાકારીગીરીના અવશેષો તો હિંદના ઉજ્જ્વલ ભૂતકાળનાં સ્મારકો છે. કાબુલમાં મળી આવેલી આરસની સૂર્યમૂર્તિ, તુર્કસ્તાનમાં હિંદમાતાના ચિત્રવાળી ચાંદીની તાસક, ઇજિપ્તમાં હિંદી કાપડ, ને છેક પોલંડમાં મળી આવેલા સામંતદેવના સિક્કા આદિ અવશેષો માત્ર હિંદની અપ્રતિમ કળાકારીગીરીની જ નહિ પણ હિંદનો વ્યવહાર કેટકેટલે દૂર ચાલતો તેની પ્રતીતિ કરાવે છે. અસ્થિર અને કપરી મુસાફરીના તે કાળમાં પૃથ્વીની પીઠ પર એમણે કરેલી વ્યવહારમાર્ગોની ફૂલગૂંથણી, જે સાથેના નકશામાં બતાવી છે, તે જોતાં આપણા પૂર્વજોના ભગીરથ પુરુષાર્થ, દરિયાખેડની કુશળતા તથા દેશદેશાવર સુધી સંસ્કૃતિ પીઠો ઉઘાડવાની તમન્ના માટે પ્રશંસાયુક્ત આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

પ્રજા અને પોલીસ (પૃ. ૩૪૬થી ચાલુ)
તેવી પ્રજાએ પણ પોલીસ પ્રત્યેની પોતાની દૃષ્ટિમાં પરિવર્તન કરવાનું છે.

એનું પ્રથમ પગલું એકબીજાની સાચી ઓળખાણ કરી લેવાનું છે. પ્રજાને ઓળખવા માટે પોલીસને તેમની નવરાશ દરમિયાન પ્રજાની વિચારસરણીનું પ્રતિબિંબ પાડતાં છાપાં–સામયિકો તેમજ પ્રજાની ભાવનાઓનું દર્શન કરાવતાં પુસ્તકો વંચાવવાં જોઇએ. પોલીસ–ચોકીઓ કે હૉટેલોના અડ્ડામાંથી બહાર નીકળીને પ્રજાસમૂહમાં એકરસ બની જવાની એમને ટેવ પડાવવી જોઇએ. બીજી બાજુ, પ્રજાને પણ પોલીસની પૂરી પિછાન મળવી જોઇએ. પોતાના અધિકારોનું કંજુસની જેમ જતન કરતાં પ્રજાએ શીખવું પડશે. પોલીસના હાથમાં જેટલી સત્તા વધારે તેટલા પ્રજાના અધિકારો ઓછા, એ પાઠ બ્રિટિશ પ્રજા પાસેથી આપણે શીખવાનો છે.

આજે તો આપણે દારૂબંધી કરવી છે, હરિજન મંદિર–પ્રવેશ કરાવવો છે, બાળલગ્નો અટકાવવાં છે, પ્રાથમિક કેળવણી ફરજિયાત કરવી છે, શહેર-સફાઇ કરવી છે, સેંકડો સુધારાઓ આપણે કરી નાખવા છે, —પણ તે કાયદા કરીને, 'ફરજિયાત' કરીને, દંડ-કેદનો ડર બતાવીને કરવા પડે છે. આમ, આપણા પ્રત્યેક સુધારાને કાનૂનનું સ્વરૂપ આપવું પડે છે, અને પોલીસને એટલી વધુ સત્તા મળે છે, એના બરડા પર કામગરીનો બોજ વધે છે. ખરી રીતે તો એ બધું કાર્ય કાયદા અને પોલીસના ધાકથી નહિ પણ પ્રજાએ સ્વેચ્છાએ કરવાનું છે. પણ આપણે તો આજે વાહનવ્યવહારના સાદા નિયમો પણ પાળવા પ્રત્યે લાપરવા છીએ. આ પરિસ્થિતિમાં આપણે કઈ રીતે ઊંચા આવીશું?

નઠારા કાયદાઓનું પાલન પ્રજા આજસુધી પોલીસની બીકે કરતી આવી છે. સારા પ્રગતિશીલ સુધારાઓનું પાલન પણ શું એણે માત્ર પોલીસની બીકે જ કરવાનું છે?

મહેન્દ્ર મેઘાણી

પ્રાચીન નાટ્યશાસ્ત્ર (પૃ. ૩૫૯થી ચાલુ)

ઉત્કીર્તન: થઈ ગએલા કાર્યને કહી બતાવવું તે.

વિભૂષણ: ઘરેણાંની પેઠે ઉપમા આદિ અલંકારોથી ભાષાને સુશોભિત બનાવવી તે.

અતિશય: હીન વસ્તુમાં ઉત્તમ ગુણો દર્શાવવા ઉપમા વડે અતિશયોક્તિ વાપરવી તે.

કાર્ય: દોષ બતાવ્યા વગર વસ્તુનો ગુણ પ્રગટ કરવો અથવા દોષથી ગુણની અધિકતા બતાવવી તે.

અનુમાન: લક્ષણ પ્રમાણે તર્ક કરવો તે. (ચાલુ)



સંસારનાં શહેરો

૧૩–શ્રીનગર

પોતાની અદ્ભુત-રમણીય નિસર્ગશોભાથી દુનિયાભરમાં ખ્યાત, હિંદનું જે અણમોલ સૌન્દર્યધામ કાશ્મીર આજે આક્રમણકારોથી ખૂંદાતું યુદ્ધનું રણમેદાન બની રહ્યું છે તેના આ પાટનગર (શ્રીનગર)ની એક વખતની પ્રશાન્ત શેરીઓ આજે યુદ્ધોત્સાહ અને સ્વદેશરક્ષાની તમન્નાથી ધમધમી ઊઠી છે.

ઈટાલીના રમણીય શહેર વેનીસ સાથે જેની પરદેશીઓ સરખામણી કરે છે તે આ શહેર હિંદનું એક ગૌરવ લેવા જેવું શહેર છે. ત્યાં રસ્તાઓ કે સડકોને બદલે જલમાર્ગો છે એ જ એકમાત્ર તેની વિશેષતા નથી; પણ રૂપસુંદર કાશ્મીરના જગતભરમાં પંકાએલા અવર્ણનીય સૃષ્ટિ-સૌંદર્યનો મોટો ભાગ આ જ શહેરની આસપાસ પથરાએલો છે એ પણ તેનું મોટું વૈશિષ્ટ્ય છે.

સર્પાકારે આ શહેરને વીંટળાઇને વહેતી જેલમ નદીના કાંઠા પર ઊભેલું આ શહેર જાણે સ્વર્ગના અમરાવતીનો ભાસ કરાવે છે. જેલમ નદીમાંથી નહેરો ખોદીને તેને એકબીજા સાથે સાંકળી લઈ તૈયાર કરેલા જલમાર્ગો પર થઇને જ્યારે મુસાફર હોડીમાં પસાર થાય છે ત્યારે જ તેને શ્રીનગરના ખરા સૌંદર્યનો ખ્યાલ આવે છે. બે તરફ ઊભેલાં અવનવાં ઘરો, મસ્જિદો તથા મંદિરો, તેનાં સુંદર ઝરૂખા ને છજાં તથા તેમાંથી ડોકાતાં તંદુરસ્ત ભોળાં વદનો, હિમાચ્છાદિત પર્વતોને પડછે બે તરફની હરિત વૃક્ષરાજિ તથા તેની પરના સાત પૂલો ઈત્યાદિ પ્રથમ નજરે જ પ્રવાસી પર મનોરમ ચિત્રમયતાની છાપ પાડ્યા વિના નથી રહેતાં. જેલમનાં શાંત નિર્મળ પાણી પર ઝડપથી સરી જતી લાંબીલાંબી સાંકડી 'ડુંગીઓ' (હોડી) જ આ શહેરના વ્યવહારનું એક માત્ર સાધન છે. જેલમનું વહેણ અહીં એટલું નિશ્ચલ છે કે વહેણના વહનની કે સામેની દિશામાં જતાં હોડીને સરખો જ વખત લાગે છે. પણ આવી શાંત દેખાતી જેલમ પણ, હિમાલય પર જ્યારે બરફ પીગળીને તેમાં રેલ આવે છે ત્યારે રુદ્ર સ્વરૂપ ધારણ કરે છે. તે વખતે તેનું પાણી ઘણાં ઘરોમાં પણ પેસી જાય છે અને કેટલાંક ઘર તો પડી પણ જાય છે.


ચોમેર હિમાલયના પહાડોની વચ્ચે, ૮૦ માઈલ લાંબો અને ૨૫ માઈલ પહોળો પક્ષીના માળા જેવો કાશ્મીરનો ખીણનો સપાટ પ્રદેશ આવેલો છે. તેમાં પાંચ માઈલના વિસ્તારવાળું કાશ્મીરની રાજધાનીનું આ શહેર રાવળપીંડીથી ૨૦૦ માઈલ દૂર છે. શહેનશાહ અકબરે ઈ. ૧૫૮૬માં આ શહેર જીત્યું તે પહેલાં તે પરદેશીઓને હાથ હતું. મુઘલો પાસેથી તે રણજીતસિંહ પાસે આવ્યું અને ૧૯મા સૈકામાં ફૂલસિંગ અને ગુલાબસિંગ નામના બે રાજપૂત રાજાઓએ આખો આ કાશ્મીરનો પ્રદેશ રણજીતસિંહ તથા બ્રિટિશો પાસેથી ખાનગી મિલકત તરીકે મેળવ્યો ત્યારથી આ શહેર તેમના વંશજોને તાબે છે.

પણ શ્રીનગરનું સાચું સૌંદર્ય તો તેની પાસે આવેલાં દાલ અને વૂલર નામનાં બે સરોવરને કાંઠે જાગેલું છે. દાલ સરોવરને કાંઠે જ પેલા જગતખ્યાત શાલિમાર, નિશાત અને નસીમ બાગ આવેલા છે. બાર ચોરસ માઈલમાં વિસ્તરેલું એ નૈસર્ગિક સરોવર, તેની છાતી પર સહેલાણીઓને વાસ કરાવતી રમતી તરતી 'હાઉસ બોટો' તથા તરતા બગીચા અને વાડીઓને કારણે જાણીતું છે.

મુઘલ શહેનશાહોએ પોતાના શોખ ખાતર તૈયાર કરાવેલા શાલિમાર આદિ બગીચાઓ તેમાં વહેતાં કુદરતી ઝરણાંઓ, આરસની ફરસબંધી, રંગબેરંગી ભભકદાર ફૂલોની પથારીઓ, વડ જેવી ઘેઘૂર હરિત વૃક્ષરાજિવાળાં ઊંચાં ચિનાર વૃક્ષો તથા શીતળ ઉન્માદકારી પવન આદિને કારણે જગતભરના શ્રેષ્ઠ બગીચાઓ તરીકે પંકાય છે. તેમાં પેઠા પછી નીકળવાનું ભાગ્યે જ મન થાય.

સમુદ્રની સપાટીથી ૫૨૫૦ ફૂટની ઊંચાઇએ આવેલા આ શહેરની આસપાસ પ્રકૃતિ દેવીએ માત્ર મનોહારી સૃષ્ટિ–સૌંદર્ય જ નહિ પણ ધનધાન્યના ભંડારો પણ મુક્ત હસ્તે વેરી દીધા છે. આ પ્રદેશની જમીન એટલી સમૃદ્ધ છે કે બારેમાસ તે હરિયાળી રહે છે અને દુનિયામાં થતાં બધી જ જાતનાં ફળ ત્યાં થઈ શકે છે. સફરજન, પેરુ, ચીકુ અખરોટ, નારંગી, દ્રાક્ષ, દાડમ આદિ ફળો તો ત્યાં એવાં ગાબલખ થાય છે ત્યાંના લોકો ભોજનમાં આમલી કે કોકમને બદલે ખાટી દ્રાક્ષ કે દાડમ જ વાપરે છે.

શ્રીનગરની દોઢ લાખની વસતિમાં ૮૦ ટકા



જેલમના પ્રશાન્ત પ્રવાહમાં તરતી નાની ડુંગીઓવાળા શ્રીનગરના એક મુખ્ય જલમાર્ગનં ચિત્રમય દૃશ્ય

મુસ્લિમો અને બાકીના હિંદુઓ છે. લોકોની ભાષા સંસ્કૃત અને ઉર્દુના મિશ્રણવાળી કાશ્મીરી છે અને મોટા ભાગના લોકો માંસાહારી છે. ઊંચી પડછંદ કાયા, ગોરું ભરાવદાર બદન, શાંત ભોળી મુખમુદ્રા અને તંદુરસ્ત આકર્ષક બાંધો એ ત્યાંના લોકોની મુખ્ય ખાસિયત. ત્યાં પડતી સારી એવી ઠંડીથી બચવા ત્યાંના લોકો હાથ કરતાં ય લાંબી બાંહ્યવાળા, ગરમ પટુઓના લાંબા-લાંબા ડગલા પહેરે છે. ચોપડી કે કોઈ વસ્તુ પકડવી હોય કે કંઈ ખાવું હોય તો પણ એ બાંહ્યની બહાર હાથ ન કાઢતાં બાંહ્ય વતી પકડીને જ કામ પતાવી દે છે. કેટલાક તો નેતરની ટોપલીમાં નાનકડી સગડી રાખી તે ગળામાં લટકાવી દઈ તેના પર હાથ શેકે છે.

શ્રીનગરની કળા-કારીગીરી તો જૂના કાળ જાણીતી છે. એ કાશ્મીરી 'શાલો'એ એક વખત માત્ર હિંદને જ નહિ પણ આખા યુરોપને ગાંડું બનાવેલું. આજે પણ તેના ગાલીચા તથા શાલ પરનું કલાકૌશલ જગતમાં અજોડ ગણાય છે. કાશ્મીરના સૃષ્ટિ-સૌંદર્યનો કલારસ ત્યાંના લોકોની નસેનસમાં એવો તો ઓતપ્રોત થઈ ગયો છે કે એ શાલના કે બીજા કોઇ પણ ભરતકામના છેડા પર કોઇ પણ જાતની ભાત કે લીટીનું કાચું ડોળિયું આંક્યા વગર કિનારો અને થપ્પાનાં આકર્ષક ડિઝાઈનો સીધા જ પરભાર્યા તૈયાર કરી શકે છે. વળી અખરોટના લાકડામાંથી જુદી-જુદી વસ્તુઓ બનાવી તેમાં હાથીદાંતની વેલબુટ્ટીઓ જડવાની તેમની કળા તથા મિનાકારી પણ ઘણાં જાણીતાં છે. ખુદ શ્રીનગર શહેરમાં પણ લાકડા પરની કોતરણીકામના ઘણા ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. કાગળના માવાની ('પેપરમાશે'ની) તેમજ ચામડાની કારીગરી ને ચાંદીકામ [illegible] વાના બીજા ઉદ્યોગો છે.

શહેરની જાણે ચોકી કરતી હોય તેમ તેની બે દિશાએ બે સુંદર ટેકરીઓ આવેલી છે. હરિ પર્વતને નામે ઓળખાતી ઉત્તર તરફની ટેકરી પર અકબરબાદશાહે બંધાવેલો કિલ્લો આજે પણ મુઘલ સામર્થ્યની યાદ આપે છે. બીજી, પૂર્વ તરફની ૧૦૦૦ ફૂટ ઊંચી શંકરાચાર્યની ટેકરી (જેને મુસ્લિમો તખ્ત-ઈ-સુલેમાન કહે છે) પર ૨૨૦૦ વર્ષનું મહાદેવનું એક પ્રાચીન દેવળ ઊભું છે. એ ટેકરી પરથી શહેરનો દેખાવ ઘણો ચિત્તાકર્ષક લાગે છે.

જહાંગીરે કહ્યું હતું તે જ વાક્ય ત્યારથી આજ સુધી જે જે લોકો શ્રીનગર ગયા છે તે સર્વ કહે છે કે, પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે આ જ છે, આ જ છે, આ જ છે (અગર ફિરદોસ બ-રૂએ ઝમીન અસ્ત, હમીન અસ્ત, વ હમીન અસ્ત, વ હમીન અસ્ત!).'

એમ? કેમ

તાર-ટેલિફોનનાં દોરડાંમાંથી ઘણીવાર ધુમ...ધુમ...એવો અવાજ શાથી થાય છે?

બે થાંભલા વચ્ચે તાણીને બાંધવામાં આવેલા તાર-ટેલિફોનનાં દોરડાંમાંથી મધમાખીના ગણગણાટ જેવો અવાજ નીકળતો ઘણાએ સાંભળ્યો હશે. તે, ઘણા માને છે એમ, તેમાં વીજળીનો પ્રવાહ વહેવાથી નહિ, પણ પવન તે તાર સાથે ઘસાવાને કારણે જ નીકળે છે. એ અવાજની તીવ્રતા, પવનની દિશા, બે થાંભલા વચ્ચેનું અંતર તથા તારોનું સખ્તપણું એ ત્રણ વસ્તુ પર આધાર રાખે છે.

આંખો બરોબર બંધ કરવા છતાં આપણને લાલ રંગ કેમ દેખાય છે?

આંખનાં પોપચાં બહારથી આવતો બધો જ પ્રકાશ અટકાવી શકતાં નથી. તે થોડાંક પારદર્શી હોય છે. આથી જ્યારે આપણે તીવ્ર પ્રકાશમાં આંખો બંધ કરીએ છીએ ત્યારે પોપચાંની નસોમાં વહેતું લોહી આપણને દેખાય છે અને તેને કારણે જ આપણને લાલ રંગ જણાય છે. સૂર્ય ઊગતાં જ મનુષ્યો, પક્ષીઓ અને પશુઓ જાગી જાય છે તેનું કારણ પણ આ જ છે.

Our Friends Abroad

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર વિભાગ

[આ પત્ર મેળવનાર: બાબુલાલ ડી. બાગડીઆ, ખોજાખાના પાસે, ગામમાં, બોટાદ]

391 W. North St.
Decatur 34, Illionois (U.S.A.)
August 10, 1947

મારા પ્રિય નવા પત્રમિત્ર,

તમારા સુલિખિત અને રસિક પત્ર માટે આભાર. તે પત્ર પર તારીખ ૨૯મી જુલાઈ છે અને અહીં તે ૨ જી ઑગસ્ટે આવ્યો.

તમારી નિશાળ (તમારા લખવા પરથી) મોટા કદની લાગે છે. તમારું બોટાદ કેવડુંક મોટું ગામ છે ? અમારું ડીકેટુર તો ૬૯,૦૦૦ ની વસતિનું ગામ છે અને અમારી શાળામાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ૧૨ થી ૧૫ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે અહીં ૪ જુનિયર હાઈસ્કૂલો, ૧૬ થી ૧૯ વર્ષનાં માટે સીનિયર હાઇસ્કૂલ છે અને ૬ થી ૧૨ વર્ષનાં બાળકો માટે પ્રાથમિક શાળાઓ છે અમારા ગામમાં એવી કુલ ૧૨ પ્રાથમિક શાળાઓ, ૨૫ દેવળો, બે વ્યાપારી કૉલેજો અને એક યુનિવર્સિટી છે. વળી અમારે ત્યાં એક એકરથી માંડી ૨૫ એકર જેટલા વિશાળ ૨૫ સુંદર બગીચાઓ છે. એ દરેકમાં ગૉલ્ફ અને ટેનિસ રમવાનાં સ્થાનો, બાળકો માટે રમતગમતનાં સાધનો, હીંચકા, જંગલ-રમતનાં સાધનો, નાનાં તળાવો, ચકડોળ, અને મોટેરાંઓ માટે 'હૉર્સ-શૂપિચિંગ, કૉકેટ, વગેરેની રમત માટેનાં સ્થાનો હોય છે. વળી ઉજાણીએ આવનારાઓ માટે બગીચાઓમાં ઠેરઠેર ટેબલો પણ મૂકેલાં હોય છે.

તમે તમારી રાજકીય પરિસ્થિતિ વિષે લખ્યું છે તે મને ગમ્યું. એથી ઘણી બાબતની મને સ્પષ્ટતા થઇ ગઇ. હું જાણું છું કે તમે હાલ અંધાધૂંધીભર્યા કાળમાંથી પસાર થઇ રહ્યા છો. અને મને દુ:ખ પણ થાય છે કે ઘણી યાતનાઓ સહન કર્યા બાદ જ આપણી પ્રગતિ થાય છે. ગામડાં નાશ પામ્યાં છે, એમ તમે લખ્યું છે એનો અર્થ શો? શું ઘરો બાળી મૂકવામાં આવ્યાં છે અગર તોડી પાડવામાં આવ્યાં છે? થયું છે શું? બહુ મરણ નહિ થયાં હોય, પણ ઘાયલ થયા હશે.

તમે અહીંની રાજકીય પરિસ્થિતિ જાણવાની ઇંતેજારી બતાવી છે. તમે જાણતા હશો કે અહીં મુખ્ય બે પક્ષો છેઃ એક 'ડેમૉક્રેટિક' જે હાલ સત્તા પર છે; અને બીજો 'રીપબ્લિકન' જે સત્તા મેળવવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યો છે. ગુંડાઓ રોકીને રચેલાં મજબૂત રાજકીય યંત્રો જેવી ટોળકીઓ સત્તા ધારણ કરવા માટે માણસો ચૂંટી કાઢે છે. પોતાનું જ કહ્યું કરે એવાં માણસો ચુંટાઈ આવે તે માટે લાગવગવાળા ધનિક ઉદ્યોગપતિઓ એ રાજકીય યંત્રોને પૈસા આપે છે. અમારે મતદારોએ તો માત્ર ચૂંટણી-મથકે જઇ પેલી ગુનેગારોની ટુકડીઓએ જે માણસોને અમારે માટે પસંદ કર્યા હોય તેમનાં નામ સામે ચોકડી જ કરી દેવાની હોય છે. અમારું રાજકીય વાતાવરણ એટલું બધું સડી ગયું છે કે શબ્દો પણ તેનું યથાર્થ વર્ણન ન કરી શકે. અમારો શેઠ કે ઊપરી કહે તે પ્રમાણે જ અમારે મત આપવો પડે છે. નહિ તો નોકરી પરથી પાણીચું મળે. ઘણીખરી પેઢીઓ પોતાના નોકરિયાતો કોને મત આપવાના છે તે જાણવા માટે ખાસ જાસૂસો રાખે છે. ઉપરાંત કેટલીક સ્ત્રીઓને પણ રોકે છે, જેમનું કામ નોકરિયાતોના ઘરની સ્ત્રીઓને ટેલીફોન કરીકરીને 'આ વખતે ચૂંટણીમાં કોણ જીતશે' એમ પૂછીને તેઓ કોને મત આપવાના છે તે યુક્તિથી જાણી લેવાનું હોય છે. બીજીઓ વળી ઘેર ઘેર ફરીને પ્રશ્નો પૂછતી હોય છે. સારા માણસોએ જોકે આ પદ્ધતિમાં સુધારો કરવાના પ્રયત્ન કર્યા છે, પણ લોકો એટલા અજ્ઞાની છે કે તેમની વાત સમજતા નથી અને તેથી કંઇ થઈ શકતું નથી. તેઓ માત્ર એટલું જ સમજે છે કે જે માણસ તેમને રોટી કે નોકરી આપે છે તે માણસ કહે તેને મત આપવો.

તમારા રાષ્ટ્રધ્વજના રંગો મને નથી ગમતા. માનસશાસ્ત્રની દૃષ્ટિએ તેમનો અર્થ સારો નથી. પીળો રંગ એટલે બાયલાપણું, ધોળો એટલે નિરુત્સાહ (Coldness) અને લીલા રંગનો અર્થ થાય ઈર્ષ્યા. અમારા રાષ્ટ્રધ્વજના રંગો—લાલ ધોળો, અને વાદળી—પણ કંઈ બહુ સારા નથી. લાલ રંગનો અર્થ થાય છે આસક્તિ (Passion), વાદળીનો અર્થ બીજા પર હુકમ અગર જીત મેળવવી તે, અને ધોળાનો અર્થ થાય ઠંડી સ્વચ્છતા (Coldpurity).

તમારી ૧૭ વર્ષની ઉમર જોતાં તમે રાજકીય પરિસ્થિતિ વિષે ઘણું સારું જ્ઞાન ધરાવો છો. મને ડર રહે છે કે મારા દેશની પરિસ્થિતિને એટલી સારી રીતે હું સમજી ન શકતી હોઉં. અત્યારે યુરોપ આર્થિક પતનને આરે ઊભું છે. અમે પણ ઠપકાને પાત્ર છીએ. પણ અમે તો ખાલી વાતો કરીએ છીએ, અને પ્રત્યક્ષ કાર્ય નજીવું કરીએ છીએ. આ વર્ષે અમારો પાક અરધો ઊતરશે. આ વસંતઋતુમાં એટલો બધો વરસાદ પડ્યો કે આળસુ ખેડૂતોની જમીનમાં બી રહ્યાં જ નહિ; અને પછી આવ્યાં પૂર, જે અમારો લાખો એકરમાં વાવેલો પાક તાણી ગયાં. આને માટે ખરું જોતાં ખેડૂતો જ ઠપકાપાત્ર છે; કારણ તેઓ કૉન્ટુર પદ્ધતિથી (Contour Plowing એટલે કે જમીન એવી રીતે ખેડવી કે જેથી વરસાદ જમીનના ઉપલા કસવાળા થરને ધોઈ ન નાખે) ખેતી કરતા નથી. વળી તેઓ પડતર જમીનમાં ઘાસ પણ ઉગાડતા નથી જેથી પવનથી જમીનનો ઊપલો થર ઊડી જઈને જમીન વેરાન બની ન જાય. અમારી સરકાર ખેડૂતને દર એકર દીઠ એટલી બધી પૂરતી રકમ આપે છે કે જેથી તે ઘણા એકર જમીન ખાલી પડી રહેવા દે છે અને તેમની પાસે વધારેપડતું અનાજ વેચવા માટે તૈયાર નથી થતું. આ અનાજના ભાવને ઊંચા રાખે છે. એવી ખાલી જમીનમાં ખેડૂતો ઘાસ ઊગવા દઇને તે પર ઢોર ઉછેરી શકે. પણ તેઓ એવા તો બેદરકાર અથવા ભવિષ્યને માટે વિચારહીન છે કે એવું કશું જ કરતા નથી. વળી ખેતીનું સર્વ કામ યંત્રોની મદદથી થતું હોવાથી એક માણસ અને તેની સ્ત્રી ઘણી મોટી જમીન એકલાં ખેડી શકે છે. તેથી તેમનાં છોકરાંઓ ખેતર છોડી ગયાં છે. પણ ઢોરોને ઉછેરવાનું કામ કંઇ યંત્રોથી થઈ શકતું નથી, તેથી તેઓ ઢોરો જ રાખતાં નથી. આથી તેમને ઘાસની જરૂર રહેતી નથી. વળી તેઓ નથી રાખતા ખાતર. આથી જમીન કસ વિનાની થતી જાય છે અને ફરીથી તેને કસવાળી બનાવવી અશક્ય બની ગઈ છે. ઉપરાંત, અમારા ઘણાખરા પ્રદેશોની જમીન બીજી નાની નદીઓ દ્વારા ધોવાઇ ધોવાઈને મિસિસિપી નદીમાં આવે છે, આથી એ નદીનું પાત્ર પુરાઈ જવાને કારણે તેમાં વારંવાર પૂર આવે છે વર્ષો પહેલાં આવાં પૂર કદી નહોતાં આવતાં. એમ કહેવાય છે કે મિસિસિપી નદી વડે એમ, રાત ને દિવસ, દર મિનિટે, ૪૦ એકર જમીનમાંથી ૯ ઇંચ ઊંડો જમીનનો ઉપરનો કસવાળો થર ધોવાઇને મેક્સિકોના અખાતમાં ચાલ્યો જાય છે; અને આમ જો ચાલ્યા જ કરે તો અમારી પાસે જરાપણ જમીન ન રહે એવી સ્થિતિ આવતાં કેટલી વાર ? દુનિયાને અમે કેટલોક વખત અનાજ પૂરું પાડી શકીશું? (અનુ. પાછલી પ્લેટ સામે)

બહારવટાને પંથે

[૪] ક્રાન્તિકારી દળ સાથેનાં જીવન-સંસ્મરણો આલેખતી આપકથા

લેખક

જીવરામ જોષી

કોઈ પણ વિષયની લગન લાગે છે ત્યારે પ્રાણી તેને સાધ્ય કરવા મથીને કાં તો મેળવે છે યા તો મરી જાય છે. પછી તે લગન ભલી હોય કે બૂરી.

અભ્યાસ પરથી મન ઊઠી ગયું. સૌની દૃષ્ટિએ રખડુ બની ગયો. સાબરમતી-કિનારે, ચંડોળા તળાવે કે કાંકરિયાને કાંઠે રખડતો થયો. એટલો ઉદાસ થઈ ગયો કે અભ્યાસ છોડી કાઠિયાવાડ ચાલ્યો ગયો. ભાઈના મીઠી શિખામણભર્યા પત્રો આવ્યા ને વળી અમદાવાદ ગયો.

આસ્ટોડિયા ચકલાથી માણેકચોક જતાં એક વાચનાલય આવતું. ત્યાં એક દિવસ વાંચવા બેઠો. કોઈ માસિક હતું. 'ધારો તે કરી શકો' એ એના એક લેખનું મથાળું હતું. उद्योगिनम् पुरुषसिंहमुपैत्ति लक्ष्मी એ સૂત્ર ટાંકીને લેખકે 'પ્રયત્ન'નો મહિમા ગાયો હતો. 'નિરાશા સાંપડે તો સમજો કે તમે કાયર બની ગયા છો. જે કામ કરવા ધારો તેની પાછળ મંડી પડો. પછી ભલે મરી જાઓ. આવી તાલાવેલી અને પ્રયત્ન હશે તો તમે સફળ થશો જ'.

મન બોલ્યું: 'ખરું છે. તું કાયર બની બેઠો છે. જે કરવા ધારે છે તે માર્ગે ઊપડી જા. કોઈ તને ઉઠાવીને નહિ લઇ જાય. તારે જ ત્યાં પહોંચવું જોઇએ. કષ્ટો, આપત્તિઓ બધું તારે જ વેઠવું જોઇએ.'

તૈયાર થઈ ગયો. સાંભળેલું તો હતું જ કે કાશીમાં ક્યાંક ક્રાંતિકારી દળનું મથક છે. ત્યાં પહોંચું. ભેટો થઈ જશે જ. પણ થાય કે ન થાય; જવું તો ખરું જ. ખમીસ-ધોતિયું કાઢીને કફની પહેરી. મારે મન 'બાવો' બનીને કાશી જવા નીકળ્યો. એ બધું વર્ણન 'મારી સફર'ની લેખમાળામાં 'કુમાર'ના અંકોમાં ૧૦ વર્ષ પર આવી ગયું છે.

પગે ચાલીને કાશી જવાની 'કલ્પના' જેટલી સહેલી હતી એટલી એ સફર પોતે સહેલી નહોતી. અનેક વિટંબણાઓ ભોગવીને અમદાવાદથી ચાલતો કાશી પહોંચ્યો. એ લાંબો પ્રવાસ ગંગામૈયાનાં શાંત ગંભીર પ્રવાહને કિનારે જ્યારે પૂરો થયો એમ જોયું ત્યારે મારા આનંદની અવધિ હતી. પાસે પૈસા નહોતા, ભૂખથી શરીર નંખાઇ ગયું હતું, પણ કાશી પહોંચ્યાના આનંદમાં તૃપ્ત થઇ ગયો. એ જાણે હજી કાલે જ બની ગયું હોય તેવું તેનું દૃશ્ય અત્યારે યે તાજું દેખાય છે. જે જગ્યાએ પોટલું ઉતારીને મૂક્યું હતું એ જગ્યા, સાત સો માઇલ દૂર બેઠે અહીંથી આજે આટલાં વર્ષે યે જોઇ શકું છું. દોડીને ગંગા મૈયાને કિનારે જઈ પ્રથમ તો અંજલિ ભરીભરીને ખૂબ ગંગાજળ પીધું. સાતે પેઢી તરી કે નહિ તે તો રામ જાણે, પણ હું તો તરી ગયો. વરસોના વસવાટ બાદ ગુપ્તાવસ્થામાં ભટકતો જ્યારે કાશી પહોંચતો ત્યારે એ ચોક્કસ જગ્યાએ તો ગયા વિના ન રહેતો. મારું એ તીર્થ રાજઘાટ સ્ટેશન પાસે,—પૂલની નજીક.

પથ્થરની મૂર્તિને કોઈ કેમ માને છે તે આ અનુભવથી સમજાય છે. નાનો હતો ત્યારે બળેવને દિવસે પિતાજી મને સાથે લઈને સ્નેહીઓને રાખડી બંધાવવા જતા. પોતે ન બાંધતા; મારી પાસે બંધાવતા. એમાં એક સોની લખમણની પેઢીએ અમે જતા. સૌ તો હાથે રાખડી બંધાવતા, પણ એ વૃદ્ધ સોની પોતાના હથોડાને બંધાવતા. હું બટકબોલો ખરો. 'હથોડાને જીવ છે તે એને રાખડી બંધાવો છો?'

વૃદ્ધ સોની કહે: 'દીકરા, એમાં અમારો જીવ છે. એ અમારો દેવ છે' અનુભવીઓને આમાં સચ્ચાઈ શોધવા થોભવું નહિ પડે

દેશ અજાણ્યો, નગર અજાણ્યું, લોકો અજાણ્યા અને નાનકડો માનવી હું, એ તે બધાંની વચ્ચે. પાસે સાત પૈસા કે ત્રણ આના જેટલી મૂડી હતી. વાહ રે કાશીના જમરૂખ! પૈસાનાં ચાર: એક શેર જેટલાં. એ ઉપર જ બેત્રણ દિવસ કાઢી નાખ્યા. શો પ્રકૃત્તિનો સંકેત. જાણે કે મારે માટે બધું ગોઠવી જ મૂક્યું હોય.

'આમ કયાં જવાતા હૈ?' એવી હિંદી–ગુજરાતીની ખીચડી બનાવીને પૂછતો હું કાશીમાં ફરતો થયો. આખો દિવસ ફરું ને સાંજે ગમે ત્યાં પડી રહું. ન કોઇની સાથે બોલવું કે ન કોઇને કશું પૂછવું.

એમ ફરતો ફરતો 'કારમાઇકલ પુસ્તકાલય' પાસે પહોંચ્યો. થયું કે કંઈક વાંચું. બધાં હિંદી પત્રો. કંઈ મઝા ન પડી. થોડી વારે બહાર નીકળી પગથી પર ખડો થયો. સામે આંખ ગઈ. નવાઇ લાગી. ગુજરાતી અક્ષરોમાં લખેલું પાટિયું દેખાયું. જાણે કોઇ સ્નેહી સામે ઊભેલો દેખાયો! હેતના ઊમળકાથી પાટિયું વાંચ્યું. 'ગુજરાતી લાયબ્રેરી' એવું વાંચતાં આનંદ થયો. પોતાનું આટલે દૂર કોણ?

દાદર ચડી ઉપર ગયો. લાંબા ઓરડામાં લાંબાં મેજ ગોઠવાઇને કોઈના આવવાની રાહ જોતાં પોતાની એકાકી દશાના શોકમાં ડૂબી ગયાં દેખાયાં. એક ડોસો ઓલવાતી હોકલીને તાજી કરવા ચલમમાં ફૂંક મારી રહ્યો હતો. ઝોલાં ખાતો ઊઠ્યો હશે. એ એકલાની સાથી હોકલી પણ ઊંઘી ગઇ હશે. ધારણની રાખ ફૂંક મારીને ડોસાએ ઉડાડી, એ જ વખતે હું બારણામાં ઘુસ્યો અને મારા મોં પર એનો આછો પાકડર છંટકાયો. ડોસો ઝંખવાઇને બોલ્યો: 'બાબુજી માફ કરના, એ સસુરી બાર બાર ઠંડી હોઇ જાત હૈ!'

મને જોઈ બીચારાં મેજ જાણે કે રાજી થયાં. છાપાં ગુજરાતનાં. ભૂખ્યા વાઘની પેઠે શિકાર પર તૂટી પડ્યા બધાં ફેરવીફેરવીને વાંચ્યાં.

ખાદીની ટોપી, ખાદીનો જભ્ભો ને ખાદીનું ધોતિયું, એવો એક યુવાન ત્યાં આવ્યો. મને જોયા ન જોયો ને એ વાંચવા બેઠો. પ્રથમ જ 'નવજીવન' લઈ વાંચવા લાગ્યો. કળવામાં કશી ચતુરાઇની આવશ્યકતા નહોતી કે એ દેશપ્રેમી જીવડો છે. વાંચી રહ્યા પછી એણે મારી સામે જોયું. મારા પોટલાને દીઠું. વળી મારા મોં સામે જોયું.

'ક્યાંથી આવ્યા છો ?' તેણે પૂછ્યું

'ગુજરાતથી.' મેં કહ્યું.

'કંઈ કામધંધો હશે ?'

'ના, ભણવા આવ્યો છું.'

'બ્રાહ્મણ છો ?'

'હા.' મેં ઉત્તર દીધો.

'ક્યાં યે ઊતર્યા છો ?'

'ના, અજાણ્યો છું; ક્યાં ઊ...

ભણતર, મામ ઈત્યાદિ વિષે વાતો થઇ. મારા બોલવા પરથી તેનામાં મમતા પ્રેરાઈ. 'હું ય વિદ્યાર્થી જ છું ચાલો મારી સાથે' કહી તેણે સહકાર આપ્યો. તેણે એક બીજા વિદ્યાર્થીને ભલામણ કરી. તે મને 'સતુવા બાવાની ધર્મશાળા'માં લઈ ગયો ત્યાં કેટલાક ગુજરાતી વિદ્યાર્થીઓ હતા. માધુકરી માગીને જમવાનું અને ત્યાં રહેવાનું ગોઠવાઈ ગયું.

પેલો જુવાન ફરી એ જ વાચનાલયમાં મળ્યો. વાતો કરતા

અમે સાથે ફરવા ગયા. આમ તેની સાથે પરિચય થયો.

સંસ્કૃત ભણતો વિદ્યાર્થી ગાંધીજી અને એમની પ્રવૃત્તિનો વિરોધી હોવો જોઇએ, કેમકે ગાંધીજી અસ્પૃશ્યતાની વાત લાવીને સનાતન ધર્મનો નાશ કરવા બેઠા છે એમ એ વર્ગ માનતો. એને બદલે આ વિદ્યાર્થી એમનો ચાહક હતો. છેવટે અમારો સંબંધ એટલો વધ્યો કે તેણે મને પોતાની નાનકડી ઓરડીમાં સાથે રહેવા નોતર્યો. અમે સાથે રહેવા લાગ્યા.

એક રાતે કોઇ યુવાન તેને મળવા આવ્યો. એકાંતમાં જઇને બંનેએ વાતો કરી આગંતુક ચાલ્યો ગયો. મિત્રે આવીને કેડમાંથી રૂમાલમાં વીંટાળેલું કંઇક કાઢ્યું અને ગુપ્તરીતે તેને પેટીમાં મૂકી દીધું મને જિજ્ઞાસા થઈ. પૂછ્યું. મારા રાષ્ટ્રીય મનોભાવ તે સમજ્યો હતો. ધીમેથી તેણે વાત કાઢી.

'તમે માનો છો કે ગાંધીજીના સત્યાગ્રહથી દેશ સ્વાધીન બને?'

'મને એમના સિદ્ધાંતો માટે માન છે, પણ મારુ મન તેમાં બેસતું નથી.'

'તો તમે દેશની સ્વાધીનતા માટે કંઈ કરવા ઇચ્છો ખરા ?'

'હા, ક્રાંતિકારી પ્રવૃત્તિ મને ગમે છે. એમાં કંઈક કરું ખરો.'

તે ચૂપ થઈ ગયો. ગંભીર બની તે બોલ્યો: 'ક્રાંતિકારી દળમાં બહુ જ સંયમ પાળવો પડે છે.'

મેં કહ્યું: 'એ તો ખરું જ.'

'તમે તે પાળી શકશો ?'

'હા.'

'તો વચન આપો; તો એક વાત કહું.'

'વચન છે'

'જોજે, સ્વપ્નમાં પણ કોઇને એ વાત ન થાય.'

'નહિ થાય.'

તે ઊઠ્યો. પેટીમાં સંતાડેલી પેલી વસ્તુ લાવ્યો. કપડું ઉખેળ્યું. હું તો છક થઇ ગયો. મૂર્તિની પૂજા કરતાં સાક્ષાત્ ભગવાન આવી ઊભા રહે અને ભક્ત જે ભાવ અનુભવે તે મેં અનુભવ્યો. ઓહો ! હું ત્યાં પહોંચી ચૂક્યો, જ્યાં પહોંચવા હું જન્મભૂમિથી સાતસો માઈલ દૂર આવી ચડ્યો છું ! એ હતો તમંચો. મેં ઉત્સુકતાથી—પ્રેમથી હાથમાં લઈ આમતેમ ફેરવ્યો—વારેવારે જોયો.

મિત્રે તેને ખોલ્યો. ગોળીઓ ભરેલી તે બતાવી. હું તો મસ્ત બની ગયો. આનંદ આનંદ થઈ રહ્યો.

આ મિત્રનું નામ કાલિદાસ માધવજી ત્રિવેદી. સુરત જિલ્લાના એક ગામડાનો વાસી. મોઢ બ્રાહ્મણ. માતપિતાનો દેહાંત થએલો. ભાઈની છાયામાં ન ગમ્યું. થોડો કાળ સુરતની પાઠશાળામાં ભણ્યો. વધારે અભ્યાસ માટે કાશી ગયો. ૧૯૩૦ના મીઠા-સત્યાગ્રહમાં કાશીમાં પ્રથમ સત્યાગ્રહની ટુકડીમાં સૈનિક બન્યો. અહીંથી અમારો સદાનો વિયોગ થયો. મારે માથે મોતનું ભાથું બંધાયું. અજ્ઞાતવાસ સેવતો હું રખડવા લાગ્યો. ઘણી આકાંક્ષા રહી છતાં કાલિદાસ ફરી ન મળી શક્યો. તે કાશી છોડીને પેટલાદ ગએલો અને ત્યાની પાઠશાળામાં રહેલો. એક દિવસે કાશી જઈ તેની ભાળ કાઢી. સમાચાર મળ્યા કે પેટલાદમાં તેનું મરણ થયું છે. હૈયું દળાઈ ગયું હજી યે તે સાંભરે છે ને શોકની એક રેખા કાળજામાં ચીરો પાડી જાય છે. એનો સંબંધ એવા પ્રેમનો હતો જે અંતરની એકતા સાધી ગયો.

ક્રાંતિકારી જીવનની એક વિશેષતા છે. માતા-પિતા, કુટુંબ-સંસાર સુખ, વૈભવ બધાંનો પ્રેમ એ છોડે છે. એ બધો પ્રેમ બલિદાનની ભાવનાના સાથીઓમાં કેંદ્રિત થાય છે. ક્રાંતિકારીઓમાં પરસ્પર એવો પ્રેમ હોય છે કે સહોદરથી પણ વિશેષ, કેવળ દાંપત્યપ્રેમને જ એ પોતાની હરોળમાં ઊભવા દે.

કાલિદાસને એ આનંદ હતો કે મને માર્ગ પોતે ચીંધ્યો તો હું એનાથી આગળ દૂર નીકળી ગયો. મને એ શું આપી શકે એની જ એ ચિંતા રાખતો. કેટલીયે વાર પોતા પાસે હોય તે બધા પૈસા મને તે આપી દેતો. જાણવા ન દેતો કે પોતા પાસે કશું નથી રહ્યું.

તમંચો મારા હાથમાં મૂકનારના ક્રાંતિકાર હોવા વિષે મને શંકા શાને રહે? મેં આનંદના ઊભરા સાથે કહ્યું: 'કાલિદાસ, હું ક્રાંતિકારી દળમાં ભળવા માટે જ ઘેરથી અહીં આવ્યો છું. હું વિનતિ કરું છું કે મને એ કામમાં ભેળવો. મારી એ જ એક માત્ર ઇચ્છા છે'

કાલિદાસ કહે: 'એ વાત મારા હાથમાં નથી. હું પણ એ દળમાં જોડાઈ શક્યો નથી. જે ભાઈ અહીં આવ્યા હતા તે દળમાં જોડાએલા છે. તેમને હાથે હું ચડી ગયો. તેઓ મારી કસોટી જોઇ રહ્યા છે. હું પાકો જણાઈશ ત્યારે મને દળમાં લેશે; અને તે પણ કાચા દળમાં. એમાં કસોટી થઇ જાય તો દળના આગેવાનને મળી શકાય. ત્યાંસુધી તો મારે એ આવેલા ભાઇ સાથે જ સંપર્ક રહેશે. પણ હું તેમને તમારી વાત કહીશ.'

મેં કહ્યું: 'તેઓ હવે આવે તો મને મેળવજે.'

કાલિદાસ કહે: 'એ હું કહી ન શકું. તે એવું સ્વીકારે તો જ બને.'

અમે મોડે સુધી વાતો કરતા રહ્યા. કાલિદાસે ક્રાંતિકારી દળના વીરલાઓએ આપેલાં બલિદાનોની કથાઓ કહી.

'એવા કોઈ બંગાળી સાથે ઓળખાણ છે ?' મેં પૂછ્યું.

'સાંભળ્યું છે કે કાશીમાં ઘણા છે. પણ હું કોઈને જાણતો નથી.'

હવે હું પેલા ભાઈ આવે અને મળે તેની રાહ જોવા લાગ્યો મનની કામના પૂરી થઇ લાગી. મારા આનંદનો પાર ન રહ્યો.

એક રાતે કાલિદાસ જરા મોડો આવ્યો. આવીને કશું બોલ્યા કે થોભ્યા વિના પેટીમાંથી તમંચો કાઢ્યો.

મેં કહ્યું: 'પેલા આવ્યા છે ?'

તેણે કહ્યું: 'હા, હું વાત કરીશ.'

મેં કહ્યું: 'હું મળવા આવું ?'

તે કહે: 'ના; એમ ન થાય. વાત કહું, પછી'

તમંચો લઈને કાલિદાસ ગયો. બેએક કલાક પછી પાછો આવ્યો.

'કેમ ?' લગનથી મેં પૂછ્યું.

'એ હમણાં મળશે નહિ; પણ તેમણે પ્રમાણ માગ્યું છે તે કરી બતાવવું પડશે.'

મેં પૂછ્યું: 'શું ?'

કાલિદાસ કહે: 'એક પોલીસનો બાતમીદાર છે. તેને મારી નાખવાનો છે. તે તમે કરી શકો તો કરી બતાવો.'

મેં તરત કહ્યું: 'હા, કરું.'

તરત કાલિદાસ પાછો ગયો. છેક મોડી રાતે પાછો આવ્યો.

તેણે કહ્યું: 'તમારે તૈયાર રહેવાનું છે. તમંચો ચલાવી શકશો ?'

મેં કહ્યું: 'ભાઈ, તમંચો તો પહેલવહેલો અહીં દીઠો જ માત્ર. ચલાવવાનું શીખું ત્યારે જ તો !'

બીજે દિવસે કાલિદાસ મને ગંગાકિનારે લઇ ગયો. હોડીમાં બેસીને અમે સામે પાર ગયા. જમરૂખી, બોરડી, આંબા એવાં ઝાડોની બગીચા જેવી વાડીઓમાં અમે પેઠા. નિર્જનતા જોઈ કાલિદાસે તમંચો કાઢ્યો.

મને કહે: 'તમે નિશાન પાડતાં શીખી જાઓ.'

મેં ગભરાટના ધીમા બોલે કહ્યું: 'પણ તમંચાનો ભડાકો તો દૂર દૂર સંભળાશે.'

સોનું અને રૂપું



દુનિયાના જે જે દેશોમાંથી સોનું ને રૂપું નીકળે છે તેનાં સ્થાન દર્શાવતો નકશો

સોનું 'ધાતુઓનો રાજા' કહેવાય છે. તેની પ્રક્રિયાશીલતા એટલી જૂજ છે કે રસાયનમાં તે 'ઉમદા ધાતુ' તરીકે ઓળખાય છે.

સોનું છેક પ્રાચીન કાળથી જાણીતી ધાતુ છે. પ્રાચીન ગ્રંથોમાં પણ તેના ઉલ્લેખ મળી આવે છે. ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર બાઇબલમાં સોનાને 'પ્રથમ ધાતુ' તરીકે વર્ણવવામાં આવ્યું છે. સંસારની મુખ્ય પંચ ધાતુઓમાં સોનાનો સમાવેશ થાય છે ઋગ્વેદમાં સોના (હિરણ્ય)નાં ઘરેણાંનું વર્ણન કરેલું છે. આ ઘરેણાંમાં કાનનાં એરિંગ, ગળામાં પહેરવાના ગેઠા, બંગડીઓ, પગનાં ઝાંઝર ઈત્યાદિ આભૂષણોનો ઉલ્લેખ છે. હિંદી સંસ્કૃતિના પ્રાચીનતમ અવશેષો ધરાવતા સિંધના મોહેં–જો–ડેરોમાંથી પણ આવાં ઘરેણાં મળી આવ્યાં છે. ઇતિહાસના ઉગમકાળમાં પણ માણસે સોનાની શોધમાં ફાંફાં માર્યા છે, તેની પૂજા કરી છે. તેની પાછળ ખુવારી સહન કરી છે. હલકી ધાતુઓમાંથી સોનું પેદા કરવા અનેક કીમિયાગરોએ જિંદગી ફના કરી નાખી છે.

સોનું અત્યંત આકર્ષક ધાતુ છે. તેનો ચમકતો પીળો રંગ વાતાવરણના વાયુઓની અસરથી મુક્ત રહે છે. એટલે જ સોનાને 'સુવર્ણ' કહેવામાં આવે છે. કીમિયાગરો સોનાનો સંબંધ તેના રંગને લીધે સૂર્ય સાથે જોડતા. બીજી ધાતુઓના કરતાં એ ઘણા ઓછા પ્રમાણમાં મળી આવે છે, એટલે કિંમત આંકવાના આંતરરાષ્ટ્રીય માપ તરીકે તેને સ્વીકારવામાં આવેલું છે.

'ચળકે એટલું સોનું નહિ' એવી આપણામાં કહેવત છે. આ કહેવતને જો જરા આમ ફેરવીએ કે 'જે ચળકે છે તે પણ બધું સાચું સુવર્ણ નથી,' તો એ કહેવત ખોટી નહિ ગણાય. કારણ કે સોનું પોતે તો ખૂબ મૃદુ ધાતુ છે. એટલે તેને બીજી ધાતુઓની સાથે મિશ્ર કરવામાં ન આવે ત્યાં સુધી તેને ઉપયોગમાં લઈ શકાય એટલું કઠણ તે થતું નથી. આથી વ્યવહારમાં શુદ્ધ સોનું જવલ્લે જ વપરાય છે.

સોનાની વિશુદ્ધિ-'ફાઈનનેસ' હજારના હિસાબે ગણવામાં આવે છે. દાખલા તરીકે, ૮૦૦ 'ફાઇન' સોનું એટલે ૮ ભાગ સુવર્ણ અને ૨ ભાગ બીજી ધાતુઓ. સોનાની શુદ્ધિ દર્શાવવા એમ પણ કહેવાય છે કે સોનું અમુક 'વલ્લું' છે. તદ્દન પરિશુદ્ધ સોનું ૨૪ વલ્લું ગણાય છે. 'વલ્લા'ને માટે અંગ્રેજી શબ્દ કૅરેટ (carat) છે. ઝવેરાત માટે પણ એ જ કૅરેટ શબ્દ વપરાય છે; પણ ત્યાં એ કૅરેટ વજનના એકમ તરીકે ગણાય છે, એટલે સોના અને ઝવેરાતના સંબંધમાં વપરાતો કૅરેટ શબ્દ એક જ અર્થમાં નથી. સોનાની બાબતમાં કૅરેટ 'ધાતુની ગુણવત્તા' દર્શાવે છે, ઝવેરાતની બાબતમાં તેનું 'વજન' સૂચવે છે.


સોનાનો મુખ્ય સામુદાયિક વાપર ચલણી સિક્કાની બનાવટમાં થાય છે. આજે દુનિયાના અરધા ઉપરાંતનો સોનાનો જથ્થો અમેરિકા પાસે છે. સોનાના ચલણ માટે હવે બે મત છે. કેટલાક એમ માને છે કે ભવિષ્યના આંતરરાષ્ટ્રીય અર્થકારણમાં સોનાનું હવે પ્રધાન સ્થાન નહિ હોય.

સોનાનો બીજો મોટો ઉપયોગ ઘરેણાં ઘાટની બનાવટમાં, ઝવેરાતની ચાંજોમાં અને શ્રીમંતોનાં સમૃદ્ધિદર્શક સાધનોમાં થાય છે. આ કામ માટે સોનાને બીજી ધાતુઓ સાથે મેળવીને સખત બનાવવામાં આવે છે. રૂપું મેળવવાથી સોનાનો પીળો રંગ ઓછો થાય છે. ૧૨ ટકા પેલેડિયમ કે ૨૫ ટકા પ્લૅટિનમ કે ૧૫ ટકા નિકલ મેળવવાથી 'સફેદ સુવર્ણ' બને છે. સસ્તા ઝવેરાતમાં વપરાતું 'સોનું' એ સોનું નથી હોતું, પણ 'ડચ મેટલ' તરીકે ઓળખાતી ત્રાંબા અને જસતની મિશ્ર ધાતુ હોય છે.

સોનું એટલી નરમ અને છતાં ચિકાશવાળી ધાતુ છે કે તેને ટીપીટીપીને તેનો અત્યંત બારીક વરખ બનાવવામાં આવે છે, જે વરખનાં પાનાં એક ઇંચના એક હજારમા ભાગ જેટલાં પાતળાં બનાવી શકાય છે. સોનાનો એ વરખ અર્ધપારદર્શક હોય છે. તેને પ્રકાશમાં ધરી રાખવાથી તેમાંથી લીલો પ્રકાશ નીકળે છે.

એ જ રીતે, એક ઔંસ (અઢી તોલા) સોનામાંથી ૫૦ માઇલ લાંબો થાય એટલો બારીક તાર ખેંચી શકાય એટલી તાન્તવતા (ductility) તે ધરાવે છે. આ ઉપરાંત હલકી ધાતુઓને શોભાવવા માટે તેના ઉપર સોનાનો ગિલ્ટ (રસણ–ઢોળ) ચડાવવામાં આવે છે. તથા દાંતમાં ભરવામાં, ફાઉન્ટન પેનની ટાંકો બનાવવામાં, ફોટોગ્રાફીમાં અને બીજા અનેક ગૌણ ઉપયોગમાં સોનું આવે છે.

કુદરતમાંથી મળી આવતું સોનું ભાગ્યે જ શુદ્ધ હોય છે. તેમાં રૂપું અને અન્ય ધાતુઓ જૂજ અંશમાં પણ મળેલી હોય છે. આવું સોનું 'દેશી સોના' તરીકે ઓળખાય છે. ત્રાંબુ. સીસું અને જસતના ખનીજોમાંથી પણ, એ ધાતુઓ કાઢી લીધા પછી રહેલા કચરામાં, અલ્પ પ્રમાણમાં સોનું હોય છે. આ સોનું કાઢવા માટે જુદીજુદી ક્રિયાઓ કરવામાં આવે



જગતમાં દેશોવાર સોના અને રૂપાની વાર્ષિક પેદાશ દર્શાવતા આલેખો

ાં, એ પ્રમાણે કાઢેલું સોનું મોંઘું પડતું નથી. જળકૃત થરોમાંથી સોનું સારા પ્રમાણમાં મળી આવે છે. થોડાં વર્ષો પૂર્વે તો દુનિયાની સોનાની માગણી આ થરો પૂરી પાડતા.

અખંડ ગઠ્ઠા કે લગડી રૂપે સોનું તો અમુક જગ્યાએથી જ નીકળે છે. ૧૮૬૯માં ઑસ્ટ્રેલિયામાંથી ૨૨૬૮ ઔંસ વજનનો એક ગઠ્ઠો—લગડી મળી આવી હતી. આજે સૌથી વિશેષ સોનાનું ઉત્પાદન દક્ષિણ આફ્રિકા કરે છે. ઈ. ૧૯૩૪–૧૯૩૮ના ગાળામાં દુનિયાના સોનાનું સરેરાશ વાર્ષિક ઉત્પાદન ૩૨૫ લાખ ઔંસ હતું.

હિંદમાં મ્હૈસુર રાજ્યમાં કોલારની સોનાની ખાણો સુપ્રસિદ્ધ છે. ત્યાં ચકમકની સાથે સોનું તેની ભૂકી રૂપે ભળેલું નીકળે છે. આ સુવર્ણમય ચકમક પૃથ્વીના પેટાળમાં છેક ૮ હજાર ફૂટ નીચેથી કાઢવામાં આવે છે. સોનાના આવા ખનીજમાં સોનું તેની સ્વતંત્ર સ્થિતિમાં નિર્ભેળ જ હોય છે, એટલે એ ખનીજમાથી સોનું કાઢવાની રીત સહેલી છે. સોનું વજનમાં ભારે હોવાથી એ સુવર્ણમય ચકમકનો ખાંડેલો ભૂકો પાણીના પ્રવાહમાં ધોવામાં આવે છે, એટલે માટી ઇત્યાદિ પ્રવાહમાં ચાલ્યાં જાય છે અને સોનું નીચે પડી રહે છે. આ ક્રિયા દરમિયાન તેમાં પારો નાખવામાં આવે છે એટલે સોનાનું પારા સાથે પારદમિશ્રણ થાય છે તેને ભેગું કરી શુદ્ધ કરવામાં આવે છે. ધોવાણમાં જતું જૂજ સોનું પણ છટકી જવા દેવામાં આવતું નથી. સોનાવાળા કચરાના એ પાણીને પોટાશિયમ સાયેનાઇડ નામના રસાયન સાથે મેળવવાથી તેમાં રહેલા સોનાનો સાયેનાઇડ સાથે સંયુક્ત પદાર્થ બને છે, જેમાંથી પછી જસત વડે સોનું છુટ્ટું પાડી લઇને શુદ્ધ કરવામાં આવે છે.

રૂપું

સોનું ધાતુઓનો 'રાજા' છેઃ તો રૂપું–ચાંદી ધાતુઓની 'રાણી' છે. ઈ. સ. પૂર્વે ચાર હજાર વર્ષ પહેલાં બનાવેલાં રૂપાનાં ઘરેણાં ખાલ્ડિયાની શાહી કબરોમાંથી મળી આવ્યાં છે. ઘરેણાં અને ઘાટ માટે રૂપું સોનાથી બીજે નંબરે ઉપયોગમાં આવે છે. કેટલાક દેશોમાં તો રૂપું સોના કરતાં પણ કીમતી લેખાય છે.

રૂપું રંગે સફેદ હોય છે. રંગના આ એક અપવાદ સિવાય બીજી બધી રીતે રૂપું સોનાની સાથે મળતું આવે છે. બંને ધાતુઓના ગુણધર્મ લગભગ સરખા છે. રૂપાનો મોટો દુશ્મન ગંધકિત વાયુઓ છે. આ વાયુવાળા વાતાવરણમાં રૂપાની ચીજો કાળી પડી જાય છે. કીમિયાગરો સોનાને જેમ સૂર્યની સાથે જોડતા તેમ રૂપાને ચંદ્રની સાથે જોડતા કારણકે ચાંદની અને રૂપાનો રંગ સામ્ય ધરાવે છે.

કુદરતમાં રૂપું સ્વતંત્ર ધાતુ રૂપે તેમજ બીજી ધાતુઓની સાથે સંયુક્ત સ્થિતિમાં મળી આવે છે રૂપા અને સોનાની મિશ્ર ધાતુ—ઈલિક્ટ્રમમાંથી રૂપું કાઢવામાં આવે છે. દક્ષિણ આફ્રિકાની સોનાની ખાણોમાંથી નીકળતા સોનામાં આશરે ૧૦ ટકા રૂપું હોય છે.

પરંતુ દુનિયાનું અરધા ઉપરનું રૂપું રૂપાની ખાણોમાંથી નથી નીકળતું પણ સીસા, જસત અને ત્રાંબાના ખનીજોમાથી એ ધાતુઓ કાઢી લીધા પછી રહેલા કચરામાંથી તે શોધવામાં આવે છે. તેમાં રૂપું જૂજ પ્રમાણમાં હોય છે, છતાં રૂપાની કિંમતને લીધે તે કાઢવું પરવડે છે. એવો અડસટો કરવામાં આવ્યો છે કે આ રીતે કાઢેલું રૂપું ખાણમાંથી કાઢવામાં આવતા રૂપા કરતાં વધી જાય છે.

રૂપાની કિંમત બીજી ધાતુઓની પેદાશ પર આધાર રાખે છે. જો સીસું, જસત અને ત્રાંબાની માગણી ખૂબ રહે તો રૂપાનું ઉત્પાદન વધે અને અર્થશાસ્ત્રના નિયમ અનુસાર તેની કિંમત ઘટે. રૂપું મુખ્યત્વે સિક્કાની બનાવટમાં વપરાય છે. દુનિયામાં પેદા થતા રૂપાનો ચોથો ભાગ કળા-કારીગરી ને ઉદ્યોગોમાં વપરાય છે. રૂપાનો પણ ગીલ્ટ (રસણ) કરી શકાય છે અને રૂપાનો વરખ તો સોનાના વરખ કરતાં પણ વધારે પાતળો બનાવી શકાય છે. સોનાની માફક રૂપામાંથી પણ ઘાટ–ઘરેણાં બનાવાય છે. દુનિયાભરમાં મેક્સિકો સૌથી વધુ રૂપું પેદા કરે છે. તે પછી અમેરિકાનો નંબર આવે છે. હિંદુસ્તાનમાં ક્યાં યે રૂપું નીકળતું નથી. બ્રહ્મદેશમાં તેની ખાણો છે.

પણ રૂપાનો ખરેખરો મહત્ત્વપૂર્ણ ઉપયોગ ફોટોગ્રાફીમાં થાય છે; અને સીનેમા–ઉદ્યોગની ખીલવણી પછી તો આ ઉપયોગમાં અત્યંત વૃદ્ધિ થઇ છે. સીનેમા અને ફોટોગ્રાફીમાં વપરાતી ફિલ્મો, પ્લેઇટો અને છાપવાના કાગળોમાં સિલ્વર હેલાઈડ અનિવાર્યપણે વપરાય જ છે, કેમકે રૂપાના આ ક્ષારો પર પ્રકાશની અસર જલદી થાય છે. અને આજે સીનેમા અને ફોટોગ્રાફીનો જે મબલખ ઉપયોગ થઇ રહ્યો છે એ જોતાં દુનિયામાં તેનો ઉપયોગ ઘણો આગળ આવે. અમેરિકામાં તો સરકારી ટ્રેઝરી ખાતા પછી વધુમાં વધુ રૂપું વાપરનાર કોડાકની ફિલ્મો ઉત્પન્ન કરનાર લેબોરેટરી છે.

રૂપાના વિધવિધ ક્ષારો દવાઓ તરીકે પણ વપરાય છે,—ખાસ કરીને રૂપાનો નાઇટ્રેટ. એક કરોડ ભાગ પાણીમાં માત્ર એક જ ભાગ રૂપું હોય તો પણ પાણીમાં રહેલાં બધાં જંતુઓ નાશ પામે છે એવો દાવો કરવામાં આવ્યો છે. સુખી હિંદુઓમાં રૂપાનાં વાસણ વડે પાણી પીવાનો જે રિવાજ છે તેમાં ઉપરનો મુદ્દો રહેલો હોય એમ લાગે છે. રેફ્રિજરેટર, વિમાનો વગેરેની બાંધણીમાં રૂપાનું જ રેણ વપરાય છે. દાંત ભરવામાં પણ રૂપું કામ લાગે છે. કાચમાંથી દર્પણ બનાવવા માટે એક બાજુ રૂપાનો જ પટ લગાડવામાં આવે છે. પીળો કાચ બનાવવા માટે રૂપાનો ઑકસાઇડ વપરાય છે અને રૂપું સરસ વિદ્યુતવાહક હોવાથી વીજળીનાં સાધનોની બનાવટમાં પણ તેનો ખૂબ ઉપયોગ થાય છે.

બહારવટાને પંથે

[અનુસંધાન પૃ. ૩૬૬ ઉપરથી]

કાલિદાસ કહેઃ 'આ તો હવાઇ તમંચા ... ના ગોળીને બદલે આ ફૂલ મૂકવાનું.'

એમ કહી તેણે ડાબલીમાંથી અણીદાર પિન અને ઉપર લાલ સૂતરનું ફૂમકું એવાં ફૂલ કાઢ્યાં. તમંચો હવાઇ ? મને નવાઇ લાગી. દેખાવે તો સાચો તમંચો જ લાગે. ત્યાં બેએક કલાક નિશાન લેવાનો અને ધારી જગોએ ગોળી કેમ મારવી તેનો અભ્યાસ કર્યો.

આમ પંદરેક દિવસ ચાલ્યું. તમંચો મને હાથ બેસી ગયો. ભાગ્યે જ નિશાન ચૂકું એટલી દક્ષતા આવી ગઇ. નિશાન તાકવામાં થોડી બુદ્ધિ વાપરવી પડે છે. કેવળ તેના નિયમ સમજીને તે પ્રમાણે કરવાથી જ નિશાન બેસતું નથી. તે હું બરાબર સમજી ગયો.

કાલિદાસ કહેઃ 'આટલું જલદી તમે આ શીખ્યા એ સરસ ગણાય. હવે સાચી ગોળી ચલાવવાનો અભ્યાસ કરવો પડશે. તેમાં આટલી કુશળતા આવ્યા બાદ તમારે પેલી કસોટી માટે તૈયાર થવું પડશે.'

'આ તમંચો સાધ્યા પછી સાચો તમચો ચલાવી ન શકાય ?'

'ના; એમાં એટલો ફેર છે કે સાચી ગોળી છૂટે ત્યારે આંચકો આપે છે. ત્યારે હાથ પર કાબૂ ન હોય તો નિશાન ખાલી જાય.'

સાચી ગોળી ચલાવતાં શીખી જઇ પેલા બાતમીદારને વીંધી નાખવાની હું આતુરતાથી રાહ જોવા લાગ્યો. (ચાલુ)

તાત્યા ટોપે

(પૃ. ૩૪૯થી ચાલુ)

તાત્યાએ પહેલાં ભુરતપુર તરફ નજર દોડાવી. પણ ત્યાં અંગ્રેજ સૈન્ય પહોંચી જવાથી તે જયપુર તરફ ફર્યો. પરંતુ એ યોજનાનીયે અંગ્રેજોને ગંધ આવતાં તેમણે મોટું સૈન્ય જયપુર તરફ રવાના કર્યું. આથી તાત્યા દક્ષિણ દિશા તરફ ધસ્યો. પાછળ પડેલા કર્નલ હોમ્સની સરદારી હેઠળના મોટા સૈન્યને ભુલાવામાં નાખી દઈ તે ટોંક પહોંચ્યો. ટોંકના નવાબે તો દરવાજા બંધ કરી દઈ પોતાના સૈન્યને તાત્યા સામે જ લડવા મોકલ્યું. પણ તાત્યાને જોતાં જ સૈન્ય ભારતના તે તારણહારને મળી ગયું અને બધી તોપો તાત્યાને સોંપી દીધી. આ નવા સૈન્ય તથા સાધનસામગ્રી સાથે તાત્યા દક્ષિણમાં ઇન્દ્રગઢ સુધી પહોંચ્યો. પણ અંગ્રેજ સેનાએ તેને ઘેરવાનો પ્રયત્ન કરતાં તે બુંદી તરફ વળ્યો ને ભીલવાડા આગળ પડાવ નાખ્યો. ત્યાં અંગ્રેજ સેનાપતિ રૉબર્ટસ સાથે યુદ્ધ થયું. આખો દિવસ રૉબર્ટસને રોકી રાખીને રાતના પોતાની બધી તોપો સાથે તે કોટારા તરફ નીકળી ગયો. પણ સૈન્યે હવે આગળ વધવાની ના પાડવાથી ત્યાં તાત્યાને ન છૂટકે ફરી યુદ્ધ આપવું પડ્યું. તેમાં તાત્યાના સૈન્યને તોપો છોડી દઇ પીછેહઠ કરવી પડી. તાત્યા પાસે સાધનસામગ્રીની ફરી તંગી પડી અને દુશ્મન તો તેની પાછળ પડેલો જ હતો. એવા કસોટીના કાળમાં તાત્યાએ પોતાના સૈન્યને સીધા ચંબલ નદી તરફ કૂચ કરવાનો હુકમ કર્યો. પાછળ દુશ્મનની વિશાળ સેના હતી, બાજુ પર મોટું શત્રુ સૈન્ય હતું અને સામે પણ અંગ્રેજ સેનાપતિ મોટા લશ્કર સાથે તાત્યાને ભિડાવવા ઊભો હતો. પણ એ ત્રણેને હાથતાળી દઇ અંગ્રેજોના દેખતાં જ તાત્યા ચંબલ નદી પાર કરી ગયો!

આમ, તેના ને અંગ્રેજોના સૈન્ય વચ્ચે ચંબલ નદી નો આવી. પણ સાધનસામગ્રીનું શું? વળી નર્મદા પાર કરવાની યોજના હજી બાકી હતી. પણ પહાડ સરખી આપત્તિથી યે ગભરાય તો તે તાત્યા શાનો? તે ત્યાંથી ઝાલરાપટ્ટણ પહોંચ્યો અને ત્યાંના રાજાને પોતાને મદદ કરવાની વિનંતિ કરી પણ મદદ કરવાને બદલે તે યે પોતાના લશ્કર સાથે યુદ્ધ કરવા આવ્યો. પરંતુ જેવો તેના સૈન્યે તાત્યાટોપેને જોયો કે તરત જ તે તેને પોતાના તારણહાર તરીકે સલામો કરવા લાગ્યું. એક પણ તોપ કે પૈસા વગર તાત્યા ત્યાં આવેલો અને બત્રીસ તોપો તથા ૧૫ લાખ રૂપિયા ત્યાંથી તેણે મેળવ્યા. તે પૈસા તેણે સૈનિકોમાં ચડેલા પગાર પેટે વહેંચી નાખ્યા. ત્યાંથી તાત્યાએ ઈંદોર પર ચડાઈ કરવાનું નક્કી કર્યું કેમકે ઈંદોર દરબારનાં તાત્યાના ઘણા મિત્રો હતા ને તે તાત્યાને ત્યાં આવવા વારંવાર આમંત્રણ આપતા હતા. ત્યાંથી તાત્યા માળવામાં થઈ રાયગઢ આગળ આવી પહોંચ્યો.

તાત્યાને સપડાવવા છ છ અંગ્રેજ સેનાપતિઓ (હોમ્સ, પાર્ક. મિચેલ, હોપ. લૉકહાર્ટ ને રૉબર્ટ્સ) મોટાં સૈન્ય સાથે ધમપછાડા કરી રહ્યા હતા. તાત્યા ઈંદોર તરફ ઊપડયો છે એ ખબર સાંભળતાં જ તે બધા મૂંઝવણમાં પડી ગયા. એક મહુથી ઊપડયો, બીજો નાલપારા દોડ્યો ને ત્રીજો રાયગઢ જવું કે નહિ તેની વિમાસણમાં પડી ગયો. જનરલ મિચેલ તાત્યાની પાછળ પડ્યો. યુદ્ધ થયું. થાકીને લોથ થએલું તાત્યાનું લશ્કર તોપો છોડી દઈ વ્યવસ્થિત પીછેહઠ કરી ગયું. ત્યાંથી બેટવા નદીનું જંગલ વીંધી તાત્યા સિરંજ પહોંચ્યો અને ત્યાંથી ૪ તોપો મેળવી. તાત્યાની એક જ ધૂન હતી: નર્મદા પાર કરવાની. પણ તેના માર્ગમાં હજારો અંગ્રેજ તોપો તેને રોકવા ઊભી હતી. એ ધ્યેય પાર પાડવા માટેની તાત્યા ટોપેની આ અદ્‌ભુત કૂચો વિષે એક અંગ્રેજનો જ અહેવાલ સાંભળીએ:

'ત્યાર પછી દસ માસ સુધી તાત્યા ટોપેની છટકી જવાની અદ્‌ભુત માલિકા શરૂ થઇ. તેના વડે તેણે આપણા વિજયોને પણ નિષ્ફળ બનાવી દીધા. આ કારણે આપણા કોઈ પણ મોટા અંગ્રેજ કે હિંદી સેનાપતિ કરતાં તાત્યા ટોપેનું નામ યુરોપભરમાં મશહૂર બની ગયું તાત્યાનું કામ કંઇ સહેલું કે સરળ પણ નહોતું. નિરાશ થએલા પોતાના સૈન્યને એકસૂત્રમાં બાંધી રાખવાનું હતું; પોતાની અવ્યવસ્થિત સેનાને એવી તો અસાધારણ ગતિથી ચલાવવાની હતી કે જેથી માત્ર પાછળ પડેલી જ દુશ્મન સેના નહિ પણ બરાબર કાટખૂણે ઊતરી આવતી શત્રુ સેનાને પણ હાથતાળી દઈ શકાય. આ રીતે વીજળિક ઝડપે પોતાના બેશિસ્ત સૈનિકોને આમથી તેમ ફેરવવાની સાથે તેને ડઝનબંધ શહેરો જીતી લેવાનાં હતાં, નવીનવી સાધનસામગ્રી મેળવવાની હતી, તોપો ભેગી કરવાની હતી અને સૌથી વધુ તો સૈનિકોની નવી મરજિયાત ભરતી કરવાની હતી, કે જેમને માટે રોજના ૬૦ માઇલની અવિરત રાક્ષસી ઝડપે પ્રવાસ કરવાનું જ એકમાત્ર આકર્ષણ હતું! અને આ બધું તેણે જે અલ્પ સાધનોની મદદથી કરી બતાવ્યું હતું તે તાત્યા ટોપેની યોગ્યતા કેવા શ્રેષ્ઠ પ્રકારની હતી તે બતાવી આપે છે...... શરૂમાં તો અંગ્રેજ સૈન્ય બહુ ધીમે ધીમે કૂચ કરતું આખરે તેને પણ ઝડપથી કૂચ કરતાં શીખવું પડ્યું. અને છતાં પણ, આખરે છેલ્લેછેલ્લે જ્યારે બ્રિગેડિયર પાર્ક તથા કર્નલ નેપિયરની ગતિ બહુ તેજીલી થઈ ત્યારે પણ તાત્યા ટોપેની ગતિ કરતાં તો તે માત્ર અરધી જ હતી! તાત્યા છટકતો જ રહ્યો. આમ, કો'ક વખત ૨૦૦૦ હતાશ થએલા સિપાહીઓ સાથે તો કોઈક વાર ૧૫ હજારના સૈન્ય સાથે તાત્યા આખો ઉનાળો, ચોમાસું અને શિયાળો અને ફરી આખો ઉનાળો ચિલઝડપે કૂચ કરતો જ રહ્યો.'

તાત્યાની શક્તિ પુરવાર કરવા માટે આટલો ફકરો જ બસ છે.

તાત્યાનું ધ્યેય હતું નર્મદા પાર કરી દખ્ખણમાં વિપ્લવ જગાડવાનું. પોતાનું તે ધ્યેય ગમે તે ભોગે પાર પાડવાનો તેણે નિશ્ચય કર્યો. તે માટે તેણે કુશળ વ્યૂહરચના ગોઠવી. પોતાની સેનાના તેણે બે ભાગ પાડી નાખ્યા. એક ભાગ રાવસાહેબને સોંપ્યો અને બીજો પોતાની સાથે લીધો અને બંને દક્ષિણ તરફ ઊપડ્યા. ઝડપથી પ્રવાસ કરતા તેઓ લલિતપુર આગળ ભેગા મળ્યા. દુશ્મને તેમને ત્યાં બરાબર ઘેર્યા. દક્ષિણ દિશામાં અંગ્રેજ સેનાપતિ મિચેલ, પૂર્વમાં કર્નલ લિડેલ, ઉત્તરમાં કર્નલ મીડ, પશ્ચિમમાં કર્નલ પાર્ક અને અને ચંબલ તરફ રૉબર્ટસ—એમ ચોદિશ શત્રુદળ ઊભું હતું અને હર પળે પોતાનું વર્તુલ સાંકડું કરીને તાત્યા તરફ ધસ્યે જતું હતું. પણ સિંહને પાંજરામાં પૂરવો સહેલ નથી. તાત્યા ત્યાંથી કાજુરી પહોંચ્યો અને ત્યાં ઊભેલા અંગ્રેજ સૈન્યને ભૂલ થાપ દઇ જંગલમાં પ્રવેશ કર્યો.

હવે અંગ્રેજ સૈન્યને ખોટે રસ્તે દોરવા તેણે એક યુક્તિ કરી. તેણે ફરીથી ઉત્તર તરફ કૂચ કરવા માંડી. આથી અંગ્રેજોએ ધાર્યું કે પોતાના મજબૂત વ્યૂહને કારણે તાત્યાએ નર્મદા પાર કરવાનો વિચાર છોડી દીધો છે. પણ નાસતો ચિત્તો જેમ ઓચિંતો પાછો ફરીને હુમલો કરે તેમ તાત્યા ટોપે એકાએક ચિલઝડપે પાછો ફર્યો, બેટવા નદી ઓળંગી, કાજુરી તથા રાયગઢ આગળ અંગ્રેજો સાથે ઝપાઝપી કરી અને તીરની માફક દક્ષિણ દિશા તરફ ઊપડ્યો. એટલી ઝડપથી, કુનેહથી ને બહાદુરીથી તેણે આ કર્યું કે તેથી અંગ્રેજો તો ગુંચવાડામાં જ પડી ગયા અને તેને નર્મદા ઓળંગતો અટકાવવા દશે દિશામાં દોડાદોડ કરવા લાગ્યા! પણ એ વીર સેનાનાયક તો અજબ હિંમત તથા કૌશલથી અંગ્રેજ સેનાઓને ભુલાવામાં નાખી દઈ વીજળીની માફક પર્વતો તથા નદી-નાળાં ઓળંગતો દક્ષિણ તરફ ધસતો જ રહ્યો. જમણી બાજુથી જનરલ પાર્ક તેની પર ધસ્યો, મિચેલ તેની પાછળ પડ્યાં અને બીચર તો સામે જ તૈયાર થઇને બેઠો હતો. છતાં દક્ષિણ

તરફની તાત્યાની કૂચ ચાલુ જ હતી.

અને સત્તાવનના સંગ્રામનો એ અદ્વિતીય નેતા નર્મદાને કાંઠે પહોંચી પણ ગયો, ને જોતજોતામાં સૌને હાથતાળી દઈ બધાંને મોંમાં આંગળાં પકડાવતો નર્મદા પાર પણ કરી ગયો! કસાએલા અનેક અંગ્રેજ સેનાપતિઓ પાછળ હાથ ઘસતા રહી ગયા. આ વાતની જ્યારે ખબર પડી ત્યારે માત્ર હિંદના અને ઈંગ્લંડના લોકો જ નહિ પણ યુરોપના યુદ્ધશાસ્ત્રીઓ તથા ખુદ તાત્યાના શત્રુઓ પણ બોલી ઊઠ્યા, 'શાબાશ તાત્યા! શાબાશ!' ચુસ્ત અંગ્રેજ ઈતિહાસકાર માલેસને પણ કબૂલ્યું કે 'જે ચીવટ તથા કૌશલથી આ યોજના પાર પાડવામાં આવી તેની પ્રશંસા કર્યાં વગર રહેવાતું નથી.'

આમ, મહારાષ્ટ્રના એ વનરાજે અંતે ખુદ મહારાષ્ટ્રની ધરતી પર પગ મૂકેલો જોઇ હૈદ્રાબાદનો નિઝામ, મદ્રાસનો લોર્ડ હૅરિસ, મુંબાઇનો લોર્ડ એલ્ફિન્સ્ટન ને છેક કલકત્તાનો લોર્ડ કૅનિંગ પણ ફફડી ઊઠ્યા. પેશ્વાનો આ પ્રતિનિધિ જો શિવાજીના મહારાષ્ટ્રને ફરી સળગાવી મૂકે તો અંગ્રેજોની ઉત્તર હિંદની સર્વ મહેનત ધૂળ મળી જાય તેમ હતું.

પણ કિસ્મત તાત્યાની તરફેણમાં નહોતું. એક વરસ પહેલાં જો તાત્યા મહારાષ્ટ્રમાં આવ્યો હોત તો બાજી જુદી જ હોત; પણ હવે તો બધી આગ ઠરી ગઈ હતી. ભયંકર રક્તપાત તથા વૈરતૃપ્તિ માટેની અંગ્રેજોની પાશવી લીલા જોઇ લોકો ડઘાઇ ગયા હતા. આથી તાત્યાને જોઇતી મદદ તથા સહકાર દખ્ખણમાંથી ન મળ્યાં. છતાં પણ તાત્યા નિરાશ થયો નહિ. તે થોડો વખત નાગપુર રહ્યો અને ભવિષ્યની યોજના વિચારવા લાગ્યો.

તેણે હવે વડોદરા તરફ વળવાનો વિચાર કર્યો, કારણ કે વડોદરા નરેશના દરબારમાંનાં ઘણાં માણસો તથા આખી સેના તાત્યાનાં પક્ષનાં હતાં ને તાત્યા ત્યાં પહોંચે એટલી જ વાર હતી. પણ તે માટે ફરી પાછું નર્મદા ઓળંગવાનું મહાભારત કાર્ય કરવાનું હતું. હવે તો અંગ્રેજોએ નર્મદાની બંને બાજુ એવી રીતે સેના ગોઠવી હતી કે ચકલું પણ તેમની જાણ વગર નર્મદા ઓળંગી શકે નહિ. પણ આ તો તાત્યા! પ્રાણ જાય પણ પ્રયત્ન ન છોડે એવી માટીનો એ ઘડાએલો હતો. ભીષણ નિરધાર કરીને એ નર્મદા ઓળંગવા ઊપડ્યો અને નર્મદા નદીને કાંઠે એક કારગૂન નામના ગામડા પાસે આવ્યો. ત્યાં મેજર સન્ડરલૅન્ડ પહેરો ભરી જ રહ્યો હતો. બંને વચ્ચે ખૂનખાર યુદ્ધ થયું. જેવો જંગ પૂર જોસમાં મચ્યો કે અચાનક તાત્યાએ સૈનિકોને હુકમ કર્યો, 'તોપો છોડી દઇ નર્મદામાં કૂદી પડો.' પલકમાં તાત્યાની આખી સેના નર્મદામાં કૂદી પડી અને બીજી જ ક્ષણે સામે કાંઠે જઈ પહોંચી! અંગ્રેજ સેનાપતિ પહેલાં તો સમજી જ શક્યો નહિ કે આ શું બન્યું! અને જ્યારે વસ્તુસ્થિતિની તેને ખબર પડી ત્યારે નિરાશામાં તે હાથ ઘસવા લાગ્યો! યુદ્ધકૌશલના ઇતિહાસમાં તાત્યા તથા તેના સૈનિકોનું આ પરાક્રમ અદ્વિતીય ગણાય છે.

તાત્યા હવે સીધો વડોદરા તરફ ઊપડ્યો. ઉત્તરની બધી અંગ્રેજ સેનાઓ ગીધની માફક તાત્યાની પાછળ પડી અને તેને પકડવા જુદાજુદા પેંતરા ગોઠવવા લાગી. પણ તાત્યાની અજબ ગિલઝડપને કોણ પહોંચી શકે? બધાને હાથતાળી દઈ તાત્યા વડોદરા તરફ ધસતો જ રહ્યો અને વચ્ચે રાજપુરના રાજા પાસેથી જોઇતી સામગ્રી મેળવીને તે વડોદરાથી માત્ર ૫૦ માઈલ દૂર છોટાઉદેપુરમાં પહોંચી ગયો!

પણ એવામાં અંગ્રેજ સેનાપતિ પાર્ક એક જંગી સેના લઇ છોટાઉદેપુર આવી પહોંચવાથી તાત્યાને પોતાનો વિચાર છોડી દઈ ઉત્તર તરફ વાંસવાડાના જંગલમાં ચાલ્યા જવાની ફરજ પડી.

એવામાં બાંદાના નવાબે રાણી વિક્ટોરિયાના ઢંઢેરા અનુસાર હથિયારો હેઠાં મૂકી દીધાં અને અંગ્રેજોને શરણે ચાલ્યો ગયો. આમ પોતાનો એક સાથી ઓછો થવા છતાં પણ તાત્યા ટોપે તથા રાવસાહેબ આખર સુધી લડી નાખવાના પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા.

પણ તાત્યાને હવે અંગ્રેજોએ બરાબર ઘેર્યો હતો. દક્ષિણ તરફ નર્મદા, પશ્ચિમ તરફ મોટા સૈન્ય સાથે રૉબર્ટ્સ અને ઉત્તર તથા પૂર્વમાં અનુલ્લંઘનીય સીધા પર્વતો. આવી વિકટ પરિસ્થિતિમાં પણ તેમની આશ્ચર્યકારક સ્વસ્થતા માટે એક અંગ્રેજ લખે છે, 'આવા ભયંકર સંકટના વખતમાં પણ તે બે જણા પહેલાંની માફક જ તદ્દન સ્વસ્થ, પરાક્રમી તથા ઉપાય શોધવામાં ચાલાક રહ્યા હતા.' અંતે કપરું સાહસ કરીને તાત્યા જંગલોની બહાર આવી, પાસેના કિલ્લેદાર પાસેથી સાધનસામગ્રી મેળવી ઉદેપુર તરફ ઊપડ્યો. તરત જ અનેક અંગ્રેજ લશ્કરો તાત્યા પર તૂટી પડ્યાં. આથી તાત્યાને ફરી જંગલમાં પ્રવેશ કરવો પડ્યો. આમ ભારતના તે સિંહને અંગ્રેજો બરાબરા ઘેરીને ઘેરાનો ફાંસ વધુ ને વધુ દૃઢ કરતા જતા હતા. તાત્યાએ પરિસ્થિતિનો ફરી સ્વસ્થતાથી વિચાર કર્યો ગુપ્તચરોની તેની વ્યવસ્થા એટલી તો સરસ હતી કે અંગ્રેજ સૈન્યની દરેક નાની મોટી વિગતો તથા હિલચાલની રજેરજ માહિતી તાત્યાને તરત મળી જતી. એનાથી તાત્યાએ જાણી લીધું કે અંગ્રજ સેનાનું બળ ચારે દિશામાં સરખું નથી. તરત જ્યાં અંગ્રેજોનું બળ નબળું હતું તે બાજુથી તાત્યા બહાર નીકળ્યો અને ત્યાં ઊભેલા મેજર રૉક પર હુમલો કરી તેને હરાવી અને તેની સેનાને આરપાર વીંધીને ચાલ્યો ગયો! અંગ્રેજોનો આ સજ્જડ ફાંસલા-ઘેરો પણ ધૂળ મળી ગયો અને બધા અંગ્રેજ અફસરોનાં મુખ શરમથી ઢળી ગયાં!

૧૮૫૮ના ડિસેમ્બરની ૨૫માએ તાત્યાએ વાંસવાડાનું જંગલ છોડ્યું અને પોતાને મળવા આવતા ઉત્તર હિંદના 'શેર' ફિરોઝશાહને મળવા ઈન્દ્રગઢ પહોંચ્યો. ત્યાં ફિરોઝશાહ તથા સિંધિયાનો એક સરદાર માનસિંગ તાત્યા ટોપેને મળ્યા. ત્યાંથી બધા દેવાસ આવ્યા. ત્યાં અંગ્રેજોએ ફરી તેમને ઘેર્યા. નેપિયર, શૉવર્સ, સમરસેટ, સ્મિથ, મિચેલ, બેન્સન અને હૉનર એવા સાતસાત પ્રથમ કક્ષાના સેનાપતિઓએ આ વખતે ઘેરાને એવો તો સંપૂર્ણ બનાવ્યો હતો કે નાસવાને કોઇ બારી કે છિંડું સરખું ન હતું.

તાત્યા ટોપે, રાવસાહેબ પેશ્વા તથા શેર ફિરોઝશાહ પોતાના તંબૂમાં આખરી યોજના ઘડવા બેઠા હતા. ત્યાં તો એક નિરાશાભરી બૂમ સંભળાઈ અને તાત્યાની પીઠ પર અંગ્રેજ સેનાપતિનો હાથ સુદ્ધાં પડ્યો. અંગ્રેજો છાવણીમાં ઘૂસી આવ્યા હતા. તરત અંગ્રેજોએ હર્ષની ગર્જના કરી: 'તાત્યા ટોપે પકડાયો! તાત્યા ટોપે પકડાયો!' પણ બીજી જ ક્ષણે તે વિજયી ગર્જના નિરાશાભર્યા સૂરમાં પલટાઈ ગઇ: 'અરે! તાત્યા ક્યાં? હમણાં જ અહીં હતો ને? સૈનિકો, દોડો દોડો, તાત્યાને પકડો!' અંગ્રેજો ખૂણેખાંચરે શોધી વળ્યા પણ તાત્યા કે તેના સાથીદારો પૈકી કોઇ પણ હાથ ન આવ્યું!

૧૮૫૯ની ૨૧મી જાન્યુઆરીએ તાત્યા શિખરમાં દેખાયો. તેને પકડવા અંગ્રેજ ફોજો ગાંડાની માફક દોડવા લાગી. સેનાપતિ હોમ્સને તો એ ક્રાંતિકારીઓ સાથે ઝપાઝપી પણ થઈ. તેમાં ક્રાંતિકારીઓનો પરાજય થયો અને તેમને પીછેહઠ કરવી પડી. ત્યાર પછી તાત્યા હવે પોતાના સાથીદારોની રજા લઇ માત્ર બે ઘોડા,

બે બ્રાહ્મણ રસોઈઆ અને એક નોકર સાથે પારનના જંગલ તરફ ચાલી નીકળ્યો. ત્યાં ગ્વાલિયરનો સરદાર માનસિંગ છુપાઇને બેઠો હતો. તેની પાસે પહોંચી તાત્યાએ કહ્યું, 'આ દોડાદોડથી હવે હું કંટાળ્યો છું અને હવે અહીં જ રહેવાનો છું.'

હવે જ્યારે અંગ્રેજોએ જાણ્યું કે પોતે તાત્યા ટોપેને ખુલ્લા યુદ્ધમાં પકડી શકે તેમ નથી, ત્યારે તેમણે પોતાનું જૂનું ને ચિરપરિચિત વિશ્વાસઘાત તથા દગાનું શસ્ત્ર કાઢયું. તેમણે મોટી જાગીર આપવાની લાલચ આપીને માનસિંગને ફોડયો અને એ દેશદ્રોહી માનસિંગે અંગ્રેજોને તાત્યાનું ગુપ્ત સ્થાન બતાવી દીધું. મધરાતે જ્યારે તાત્યા ટોપે ઘસઘસાટ ઊંઘતો હતો ત્યારે અંગ્રેજોએ છાપો મારી તેને પકડયો. ૧૮૫૯ના એપ્રિલની ૭મીનો એ ગોઝારો દિવસ હતો.

તાત્યા પર કોર્ટ માર્શલ ચલાવવામાં આવી. અંગ્રેજ સત્તા સામે યુદ્ધ ખેડવાનો ગંભીર આરોપ તેના પર મૂકવામાં આવ્યો. તેના જવાબમાં તાત્યાએ ટૂંકું જ નિવેદન કર્યું: 'કાલ્પી સુધી હું નાનાસાહેબના હુકમ નીચે હતો અને ત્યાર પછી રાવસાહેબના, સમરભૂમિ સિવાય બીજે કયાંય મેં કે નાનાસાહેબે એક પણ અંગ્રેજ સ્ત્રી પુરુષ કે બાળકને મારી નાખ્યા નથી કે ફાંસીએ ચડાવ્યા નથી. આથી વધુ આ મુકદમામાં ભાગ લેવાની મારી બિલકુલ ઇચ્છા નથી.'

આ પછી અંગ્રેજોએ ખાસ વિનંતિ કરવાથી તાત્યાએ સત્તાવનના આખા સ્વાતંત્ર્યસંગ્રામની અથથી ઇતિ સુધી ટૂંકી પણ પ્રમાણભૂત તથા મહત્ત્વની ડાયરી લખાવી. લખી રહ્યા પછી મુનશીએ તે ડાયરી તાત્યાને વાંચી સંભળાવી અને પછી તાત્યાએ તે ડાયરી નીચે અંગ્રેજી ભાષામાં સ્પષ્ટ સહી કરી: 'Tatia Tope'. તેને જે કંઈ સવાલો પૂછવામાં આવતા તેના જવાબો તાત્યા ટૂંકા, મુદ્દાસર ને શુદ્ધ હિંદુસ્તાનીમાં જ આપતો. ત્રણ દિવસ સુધી તાત્યાની તપાસ ચાલી. તે દિવસો દરમિયાન હજારો હિંદુઓ ભક્તિભાવે તાત્યાનાં દર્શન કરવા આવતા. એક અંગ્રેજ અફસરે તાત્યાને જણાવ્યું કે 'તમારા પર કેસ ચાલવાનો છે તેના બચાવની તો કંઈ તૈયારી કરો.' ત્યારે તાત્યાએ ધીરતાથી તેજસ્વી જવાબ વાળ્યો, 'અંગ્રેજો સામે યુદ્ધ કરેલું હોવાથી મારે મૃત્યુદંડ માટે જ તૈયાર રહેવું જોઇએ એ હું બરાબર જાણું છું. મારે કોઈ કોર્ટની જરૂર નથી કે કેસમાં ભાગ લેવાની પણ ઇચ્છા નથી. મારી એકમાત્ર ઇચ્છા એ છે કે જેમ બને તેમ સત્વર મને ફાંસીને માચડે યા તોપને મોઢે ચડાવી દઈ આ જંજીરોમાંથી મુક્ત કરવામાં આવે. માત્ર એક જ વિનંતિ હું આપને કરું છું કે ગ્વાલિયરમાં રહેતા મારા કુટુંબનો મારા કૃત્ય સાથે લેશમાત્ર સંબંધ ન હોવાથી મારા વૃદ્ધ પિતાજી પર કામ ચલાવવામાં ન આવે.'

૧૮૫૯ની ૧૮મી એપ્રિલે કોર્ટ માર્શલનો ફાર્સ પૂરો થયો. તાત્યાને ફાંસીની સજા ફરમાવવામાં આવી. એક મોટી અંગ્રેજ પલટનના પહેરા નીચે તાત્યાને સાંજના ૪ વાગ્યે ફાંસીના માચડા પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં પણ ફોજ ભરેલી બંદુકે ચોરસ આકારમાં માચડાને ઘેરીને ઊભી રહી. રખેને પાછો તાત્યા છટકી જાય! આજુબાજુનાં ગામડાંના હજારો લોકો ઊંચી જગ્યાએ ઊભા રહી તાત્યાને શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરતા હતા. તાત્યાએ ફરી વિનતિ કરી કે મારા પિતાજી પર કામ ચલાવશો નહિ. આરોપ અને સજા વાંચવામાં આવ્યાં. લુહારે તાત્યાના પગમાંની બેડીઓ તોડી નાખી. તાત્યા બહાદુરીથી તથા દ્રઢતાથી પગલાં ભરતો ફાંસીના માચડા પાસે ગયો અને બિલકુલ સ્વસ્થતાથી માચડાનાં પગથિયાં પર ચડયો. નિયમ પ્રમાણે જલ્લાદ તાત્યાના હાથપગ બાંધવા આવ્યો. હસીને તાત્યાએ કહ્યું, 'તેની કાંઈ જરૂર નથી'; અને જાતે જ ફાંસીનું દોરડું પોતાના ગળામાં પહેરી લીધું. ફાંસો મજબૂત બન્યો, પાટિયું ખસેડી લેવામાં આવ્યું અને બીજી જ ક્ષણે.......

પેશ્વાનો એકનિષ્ઠ સેવક, સત્તાવનના સ્વાતંત્ર્યસંગ્રામનો અવસ્મરણીય અધિનાયક, દેશનો તેજસ્વી શહીદ તાત્યા ટોપે ચાલ્યો ગયો. દેશને ખાતર, સ્વાતંત્ર્યને ખાતર તેણે અસંખ્ય કષ્ટો સહન કર્યાં, રાત કે દિવસ જોયા વગર ભગીરથ પ્રયત્નો કર્યાં એ તેનો ગુનો ગણાયો; અને એક દેશદ્રોહીના વિશ્વાસઘાતને કારણે ફાંસીનું તેને ઈનામ મળ્યું. જે ઉમદા ધ્યેયને માટે તાત્યાએ પોતાની કાયા ઘસી નાખી તેનો કેવો કરુણ અંજામ!

સૂર્યાસ્ત સુધી તાત્યા ટોપેનું શરીર ફાંસીને માચડે લટકતું રહ્યું જ્યારે તેની આસપાસનો પહેરો ઉઠાવી લેવામાં આવ્યો ત્યારે સેંકડો યુરોપિયનો તાત્યાના સંભારણા તરીકે સંઘરી રાખવા માટે તેના માથાનો એકએક વાળ ચૂંટી લેવા માટે પડાપડી કરવા લાગ્યા.

આમ, ૧૮૫૭ના અભૂતપૂર્વ સ્વાતંત્ર્યસંગ્રામનો જે જ્વાલામુખી મે ની ૧૫ મીએ ફાટી નીકળ્યો તેની છેલ્લી ચિનગારી ૧૮૫૯ ના એપ્રિલની ૧૮મીએ તાત્યાને ફાંસી મળતાં બુઝાઇ ગઈ.

જૂજ લવાજમ-વધારો

ગયે વર્ષે જાહેર કરેલા લવાજમના વધારા વખતે અમને આશા હતી કે એ અણગમતી વાત અમારે ફરી નહિ સંભારવી પડે. પણ તે પછી કાગળના ભાવ લગભગ દોઢા થયા છે, બીજી સામગ્રી અને કામદારોની રોજીના દર વધતા જ ગયા છે અને વધારામાં 'સેલ્સ ટૅક્સ' નવો ઉમેરાયો છે. આ નવા બોજાને થોડોક હળવો કરી શકાય અને બીજી બાજુ ગ્રાહકો ઉપર પણ ઝાઝું દબાણ ન આવે, એ રીતે બંને તરફનો વિચાર કરીને, અમારે નછુટકે ૧લી જાન્યુઆરી ૧૯૪૮થી અમારાં પત્રોના વાર્ષિક લવાજમમાં આઠ આનાનો (પરદેશ માટે તેના પ્રમાણમાં) વધારો કરવાનો નિર્ણય કરવો પડયો છે;—કેટલા સંકોચ અને આનાકાની સાથે એ કરવો પડયો હશે, એ ગ્રાહકોને કહેવાની જરૂર અમે જોતા નથી. અમને ઉમેદ છે કે નછુટકે કરવા પડેલા આ નાનાશા લવાજમ-વધારાને ગ્રાહકો નિભાવી લેશે.

બચુભાઈ રાવત તંત્રી 'કુમાર'
જયન્તી દલાલ તંત્રી 'રેખા'
ઈશ્વરલાલ દવે સંપાદક 'ઊર્મિ-નવરચના'
મનુભાઈ જોધાણી સંપાદક 'સ્ત્રીજીવન'

(**નાઈલ** અનુ. પૃ. ૩૫૨ થી ચાલુ) ના આત્રે તે સમાલજે.

રમેશ: હા, નહિતર આજ તો રાતે સ્વપ્નાં પણ મુરદાંઓનાં જ આવશે.

રૂસ્તમ: (રમેશને) ભાભી! હવે ચાલ, પ્રોફેસરને સાંભળ. બક-વાદ છોડ.

રસૂલ: અમીરો, ઉમરાવો, લહિયાઓ, પૂજારીઓ, ખેડૂતો, અસ્પૃશ્યો વગેરેના એ મિસરમાં ચોરો પણ હતા. એ ચોરોનાં મં-ડળો હતાં અને એમાં સભ્યો લેવાતા. એમાં એક પ્રમુખ પણ રહેતો. જેની ચીજ ચોરાતી તે પ્રમુખને અરજી કરતો અને ચીજની ચોથા ભાગની કિંમત ભરતાં ચીજ પાછી પણ મળતી. આવા એક ચબરાક ચોરની એક કહાણી સાંભળો.

એક મિસરી રાજાની પાસે અઢળક દોલત એકઠી થઈ હતી. સોનાં, રૂપાં. હીરા, માણેક, મોતી વગેરેના ઢગલે લેખાં હતાં. આ બધું કેવી રીતે સંતાડવું? રાજાને એક આલિશાન ભોંયરૂં કરવાનો વિચાર આવ્યો અને તે મુજબ તેણે એક કુશળ મિસ્ત્રીને બોલાવ્યો. મિસ્ત્રીને થયું કે રાજાની આટઆટલી દોલતમાંથી પોતાને તથા પો-તાના વારસોને કંઈક મળ્યા કરે તો કેવું સારૂં! આ વિચારે તેણે એક યુક્તિ કરી. બાંધણીમાં એવી કરામત કરી કે બહારથી એક પત્થર અમુક રીતે ખસેડતાં ભોંયરામાં સીધું દાખલ થઈ શકાય. ભોંયરૂં અંદરથી ઘણું વિશાળ અને સોઈવાળું હતું. આ ભેદી માર્ગની ખબર મિસ્ત્રીએ પોતાનાં માણસોને પણ ન પડે એવી સાવચેતી રાખી. વર-સમાં કોઈક દિવસ મિસ્ત્રી આ છૂપા માર્ગેથી ભોંયરામાં પ્રવેશતો અને થોડુંઘણું ઝવેરાત લઈ આવતો. એમ કરતાંકરતાં મિસ્ત્રી માંદો થયો ને મરણ પથારીએ પડયો એટલે એણે પોતાના બે દીકરાને પોતાની પાસે બોલાવ્યા અને ભોંયરાનો ભેદ કહ્યો. પણ મિસ્ત્રીના મરણ પછી છોકરાઓએ તો રાજાના ભોંયરામાંથી એટલું બધું ઝવે-રાત સરકાવવા માંડયું કે તેની જાણ રાજાને થઇ ગઈ ઝવેરાત ઓછું ને ઓછું થતું ચાલ્યું અને રાજા તથા ખજાનચી વિચારમાં પડી ગયા. ચારે તરફ જંગી દીવાલો. મોટાંમોટાં બારણાં અને સખત ચોકીપહેરો છતાં આ લઈ જનાર કોણ હશે તેની વિમાસણમાં બંને પડ્યા. અંતે રાજાને એક યુક્તિ સૂઝી. ચોર પકડાય એવા ત્રણચાર ફાંસલા તેણે ગોઠવ્યા કે જેથી ચોર જેવો હાથ નાખે કે તરત જ જકડાઇ જાય! એક રાતે પેલા બંને ભાઇઓ ભેદી માર્ગેથી ભોંયરામાં પેઠા. મોટો ભાઈ એક ભંડારમાં જેવો હાથ નાખવા જાય છે તેવો જ જકડાઈ ગયો. એણે થોડીવાર તો તરફડિયાં માર્યાં પણ કંઈ પત્તો ખાધો નહિ.

[રમેશ વચ્ચે બોલી ઊઠે છે]

રમેશ: રૂસ્તમ જોયું? તું જકડાયો.

રૂસ્તમ: ડીસ્ટર્બ નહિ કર ઉલ્લુ! રસૂલ, દીકરી! તું તારે પ્રોસીડ.

રસૂલ: છેવટે એણે નાના ભાઇને કહ્યું, 'મારું માથું કાપી લઇને તું એકદમ રસ્તે પડી જા. છૂટવાનું હવે મુશ્કેલ છે. પકડાઈશ તો તરત ઓળખાઈશ, એટલું નહિ પણ મને રીબાવીને મારી નાખશે, માટે હવે ઝટ કર.' રડતાંરડતાં નાના ભાઈએ મોટાનું માથું કાપી નાખ્યું અને પાછો ઘેર આવ્યો.

રમેશ: (વચ્ચે ખોટું રોવાનો ચાળો કરતો) રૂસ્તમ! ભઈલા! આ મેં શું કીધું? તારૂં કેવું સોજ્જું બાબરીવાળું ગોળમટોળ માથું ધડથી અળગું કીધું! ઓ મારા રૂસ્તમભાઇ! તારી સોજ્જી છ ફૂટની ઉંચાઈ મેં શીદને છ ઇંચ ઓછી કીધી? રમેશ! દુષ્ટ! તને આ શું સૂઝયું?

રૂસ્તમ: રડ નહિ, દીકરી લે આ રૂમાલ, આંખો લૂછી નાખ. ચાલ રસૂલ, દીકરા, તું તારે પ્રોસીડ.

રસૂલ: એક બે દિવસ વીતી ગયા છતાં મોટો દીકરો ઘેર ના આવ્યો એટલે માતાએ કલ્પાંત કરવા માંડયું. શબને પેટીમાં મૂકીને દફનાવ્યા વગર જીવ ગતે ન જાય એવી મિસરી માન્યતાને લીધે માતાએ નાના દીકરાને કોઇ પણ હિસાબે મોટાનું શબ લાવી આપ-વાની આજ્ઞા કરી. નાનાએ તેમ કરવાનું કબૂલ કર્યું.

આ તરફ રાજાએ વિચાર કર્યો કે મિસરી રિવાજ પ્રમાણે શબ લઈ જવાનો પ્રયત્ન તો જરૂર થશે, એટલે ચોરનો મળતિયો પકડાશે. માટે લાવ, શબને શહેરને દરવાજે ટાંગવાનો હુકમ કરું. એ પ્રમાણે રાજાએ હુકમ કર્યો અને શબને લટકાવવામાં આવ્યું ને ત્યાં આગળ સખત ચોકીપહેરો ગોઠવ્યો. નાના ભાઇએ એક કિસ્સો કર્યો. મિસરી લોકો દારૂના ઘણા શોખીન. એટલે એણે દારૂ વેચનારનો વેશ લઇ પેલા ચોકીદારોને ખૂબ દારૂ મફત પાયો મફતનો દારૂ, એટલે ચોકીદારોએ તે ખૂબ ઢીંચ્યો અને છેવટે તે બધા છાકટા થઇને પડ્યા. આ તકનો લાભ લઇ નાનો ભાઈ શબ ચોરી ગયો. બીજે દિવસે રાજાને આની જાણ થઈ એટલે ચોકીદારોને તો ચાબખા પડયા, પણ આ ચોરને હવે શી રીતે પકડવો એની ચિંતામાં રાજા પડી ગયો.

રાજાને એક સુંદર કન્યા હતી. રાજકુમારી યુવાન હતી અને રૂપ અને ગુણથી સંપન્ન હતી. કુંવરીએ પિતાને કહ્યું: 'બાપુ, હું તમારો ચોર શોધી આપીશ. મને ભોંયરામાં એક રાત રહેવા દો. બહાર સખત ચોકીપહેરો મૂકજો.' ઘણી આનાકાની પછી રાજાએ આ વાત કબૂલી કુંવરી ભોંયરામાં સૂતી. રાતે પેલો ચોર આવ્યો. તે યુવાનને જોતાં જ કુંવરી તેના ઉપર મોહી પડી અને ચોરને જીતતાં પોતે જ ચોરથી જીતાઈ ગઇ હતી તેવું તેને લાગ્યું (રમેશ અધવચ બોલી ઊઠે છે.)

રમેશ: જલેવતન છો કે રૂસ્તમજી! માથા વગરના તમે જોઇ તો નહિ જ શકો.

રૂસ્તમ: ગરબડ ન કર. રસૂલ! પ્રોસીડ.

રસૂલ: સવારે તે પિતાની પાસે આવી.

'કેમ બેટી શું, થયું?'

'બાપુ, આ ચોર જબરો લાગે છે. મેં એનો હાથ પકડ્યો, પણ એ તો છટકી ગયો. એટલું જ નહિ પણ મારી પાસેથી પણ એક ચીજ ચોરી ગયો.'

'એમ? શી ચીજ?'

'મારું હૃદય. બાપુ, હવે એને પકડવો જ પડશે. પણ એ એમ નહિ પકડાય. એને અભય વચન આપો અને મારું લગ્ન એની સાથે કરશો એવો ઢંઢેરો પીટાવો તો જ તે પકડાશે.'

ચતુર રાજા કુંવરીની મનોદશા કળી ગયો ને હસ્યો. દરબાર-માં પણ વાત ગઇ અને હસાહસ થઇ. વચન પ્રમાણે રાજાએ પોતાની કુંવરીને પેલા ચોરની સાથે પરણાવી આમ. જે ચોર હતો તે રાજાનો જમાઇ થયો અને રાજાના મરણ બાદ ગાદી પણ એને મળી.

રમેશ: (વચ્ચે બોલી ઊઠે છે) સૅારી ફોર યૂ, રૂસ્તમ!

રસૂલ: કહેવાની જરૂર નથી કે એ નવા રાજાના રાજ્યમાં કોઈ ચોરી કરી શકતું નહિ! આમ, મોટા ભાઇએ માથું કપાવ્યું તેમાં નાના ભાઇને રાજકન્યા અને રાજગાદી મળવાનો વિધિનો જાણે કેવો અદ્-ભુત સંકેત હતો! (રસૂલ અટકી જાય છે)

રમેશ: થૅંકયુ, રૂસ્તમ, તારું માથું કપાવી નાખ્યા બદલ.

રૂસ્તમ: ચાલ ઊભો થા, પાજી. આ બોટ તો પાછી કિનારે આવી ગઈ રસૂલ! નાઈલ અને મિસરને હવે સલામ કરી દઇએ.

[બોટ કિનારે લાગે છે અને ત્રણે જણ ઊતરી જાય છે]

યશોધર નર્મશંકર મહેતા



માધુકરી

અન્ધારે છો આત્મ થાયે વિલીન,
શ્રદ્ધાકેરી જ્યોતિ બૂઝે ભલેને,
આયુઃ કેરા સંકટે પ્રાણ મારા
છોને સીઝે, ગર્તમાં દુઃખના વા;
ના તોયે દીનતાને કદિ કર ધરજો : એટલું એક માગું.

(નવા પ્રકાશન 'અભિસાર'માંથી) —મનસુખલાલ ઝવેરી

સ્વ. નરસિંહ ચિંતામણ કેળકર

અર્વાચીન મહારાષ્ટ્રના સમગ્ર જીવનને આવરી લેતી તથા તેની વિશિષ્ટ અસ્મિતા ઘડનારી ત્રણ સમર્થ વ્યક્તિઓ થઈ ગઈ: ન્યાયમૂર્તિ રાનડે, લોકમાન્ય ટિળક અને ન. ચિં. કેળકર. મહારાષ્ટ્રના પ્રત્યેક ક્ષેત્રમાં, પ્રત્યેક કાર્યમાં આ ત્રણેનું વ્યક્તિત્વ એવું તો ઓતપ્રોત થઇ ગયું હતું કે તેમને તેનાથી જુદા પાડવા અશક્ય હતું. આવું અસાધારણ વ્યક્તિત્વ ધરાવનાર, મહારાષ્ટ્રના પિતામહ સમા શ્રી નરસિંહ ચિંતામણ કેળકરના, ગઈ ૧૪ મી ઑક્ટોબરે થએલા મૃત્યુથી, હજારો લોકોને શીતળ છાયા ને આશરો આપનાર કોઇ વિશાળ જૂનો વડ ઊખડી પડવાથી જેવી દુઃખદ સ્થિતિ થાય તેવી આજ મહારાષ્ટ્રની થઇ છે.

ઇ. ૧૮૭૨ના ઑગસ્ટની ૨૪મીએ પંઢરપુર પાસે મોડલિંબ ગામે એક મામલતદારને ત્યાં તેમનો જન્મ થયો હતો. તેજસ્વી બુદ્ધિમત્તાથી વિભૂષિત થએલા તેમણે જોતજોતાંમાં મૅટ્રિક, બી. એ. અને એલએલ. બી. પસાર કરીને સતારામાં વકીલાત પણ શરૂ કરી. પણ માત્ર ૯ માસ બાદ જ લોકમાન્ય ટિળક સાથે તેમનો સંબંધ બંધાયો અને તેમના જીવનનું સુકાન ફેરવાઈ ગયું. લો૦ ટિળકના આમંત્રણથી વકીલાત છોડી દઈને તેમને લૉ-ક્લાસ (કાયદાના વર્ગો) તથા 'કેસરી' અને 'મરાઠા' પત્રો ચલાવવામાં મદદ કરવા પૂના ગયા; અને ત્યારથી મૃત્યુ સુધી પૂના જ એમનું કાર્યક્ષેત્ર બની ગયું.



પોતાની જન્મજાત પ્રતિભાને જાણે સુયોગ્ય ક્ષેત્ર મળી ગયું હોય તેમ થોડા જ વખતમાં તેમણે એવી તો સ્પૃહણીય પ્રગતિ કરી બતાવી કે લો૦ ટિળક પોતાની ગેરહાજરીમાં બંને પત્રોના સંચાલનનો ભાર તેમને જ શિરે નાખતા; અને ૧૮૯૮-માં તો તેમને 'મરાઠા'ના સ્વતંત્ર સંપાદક નીમ્યા. પણ સમર્થ પત્રકાર તરીકેની તેમની શક્તિ ખરી ઝળકી ઊઠી ઈ. ૧૯૦૮માં લો૦ ટિળકને

માસમાસનાં પંખીઃ ૨૪-અબાબીલ



સવારસાંજનાં ઝાંખાં અજવાળાંમાં તથા રાત્રે વેગપૂર્વક પાંખો વીંઝી ઊડતા આ પંખીને ઘણા લોકો અજ્ઞાનવશ 'આંધળી ચકલી' કે ચામાચીડિયું કહે છે. પણ તેનું સાચું નામ છે અબાબીલ. ધુમાડિયા રંગનું શરીર, પેરા લીલા રંગની પીઠ, સફેદ દાઢી તથા કંઠ, છેક આંખ સુધી પહોળી થઈ શકે એવડી વિશાળ મોંફાડવાળી ટૂંકી ચાંચ નાના ને નિર્બળ પગ, શરીરના પ્રમાણમાં ખૂબ મોટી, અણીદાર, અર્ધચન્દ્રાકાર પાંખો, નાનકડી પૂંછડી, તથા પીઠને છેડે ધોળો પટ્ટો એ આ પંખીનાં લક્ષણો.

આપણે ત્યાં રોજ દેખાતું આ પંખી કંઇક વિચિત્ર છે. બીજાં પંખીની માફક તેના પગ કોઇ વસ્તુ પકડી શકે તેવી રચનાવાળા ન હોવાથી તે બાપડું ઝાડ કે તાર પર બેસી જ શકતું નથી! ને બેસવું હોય ત્યારે ભીંત કે એવી સપાટ જગ્યાએ તે ચોંટી રહે છે. તેની બીજી વિશિષ્ટતા છે તેની વિશાળ, દાતરડા જેવી પાંખો. તે વડે તે કલાકના ૬૦ કરતાં યે વધુ માઈલની ગતિએ લાંબો વખત ઊડી શકે છે! ઊડતી વખતે પાંખો હલાવ્યા સિવાય એરોપ્લેનની માફક હવાસોંસરું તે તરતું જાય છે.

ઊડવા માટે જ ઘડાએલા આ અદ્ભુત પંખીનો ખોરાક પણ તે સહેલાઇથી મેળવી શકે તેવી નાની જિવાત છે. આકાશમાં ઊડતાં અણુતમ જન્તુઓને આ પંખી ઊડતાંઊડતાં જ પોતાની ગુફા જેવી વિશાળ મોંફાડમાં પકડીને ગળી જાય છે. બારે માસ ઈંડાં મૂકતું આ પંખી ઘાસ તથા પીંછાંને પોતાના મોંની ચીકણી લાળ વડે ભીંત કે છતને ચોંટાડીને પોતાનો માળો બનાવે છે. આથી સીલોન તથા ચીન બાજુ લોકો આ પંખીના માળા હોંશથી ખાય છે. ('વનેચર'ના લેખ પરથી)

૬ વર્ષની કાળાપાણીની સજા થયા પછી તો તેમનાં અગ્નિપિંડ સમાં 'કેસરી' તથા 'મરાઠા' હવે કેવાંક ચાલે છે તે જોવા માટે સમસ્ત હિંદની આંખો ટાંપી રહી હતી. તે વખતે 'કેસરી'ના ગ્રાહક હોવું એ પણ ગુનો લેખાતો, ત્યાં 'કેસરી' ચલાવવું એ કેવું મુશ્કેલ કામ હશે તેની કલ્પના કરી શકાય છે. એવા કસોટીના કાળે અજોડ બુદ્ધિમત્તા તથા બાહોશીથી, સરકારના ભભૂકતા ક્રોધાગ્નિની 'કેસરી–મરાઠા'ને આંચ પણ આવવા દીધા સિવાય તેમણે લો૰ ટિળકની ઉદ્દામ મતપ્રણાલિને કેસરી દ્વારા ચાલુ રાખીને એવું તો સંગીન કાર્ય કરી બતાવ્યું કે તેમની એ રાષ્ટ્રીય કામગીરી અવિસ્મરણીય રહેશે. લો૰ ટિળકના મૃત્યુ પછી 'કેસરી'ની ઉચ્ચ કક્ષા તેમણે જાળવી રાખી એટલું જ નહિ પણ તેમાં વિવિધતા આણીને તેને એવું વ્યાપક અને લોકપ્રિય બનાવ્યું કે આજે પણ પત્રકાર જગતમાં 'કેસરી'નું સ્થાન અજોડ ગણાય છે. 'કેસરી' સાપ્તાહિકને અર્ધસાપ્તાહિક તેમણે બનાવ્યું. વળી તે જ સંસ્થા તરફથી ઉચ્ચ સાહિત્ય માટે 'સહ્યાદ્રિ' નામનું શિષ્ટ માસિક પણ તેમણે શરૂ કરેલું.

લોકમાન્ય ટિળક સાથે કેળકરનું વ્યક્તિત્વ એવું સમરસ થઈ ગયું હતું કે ટિળક-કેળકરની એકબીજાને પૂરક એવી અનિવાર્ય જોડી બની હતી. ૨૪ વર્ષ સુધી ટિળકના જમણા હાથ તરીકે રાષ્ટ્રની અનન્ય સેવા તેમણે કરી અને ૧૯૨૦માં લો૰ ટિળકના મૃત્યુ પછી પણ તેમની રાજકીય મતપ્રણાલિને જાગૃત પ્રચાર તથા કૃતિ દ્વારા પ્રજામાં ફેલાવવાનું તથા કેસરી-મરાઠા સંસ્થાનું કૌશલ પૂર્વક સંવર્ધન કરવાનું મહત્ત્વનું કાર્ય તેમણે કર્યું.

તેમની સર્વગામી વિદ્વત્તા, સ્થિર પરિપક્વ બુદ્ધિમત્તા અને પ્રમાદ રહિત કર્તવ્યનિષ્ઠા આદિ ગુણોને કારણે તેમણે અનેક જવાબદારીભર્યાં મહત્ત્વનાં પદો શોભાવ્યાં છે. 'કેસરી મરાઠા'ના સમર્થ સંપાદક, સ્થાનિક મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ, વડી ધારાસભાના સભ્ય, સ્વરાજ્ય પક્ષના એક સૂત્રચાલક, પ્રતિસહકાર પક્ષના સંસ્થાપક, ગોળમેજી પરિષદના સભ્ય, કૉંગ્રેસ કારોબારી સમિતિના સભ્ય, સાહિત્ય સંમેલનના બે વખત અધ્યક્ષ ઇત્યાદિ સ્થાનોમાં રહી તેમણે કરેલાં કાર્યને કારણે માત્ર મહારાષ્ટ્રમાં જ નહિ પણ સમસ્ત હિંદુસ્તાનમાં તેમણે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મહારાષ્ટ્રમાં તો એવી એક પણ સંસ્થા નહિ હોય કે જેની સાથે તેમને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ સંબંધ નહિ હોય. ૪૦ વર્ષની અવિશ્રાંત સેવા પછી ૧૯૩૭માં જ્યારે તે બધી પ્રવૃત્તિથી નિવૃત્ત થયા ત્યારે ૫૦ ઉપર સંસ્થાઓ સાથે તેમનો ઘનિષ્ઠ સંબંધ હતો અને ૧૩૦૪ સભાસંસ્થાઓનું પ્રમુખ-સ્થાન શોભાવેલું એવો એક ગૃહસ્થે હિસાબ કાઢ્યો છે!

પણ કેળકરની સાચી પ્રતિભા સોળે કળાએ પ્રકાશી ઊઠી હોય તો તે સાહિત્યના ક્ષેત્રમાં. તેમનો પિંડ સાહિત્યનો બનેલો હતો એમ કહીએ તો ખોટું નહિ. પત્રકાર તરીકે લખવાનું શરૂ કરીને સાહિત્યના ક્ષેત્રમાં તેમની કલમે એવું તો સામર્થ્ય અને તેજ બતાવ્યું કે મહારાષ્ટ્રની જનતાએ તેમને 'સાહિત્ય-સમ્રાટ'ની માનભરી પદવી આપી. કાવ્ય ને કથા, નાટક ને નવલકથા, જીવનચરિત્ર અને આત્મચરિત્ર, ઇતિહાસ ને વેદાંત, નિબંધ ને હાસ્ય, આદિ સાહિત્યનું પ્રત્યેક ક્ષેત્ર તેમણે સમર્થરીતે ખેડ્યું છે. પણ તેમાં યે નિબંધ એ તો તેમનો ખાસ વિષય હતો. મનોરંજક વિષયારંભ, તર્કશુદ્ધ વિચારસરણી અને સુબોધ ભાષાશૈલી એ તેમની ખાસ વિશેષતા છે. તેમણે કેટલું વિપુલ, કેટલું વૈવિધ્યવાળું તથા સાહિત્યના ઉચ્ચ ગુણોવાળું લખ્યું છે તેનો તેમના 'સમગ્ર કેળકર વાઙ્મય' નામના ગ્રંથના ૧૨,૦૦૦ પાનાંના ૧૨ ખંડો પુરાવો છે. ભારતીય તત્ત્વજ્ઞાન, ઇતિહાસ–સંશોધન, અર્થશાસ્ત્ર તથા રાજકારણ આદિ ગંભીર અને વિવિધ વિષયોને સરળતાથી મરાઠી ભાષામાં લાવીને તેમણે મરાઠીનું સામર્થ્ય વધાર્યું, એટલું જ નહિ પણ તેના સૌંદર્યમાં પણ મોટો ઉમેરો કર્યો છે. તેમનાં સર્જનોમાં લો૰ ટિળકનું ૩ ખંડોમાં લખાએલું વિસ્તૃત ચરિત્ર, 'હાસ્યવિનોદ મીમાંસા' નામનો ૫૫૦ પાનાંનો ગ્રંથ, રાજનીતિ–શાસ્ત્ર, ભારતીય તત્ત્વજ્ઞાન આદિ ખાસ ઉલ્લેખનીય છે.

લો૰ ટિળકના મૃત્યુ પછી અસહકાર વખતે ધારાસભા બહિષ્કારની નીતિ પર તેમને કૉંગ્રેસ સાથે મતભેદ થવાથી તેમણે કૉંગ્રેસ છોડી અને સ્વરાજ્ય પક્ષ, પ્રતિ-સહકાર પક્ષ, લોકશાહી સ્વરાજ્ય પક્ષ, હિંદુ સભા આદિ સંસ્થાઓમાં કામ કર્યું. મતભેદ હોવા છતાં તેમની જ્વલંત દેશભક્તિ માટે સર્વને માન હતું. તેમનો મિલનસાર સ્વભાવ તથા સમન્વય સાધવાની વૃત્તિ એ તેમનું વૈશિષ્ટ્ય હતું.

નાના ફડનવીસનું ચાતુર્ય, રાનડેની બુદ્ધિમત્તા, ટિળકની લોકસેવા તત્પરતા ને ગોખલેની ઉદ્યોગ શીલતા આદિ ગુણોના સમન્વય જેવા આ વિદ્વાન મહર્ષિના અવસાનથી મહારાષ્ટ્ર તો ગરીબ થયું છે જ, પણ હિંદને ય એક મહાન કર્તૃત્વશાળી પુરુષની ખોટ પડી છે.

લસી ગ્રંથીઓ. (Lymph glands)

આપણા આખા દેહમાં લસી કેશવાહિનીઓનાં (Lymph capilaries) જાળાં તથા ગુંચળાં પથરાયેલાં છે. આ કેશવાહિનીઓ એકત્ર થઈ લસી શીરાઓ બને છે, જેમાં દૂધ જેવું ધોળું પ્રવાહી વહે છે; આ પ્રવાહી ગળામાં આવેલી ધમનીના લોહીના પ્રવાહમાં ભળી જાય છે આખા શરીરમાં વિપુલતાથી પથરાયેલી લસી–શીરાઓ અમુકઅમુક સ્થળોએ સહજ વિસ્તૃત પામી ગાંઠોનો આકાર ધારણ કરે છે, જેને લસી ગ્રંથીઓ (Lymph glands) કહેવામાં આવે છે.

આ ગ્રંથીઓમાં મેક્રોફેઈજીસ નામના કોષો હોય છે, જે લસી પ્રવાહમાં રહેલા રોગના જીવાણુઓ, મરેલા કોષો અને અમુક દ્રવ્યોને ખાઈ જાય છે. પ્રયોગોદ્વારા સાબીત થયું છે કે લસી ગ્રંથીઓમાં ૯૯ ટકા રોગજીવાણુઓ નાશ પામે છે. આ રીતે લસી ગ્રંથીઓ ગળણીનું કામ કરી આખા શરીરમાં ફરી વળતા ચેપી રોગના ઝેરને અટકાવવાનું કાર્ય કરે છે. લસી ગ્રંથીઓમાંના મેક્રોફેઈજીસ કોષો ચેપી જીવાણુઓને મારી નાખે છે એટલું જ નહિ પણ એવાં પ્રાતકણો (Antibodies) ઉપજાવે છે કે જે લોહીમાં ફરતા રોગના જીવાણુઓનો તથા શરીરને બીનઉપયોગી પદાર્થોનો નાશ કરે છે. લસી ગ્રંથીઓમાંથી લીમ્ફોસાઈટસ નામના કોષો લોહીમાં જાય છે, તેમની સાથે આ પ્રાતકણો પણ લોહીમાં ભળે છે.

ધારો કે હાથમાં ઘા પડ્યો અને ત્યાં ચેપ લાગ્યો. તો ત્યાંથી વહેતો લસી પ્રવાહ બગલમાં આવતાં ત્યાં આવેલી લસી ગ્રંથીઓ ચેપને આગળ વધતો અટકાવવાના કાર્યે પાછળ મંડી પડે છે અને આમ થતાં તેમા પુષ્કળ લોહી વહેવા માંડે છે, નવાનવા મેક્રોફેઈજીસ કોષો પેદા થતાં તેમા વધારો થાય છે અને ગ્રંથીઓમાં સોજો આવે છે. આ ઘટનાને આપણે 'વેળ ઘાલી' એમ કહીએ છીએ. વેળ ઘાલે ત્યાંથી ચેપ આગળ વધતો અટકી જાય છે.

ગ્રંથીમાં મેક્રોફેઈજીસ કોષો અને રોગ જીવ ણુ (ચેપ) સામે યુદ્ધ જામે છે. ચેપ હારે તો તેનું ઝેર આગળ વધતું અટકે છે. પણ જો ચેપ પ્રબળ હોય તો ગ્રંથીના કોષો તૂટી પડે છે અને ઘા પાક ઉપર ચડે છે. આમ લસી ગ્રંથીઓ આપણા દેહમાં રોગ જીવાણુઓ પરત્વે રક્ષણાત્મક–ગળણીનું કાર્ય કરે છે. —શિવપ્રસાદ ત્રિવેદી

શેરડી

ઔષધ તરીકે વૈદ્યોએ શેરડીના રસની અતિ પ્રશંસા કરી છે અને આજકાલ ડૉકટરો પણ પાંડુરોગીઓને તથા પેટના કમળાના

દરદીઓને શેરડીનો રસ પીવાની ભલામણ કરે છે. શેરડીની બે જાત આપણા દેશમાં ખૂબ જાણીતી છે: (૧) સફેદ અને (૨) લાલ. બન્ને જાતની શેરડીઓના ગુણદોષોમાં ફેર છે. સફેદ શેરડી પુષ્ટિકારક, ધાતુવર્ધક, થાક હરનાર અને રક્તપિત્તના દોષને મટાડનાર છે, જ્યારે લાલ શેરડી અતિ પૌષ્ટિક ને શરીરમાં થતા દોષોને શાંત કરનાર છે.

સફેદ શેરડીનો રસ લીંબુના રસ સાથે લેવાથી ફેફસાંની ફરિયાદો દૂર થાય છે, જ્યારે આદુના રસ સાથે લેવાથી અપચો દૂર થાય છે. મુખ્યત્વે 'આમ'ની ફરિયાદવાળા રોગીઓ માટે તે વધુ હિતકર છે. સફેદ શેરડીના રસ સાથે લીંબુ તથા આદુનો રસ મેળવી લેવાથી પેટની જૂની અપચાની ફરિયાદ નાશ પામે છે; ઇસબગુલ સાથે તે રસ લેવાથી જૂનામાં જૂનો આંતરડાનો રોગ દૂર થાય છે, જ્યારે દ્રાક્ષના રસ સાથે લેવાથી જૂનામાં જૂનો કમળો મટે છે. જાંબુના રસ સાથે સફેદ શેરડીનો રસ લેવાથી મૂત્રપિંડનાં દરદોનો નાશ પામે છે. પાણી સાથે તે આપવાથી મૂત્રાશયની ફરિયાદો દૂર થાય છે. તે રસ સાથે બીજો દાડમનો રસ આપવાથી સંગ્રહણીના રોગીઓ સારા થયાની વાત આયુર્વેદનાં પુસ્તકોમાં નોંધાએલી છે.

લાલ શેરડીનો રસ સફેદ શેરડીના તમામ ગુણો ધરાવતો હોવા ઉપરાંત આમળાના રસ સાથે તે લેવાથી શરીર પથ્થર જેવું મજબૂત બનાવી શકાય છે. વળી મધ અને ગૌમૂત્ર સાથે તે લેવાથી જળોદરમાં સારો ફાયદો થાય છે. દૂધ અને મધ સાથે તે લેવાથી શરીરમાં શકિત ઉત્પન્ન થઇ સુદૃઢ બને છે.

હવે આપણે શેરડીના રસના જુદાજુદા પ્રકારોના વિવિધ ગુણ જોઇએ. યંત્રથી કાઢેલો શેરડીનો રસ પિત્તનો નાશ કરે છે, રક્તની પીડાઓ દૂર કરે છે ને શકિતવર્ધક મનાય છે, પણ તે કફને ઉત્પન્ન કરનાર અને પચવામાં અતિ ભારે છે.

શેરડી ચૂસીને ખાવાથી તેનો રસ ઘણી જ સખત ભૂખ લગાડે છે, વળી તેવો રસ શરીરના સખતમાં સખત થાકને ઉતારી શરીર હલકું અને આનંદિત બનાવે છે. સંગ્રહણીના તમામ રોગોમાં શેરડીનો ચૂસેલો રસ ઘણો ઉપયોગી છે. પિત્તના તમામ બગાડોનો તે નાશ કરે છે ને તેનાથી શરીરમાં પડતો શોષ મટે છે ને હેડકી બંધ થાય છે.

શેરડીનો રસ કાઢી તેને કેટલોક સમય રાખી મૂકવાથી તે રસ વધુ દીપકારક થાય છે અને અદ્યતન વૈજ્ઞાનિકોના મતે નુકસાનકર્તા છે. આવો રસ પીવાથી કફ અને પિત્તની ઉત્પત્તિ થાય છે, લોહીનો બગાડો થાય છે. વળી તેવા વાસી રસના સેવનથી અતિમૂત્રતાનો રોગ લાગુ પડે છે. ઘણાને તો ઝાડા પણ થઈ જાય છે.

શેરડીનો પકાવેલો રસ લેવો ઘણાં દરદોમાં હિતકારી છે. તેવો રસ શરીરમાં અનેકગણું પ્રદીપક તત્ત્વ 'પ્રોટીન' ઉત્પન્ન કરે છે અને દૂધની રાબડી જેટલો તાકાતવાન છે. વળી તે દમ જેવાં દરદો મટાડી શકે છે, વાયુનાં દરદોમાં રામબાણ છે અને પિત્તના દરદીઓને ફાયદાકારક છે. તેવા રસનું નિયમિતપણે સેવન કરવાથી અર્શ જેવાં મહા દરદોનો પણ નાશ થાય છે. શેરડીનો પાકો રસ અતિસારના દરદમાં પણ ઉપયોગી છે એમ 'આત્રેય સંહિતા' કહે છે. વળી તે રસ પેટની ગાંઠોને ગાળી નાખવાનું અમોઘ શસ્ત્ર ગણાય છે.

('વંદેમાતરમ્'માંથી તારવીને)

એસ્પિરિન—સફેદ ઝેર

[એસ્પિરિનથી કોણ અજાણ હશે? માથાનો દુખાવો, તાવ કે શરદી જેવી નાની બીમારીઓ દૂર કરવાના સરળ અને સહેલા ઉપાય તરીકે આપણામાંથી ઘણા એ ધોળી ટીકડીઓનો ઉપયોગ કરતા હોઇએ છીએ. પણ માત્ર એક આનામાં મળતી બે ટીકડીઓ જેવી આ નજીવી વસ્તુ આપણા આરોગ્ય માટે કેવી ભયંકર હાનિકારક છે તેની આપણાને કલ્પના પણ નથી હોતી. ગોરખપુર (યુ. પી.)થી આરોગ્યના વિવિધ પ્રશ્નો છણતું 'આરોગ્ય' નામનું એક અભ્યાસયુક્ત માસિક હિંદી ભાષામાં શરૂ થયું છે. તેમાંથી ઉતારવામાં આવેલો નીચેનો લેખ એ વિષે ઠીક પ્રકાશ નાખે છે.]

કોઇ પણ છાપું લો, તેમાં એસ્પિરિનની જાહેર ખબર હશે જ. એક આનામાં બે ટીકડીઓ: દરેક દર્દની દવા: દરેક રોગ સફા: એ પ્રકારની તેની જાહેરાત હોય છે. અને આ ટીકડીઓ ખપે છે પણ ખૂબ. ડૉક્ટરને પૂછવાની જરૂર નહિ. આ ટીકડીઓ જ દરેક માણસને ડૉક્ટર બનાવી દે છે. જેમ કબજિયાત દૂર કરવા કઇ દવા લેવી એ ડૉક્ટરને પૂછવા કોઇ જતું નથી, તેમ દરદને માટે એસ્પિરિન એ જ ચોક્કસ દવા છે એમ લોકો માને છે. ઘણા લોકો તો એને કાયમ ઘરમાં હાથવગી રાખે છે અને કોઇ સામાન્ય દરદ કે દુખાવો થતાં જ તે લે છે તથા બીજાને આપે છે. પણ તમે જાણો છો કે 'એસ્પિરિન' કેવી બલા છે અને મોટામોટા વૈજ્ઞાનિકો તેની બાબતમાં શું કહે છે?

એસ્પિરિન એ સૅલીસિલિક ઍસિડનું બીજું નામ છે અને તે અસિડ ઝેરી છે. આ દવા થોડાથોડા પ્રમાણમાં ખાવામાં આવતી હોવાથી માણસ તરત ન મરતાં તેને થોડુંથોડું નુકસાન થયા કરે છે અને અંતે જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે લોકો તે દવાને જવાબદાર ગણતાં નથી, પણ કોઈ રોગને જ તેનું કારણ માને છે.

પાંત્રીસ વર્ષ પહેલાં જર્મનીના ડ્રેસર નામના એક વૈજ્ઞાનિકે તેનો ઉપયોગ શરૂ કર્યો હતો. તેનું એમ કહેવું હતું કે એસ્પિરિન જ્યારે આંતરડાંમાં જાય છે ત્યારે એટલું ધીરેધીરે અસર કરે છે કે સૅલીસિલિક ઍસિડની ખરાબ અસર તેનાથી થતી નથી. જેવી ડ્રેસરે આ વાત લોકો આગળ મૂકી કે તરત બીજા વૈજ્ઞાનિકોએ પણ તેના સૂરમાં સૂર પુરાવ્યો. એકે કહ્યું, એ દવાનો સ્વાદ સરસ છે; બીજો બોલ્યો, તેનાથી પેટને કોઈ નુકસાન થતું નથી કે કાનમાં 'સુમ સુમ' અવાજ થતો નથી. પછી તો ઘણા લોકોએ કહેવા માંડ્યું કે આ દવા તો માનવ જાતિ માટે વરદાન રૂપ છે; તે દરેક ઘરમાં રહેવી જોઈએ અને તેનો ઉપયોગ ખાંસી, માથાનો દુખાવો, દાંતના રોગ, નસોના વ્યાધિ તથા સાંધાના દરદ ઉપર અકસીર છે.!

પણ આ એસ્પિરિન પર વધુ કંઇ ન કહેતાં, ન્યૂયૉર્કના કાર્નેલ વિશ્વવિદ્યાલયના ચિકિત્સા વિભાગના અધ્યક્ષ, પ્રસિદ્ધ ડૉક્ટર કૅરી ઇલિસ્ટના એક લેખમાંથી જ થોડો ભાગ ઉતારીએ:

'હું સંપૂર્ણ ખાત્રીથી એસ્પિરિન પર આરોપ મૂકવા તૈયાર છું કે તે એક ઘાતકી દવા છે. તે વાપરવાથી હજારો લોકોને ન્યૂમોનિયા, ક્ષય, હૃદયના ધડકારનો વધારો તથા બીજા અનેક ભયંકર રોગો લાગુ પડે છે અને તે મૃત્યુ પામે છે. એસ્પિરિન દરદ દૂર કરવામાં સફળ થાય છે એમાં શક નથી, પરંતુ એ ભૂલવું ન જોઈએ કે દરદ દુઃખદાયક હોવા છતાં લાભદાયક પણ હોય છે. દરદ એ તો પ્રકૃતિએ માણસને બતાવેલી લાલ બત્તી છે, જે વડે તે આપણને સચેત કરવા ચાહે છે કે શરીરમાં કયાંક કાંઈક ખોટું થયું છે. પણ એસ્પિરિન રોગીને પોતાની ભૂલ સમજવા નથી દેતું. તેનાથી રોગો સરળતાથી દબાઇ જતા હોવાથી દરદી કુદરતની લાલ બત્તીથી ચેતીને દરદની સાચી શોધ કરવાને બદલે રોગનાં બાહ્ય લક્ષણોને એસ્પિરિન વડે દબાવી દેવાની લાલચમાં ઊંધે રસ્તે દોરવાય છે. લોકો બીચારા સમજે છે કે પોતે હવે સારા થઈ ગયા. આ રીતે દર વર્ષે સેંકડો મનુષ્યો સામાન્ય શરદી, ખાંસી તથા માથાના દુખાવાને દબાવી દઇ

ઉપર જણાવેલા મોટા ભયંકર રોગોનો શિકાર બને છે, જેમને સારા કરવા આજનું વિજ્ઞાન અસમર્થ તથા અસફળ છે.


મેં અને મારા સહકાર્યકરોએ જે ચિકિત્સા તથા સંશોધન કર્યાં છે તેમાં ઍસ્પિરિનની આ સંહારક અસરને સ્પષ્ટરીતે જોઇ છે અને મારી ખાત્રી છે કે ઍસ્પિરિન વાપરવાથી મરનારાઓના આંકડા જો ભેગા કરવામાં આવે તો આખું જગત તથા ઍસ્પિરિનનું સમર્થન કરનારાઓ પણ એ જોઇને આશ્ચર્યચકિત થઇ જશે.

સામાન્ય લોકોને શરીરવિજ્ઞાનની અટપટી વાતોની ખબર હોતી નથી. તેમને શી ખબર કે જે માથાનો દુખાવો દૂર કરવા તેઓ ઍસ્પિરિન વાપરે છે તે તો પાચનક્રિયાની અવ્યવસ્થા અથવા વધુ પડતા લોહીના દબાણ યા માથાના નાજુક ભાગના દાહને કારણે હોઇ શકે. માથાના દુઃખાવાનાં કારણો એવાં અટપટાં અને ભયાનક હોય છે કે રોગીને તેની કલ્પના પણ ન આવે. તો પછી ઍસ્પિરિન લઇ તે કારણોને દાબી દઇ જોખમને શા માટે નોતરવું જોઈએ ? મેં તો એવો અનુભવ કર્યો છે કે ડૅાકટરો પણ જે થોડું ઍસ્પિરિન વાપરવું ઇષ્ટ સમજે છે તેટલું થોડું યે તે વાપરવું ઝેરી સાબિત થયું છે.'

કેટલાક વિદ્વાનો એમ પણ કહે છે કે ઍસ્પિરિન જે સૅલીસિલિક ઍસિડનું રૂપાંતર માત્ર છે, તે અમુક પ્રમાણમાં કોઇને ખવડાવવામાં આવે તો તેના લોહીના ધોળા કણોને નુકસાન થાય છે. અત્રે એ યાદ રાખવું જોઇએ કે લોહીનાં ધોળાં કણો જ લોહીમાંથી ગંદકી ને રોગના જંતુઓ નાબૂદ કરે છે. આમ, છેલ્લાં પાંત્રીસ વર્ષ થયાં માનવજાતને ભયંકર નુકસાન પહોંચાડી રહેલા એ સફેદ ઝેરને હજુ પણ જો તેના પ્રચારકો-દુકાનદારો જનતામાં ફેલાતું અટકાવે તો જગતનું મોટું કલ્યાણ થશે. —ગંગાગોવિંદ સહાય

પોતાનો મુકામ શોધી કાઢવાની કબૂતરની અદ્ભુત શક્તિ

[પંખીઓમાં (ખાસ કરીને કબૂતરોમાં) પોતાનું ઘર શોધી કાઢવાની અદ્ભુત શક્તિ રહેલી હોય છે એ ઘણાને ખબર હશે. તેમને પકડીને તેમના ઘરથી ગમે તેટલે દૂર છોડી દેવામાં આવે છતાં પણ તે ઊડતુંઊડતું અચૂક રીતે પોતાને ઘેર પહોંચી જશે. તેમની આ આશ્ચર્યકારક શક્તિ શાને આભારી છે તથા તે કઇ નિશાનીની મદદ વડે પોતાનું ઘર શોધી કાઢે છે એ અત્યાર સુધી વિજ્ઞાનીઓને મન એક કોયડો હતો. પણ હાલમાં જ અમેરિકાના પ્રો. એચ. એલ યીગ્લે (Yeagley) એ તેનો જવાબ શોધી કાઢયો છે પ્રો. યીગ્લેએ બીજા મહાયુદ્ધમાં લશ્કરી સંદેશવાહક કબૂતરો વિષે ઘણી કામગીરી



બજાવી છે, કબૂતરો પર ઘણા સફળ પ્રયોગો કર્યા છે અને તે બાબતનું ઘણું ઊંડુ જ્ઞાન ધરાવે છે. અમેરિકાના 'લાઈફ' નામના વિખ્યાત સાપ્તાહિકમાંથી તેમની એ શોધને લગતો લેખ નીચે ઉતાર્યો છે.]

પ્રો. યીગ્લેને લાગ્યું કે પૃથ્વીના લોહચુંબકત્વ (Earth's magnetism) ને આધારે કબૂતર પોતાનાં ઘર શોધવા શક્તિમાન થતાં હોવાં જોઈએ. આથી એ વિચારને પ્રયોગો દ્વારા ચકાસી જોવા તેમણે કેટલાંક કબૂતરોને શરીરે લોહચુંબક બાંધીને અને બીજાઓને ખાલી રહેવા દઈને સૌને ઘણે દૂર છોડી મૂકયાં. લોહચુંબક વગરનાં કબૂતરો બરાબર ઘેર પાછાં આવ્યાં જ્યારે લોહચુંબકવાળાં કબૂતરો પોતાના શરીર પરનાં અને પૃથ્વીનાં લોહચુંબકત્વના પરસ્પર વિરોધને કારણે મુકામ શોધી શકયાં નહિ અને રસ્તો ભૂલી ગુમ થયાં !

પણ હવે પ્રો. યીગ્લેને એમ પણ લાગ્યું કે પૃથ્વીનું લોહચુંબક ઓળખી કાઢવાની માત્ર એકજ શક્તિને કારણે કબૂતરો ઘર શોધવામાં સફળ થતાં ન હોવાં જોઈએ. કારણ કે પૃથ્વીના લોહચુંબકત્વનું જેટલું ખેંચાણ તેમનાં ઘર આગળ હોય છે તેટલું જ ખેંચાણ દુનિયાનાં અનેક સ્થળે હોઈ શકે છે. કારણ કે પૃથ્વીનું લોહચુંબકત્વ વિષુવવૃત્તથી જેમજેમ ધ્રુવ તરફ જઈએ તેમતેમ તે એક સરખી રીતે વધે છે. આમ જો માત્ર પૃથ્વીના લોહચુંબકત્વને આધારે જ તે ઊડતું હોય તો એટલા જ લોહચુંબકત્વના બીજા કોઇ સ્થળે ખેંચાઈ જઈને તે ભૂલું પડે. આથી બીજું કોઇક બળ પણ અસર કરતું હોવું જોઈએ.

પ્રો. યીગ્લેને એમ શંકા પડી કે એ બીજું બળ તે પૃથ્વીના ગોળગોળ ફરવાથી ઉત્પન્ન થતું બળ, જેને, કોરીઓલિસ ફોર્સ' (coriolis force) કહે છે, તે હોવું જોઇએ. રેખાંશનું કાર્ય ગણાતું આ બળ વિષુવવૃત્તથી જેમજેમ ધ્રુવ તરફ જઇએ તેમતેમ વધે છે. પૃથ્વીનું લોહચુંબકીય બળ તથા આ વર્તુળાકાર ગતિનું બળ એ બંનેના મિશ્રણથી પૃથ્વીના અમુકઅમુક જ ભાગમાં વિશિષ્ઠ અસર ઉત્પન્ન થાય છે, અને એ સિવાય પૃથ્વીની બીજા ઘણા મોટા ભાગમાં બીજી કોઈ જગ્યાએ તે જણાતી નથી. કબૂતરો આ બન્ને શક્તિઓને ઓળખી શકે છે અને તેમનું મિશ્રણ પણ જાણી શકતાં હોવાથી પોતાના ઘર આગળની તે બે બળોની વિશિષ્ટ અસરને પિછાની લઈ તે તરફ અચૂક રીતે જઈ શકે છે એવો સિદ્ધાંત પ્રો. યીગ્લેએ પ્રસ્થાપિત કર્યો.

આ નવા સિદ્ધાંતને પ્રયોગદ્વારા ચકાસી જોવાની જરૂર હતી. તેમણે એક નકશા ઉપર પૃથ્વીની લોહચુંબકીય રેખાઓ દોરીને તેની જ ઉપર પૃથ્વીના ગોળ ફરવાથી ઉત્પન્ન થતા બળની રેખાઓ પણ દોરી. તો તેમને જણાઈ આવ્યું કે આ બે બળોની રેખાઓ પૃથ્વી પર અમુકઅમુક સ્થળે છેદાતી હતી. એનો અર્થ એ કે તે તે સ્થળે પૃથ્વીનું લોહચુંબકીય તથા વર્તુળગતિનું બળ એક સરખું હોય છે. સાથેના નકશામાં એવું સરખું બળ અમેરિકામાં પેન્સીલ્વેનિયાની કૅાલેજ આગળ અને બીજુ ઘણે દૂર કીઅર્નેમાં હતું. હવે જો પ્રો. યીગ્લેનો સિદ્ધાંત સાચો હોય તો પેન્સીલ્વેનિયા કૅાલેજમાં રહેતાં કબૂતરોને જો દૂર આવેલા કીઅર્ને શહેર પાસેના કોઈ પ્રદેશમાં છોડી દેવામાં આવે તો તે પેન્સીલ્વેનિયામાંના પોતાના મૂળ મુકામ પર ન જતાં પેન્સીલ્વેનિયા જેટલું જ લોહચુંબકીય તથા ભ્રમણબળ ધરાવતા કીઅર્ને શહેરમાં જ જવાં જોઇએ. પ્રો. યીગ્લેએ તે પ્રમાણે પેન્સીલ્વેનિયાનાં કબૂતરોને કીઅર્ને શહેરથી માઇલો દૂર છોડી મૂકયાં અને સૌના આશ્ચર્ય વચ્ચે તે પેન્સીલ્વેનિયામાં ન જતાં કીઅર્ને શહેરમાં જ પ્રો. યીગ્લેએ તૈયાર કરેલા નવા નિવાસસ્થાનમાં આવ્યાં. આમ પ્રો. યીગ્લેનો નવો સિદ્ધાંત સફળરીતે સાબિત થયો. ('લાઈફ'ઉપરથી)

નવેમ્બરની તવારીખ

તા. ૧ ગુજરાતના શિષ્ટ લેખક ને જાણીતા હાસકવિ કેશવ હ. શેઠનું અવસાન.

તા. ૨ કાશ્મીરની સરહદે આવેલું ચિત્રાલ રાજ્ય કાશ્મીર છોડી પાકિસ્તાન સાથે જોડાયું.

તા. ૭ કાબુલમાં આઝાદ પઠાણિસ્તાનની સ્થાપના. ◖ પંઢરપુરના વિખ્યાત વિઠોબાના મંદિરમાં હરિજનોનો પ્રવેશ

તા. ૮ સંસ્કૃતના વિદ્વાન પ્રોફેસર ને સિદ્ધાર્થ કૉલેજના પ્રિન્સિપલ ગજેન્દ્રગડકરનું મૃત્યુ. ◖ હિંદી સંઘના લશ્કરે કાશ્મીર પરના હુમલાખોરોને હરાવી બારામુલ્લા કબજે કર્યું.

તા. ૯ જૂનાગઢ આખરે હિંદી સંઘમાં જોડાયું. હિંદી સંઘના લશ્કરે જૂનાગઢનો કબજો લીધો.

તા. ૧૬ કૉંગ્રેસના પ્રમુખપદેથી આચાર્ય કૃપાલાનીએ રાજીનામું આપ્યું.

તા. ૧૭ હિંદની પ્રથમ સર્વભૌમ ધારાસભાના પ્રમુખપદે શ્રી ગણેશ વાસુદેવ માવળંકર ચુંટાયા.

તા. ૧૮ ઑસ્ટ્રેલિયા સાથે પાંચમી મૅચમાં હિંદે પહેલો વિજય પ્રાપ્ત કર્યો.

તા. ૨૦ ઇંગ્લંડની રાજકુમારી એલિઝાબેથ ને ગ્રીસના રાજકુમારના પુત્ર ફિલિપ માઉન્ટબૅટનનું ભારે દબદબાપૂર્વક લંડનમાં લગ્ન.

તા. ૨૪ ચંદ્રનગર પછી હિંદના બીજાં ફ્રેંચ સંસ્થાનો-પૉંડિચેરી આદિને સ્વતંત્ર જાહેર કર્યાં.

તા. ૨૬ આઝાદ હિંદનું પ્રથમ બજેટ બહાર પડયું, જેમાં આવક ૧૭૧ કરોડ જ્યારે ખરચ ૧૯૭ા કરોડ બતાવવામાં આવ્યું.

તા. ૨૭ કાઇરો (ઈજિપ્ત) ખાતેના હિંદના એલચી તરીકે ડૉ. સૈયદ હુસેનની નિમણૂક. ◖ ચીનની વસતિગણત્રી ૪૬ કરોડ ઠરી.

તા. ૨૮ કાનપુરના ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદોના સ્મારકો ફરીથી ત્યાં સ્થાપવાનો હિંદી સરકારનો નિર્ણય.

તા. ૨૯ નિઝામ અને હિંદી સંઘ વચ્ચે ૧ વર્ષ યથાવત કરારો થયા. ◖ સંયુક્ત રાષ્ટ્રસંઘે પૅલસ્ટાઇનને યહુદી અને આરબો વચ્ચે વહેંચી નાખવાની સંમતિ આપી.

આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં

તા. ૩ કૉંગ્રેસના ચોથી વારના અધ્યક્ષ બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ, ૧૮૮૪.

તા. ૫ જગવિખ્યાત ફ્રેંચ નવલકથાકાર ઍલેકઝાંડર ડ્યૂમાનું અવસાન, ૧૮૭૦.

તા ૭ અમેરિકાના પર્લ હાર્બર પર હુમલો કરી જાપાને ભયંકર નુકસાન કર્યું, ૧૯૪૧.

તા. ૯ 'પૅરૅડાઈઝ લૉસ્ટ'ના અમર કાવ્યના સર્જક, અંધકવિ જૉન મિલ્ટનનો જન્મ, ૧૬૦૮.

તા ૧૧ હિંદમાં પહેલી સ્વદેશી બૅંક 'સેંટ્રલ બૅંક ઑવ્ ઇન્ડિયા' સ્થાપન થઇ, ૧૯૧૧.

તા. ૧૨ હિંદનું પાટનગર કલકત્તેથી ખસેડીને દિલ્હી લાવવામાં આવ્યું, ૧૯૧૧.

તા ૧૭ કોલસાની ખાણો માટે 'સલામત દીવા'નો શોધક હંફ્રી ડેવીનો જન્મ, ૧૭૭૮.

તા. ૨૩ કાંગડી ગુરુકુલના સંસ્થાપક સ્વામી શ્રદ્ધાનંદનું એક મુસ્લીમને હાથે ખૂન, ૧૯૨૬.

તા. ૨૫ બે રાષ્ટ્રના દાવાથી મુસ્લિમોને ભમાવીને હિંદની રાષ્ટ્રીય અસ્મિતાને તોડી તેના ભાગલા કરાવી નાખનાર મહમદઅલી ઝીણાનો જન્મ, ૧૮૭૬.

તા. ૨૮ ઍલન ઑ. હ્યુમના પ્રયત્નને લીધે 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ની સ્થાપના, ૧૮૮૫.

તા ૩૦ અંગ્રેજ ભેદનીતિને પરિણામે મુસ્લિમ હિતાર્થે મુસ્લીમ લીગની સ્થાપના, ૧૯૦૬.



આ માસની વ્યક્તિવિશેષ: **સર આઇઝૅક ન્યૂટન**

વિજ્ઞાનશાસ્ત્રમાં ઘણી પાયાની શોધો કરનાર આ મહાન વિજ્ઞાની તથા ગણિતશાસ્ત્રીનો જન્મ ૧૬૪૨ની ૨૫મી ડિસેમ્બરે ઈંગ્લંડના લૅંકેશાયર જિલ્લાના વુલ્સ્થોર્પ ગામે થએલો. પિતાના મૃત્યુ પછી દાદીમા પાસે ઊછરેલા ન્યૂટનને ભણવા કરતાં યંત્રની અવનવી રચનાઓમાં વધુ રસ હતો, ને તેના પ્રતિભાશાળી મગજે એ કિશોર વયમાં પણ માત્ર પાણીના ટપકવાથી ચાલતું ઘડિયાળ, લોટ દળવાની નાની ઘંટી તથા બરાબર વખત જાણવાની સૂર્યઘટિકા બનાવેલી!

૧૨ મે વર્ષે તે નિશાળે ગયો, પણ બે વરસ બાદ મા બીમાર થવાથી તે ખેતીમાં રોજીએ ચડયો. પરંતુ પેલા બે વર્ષના શાળાના વ્યાસંગે તેને ગણિતમાં એવો તો રસ લગાડેલો કે ખેતીના કામમાં દુર્લક્ષ કરીને તે ચોરીછુપીથી અભ્યાસ કરવા લાગ્યો. તેની આવી ઉત્કટ જ્ઞાનપિપાસા જોઈ તેના કાકાએ તેને ફરી નિશાળે મોકલ્યો ને તે ૧૬૬૧માં મૅટ્રિક પાસ કરીને ૧૬૬૫માં ગ્રૅજ્યુએટ પણ થઈ ગયો.

તે જન્મજાત ગણિતીએ હવે તેમાં વધુ શોધખોળ કરવા માંડી અને માત્ર ૨૪ વર્ષની વયે 'બાઇનોમિયલ થીઅરમ' તથા 'ઇન્ટિગ્રલ કૅલ્કયુલસ'ના મહત્ત્વના સિદ્ધાંતો શોધી દુનિયાને છક્ક કરી દીધી. એ જ કાળમાં પેલો ઝાડ પરથી સફરજન પડવાનો જાણીતો બનાવ બન્યો, જે પરથી તેણે ગુરુત્વાકર્ષણનો જગવિખ્યાત સિદ્ધાંત શોધી કાઢયો.

ઈ. ૧૬૬૯માં ટ્રિનિટી કૉલેજમાં ગણિતના અધ્યાપક નિમાયા પછી તેણે પ્રકાશના સિદ્ધાંતોની શોધખોળ કરવા માંડી. સૌથી પહેલું રિફ્લેક્ટિંગ ટેલિસ્કોપ તેણે જ બનાવેલું. ૧૬૭૧માં તે રૉયલ સોસાઍટીનો સભ્ય નિમાયો, જ્યાં ત્રિપાર્શ્વ કાચમાંથી પ્રકાશનું કિરણ પસાર કરવાથી તે સાત રંગોમાં વહેંચાઈ જાય છે એ તેની શોધ તેણે જાહેર કરી.

પાર્લામેન્ટના સભ્ય તરીકે, ટંકશાળના વડા તરીકે તથા ૨૫ વર્ષ સુધી રૉયલ સોસાઍટીના પ્રમુખ તરીકેની તેની કારકિર્દી તેની લોકમાન્ય પ્રતિભાનો પુરાવો છે. ૧૭૨૭ના માર્ચની ૨૦મીએ આ શ્રેષ્ઠ વિજ્ઞાનીનું અવસાન થયું. તેને વેસ્ટ મિન્સ્ટરમાં દાટીને અંગ્રેજ પ્રજાએ માનવ ઇતિહાસના આ અમણી વૈજ્ઞાનિકનું યોગ્ય સન્માન કર્યું છે.

બૉસ્ટન ટી પાર્ટી : (આ માસનો પ્રસંગવિશેષ) બસો વર્ષ પર ઈંગ્લંડનાં સંસ્થાન ગણાતા અમેરિકા પર ઇંગ્લંડે પોતાને સપ્ત વાર્ષિક યુદ્ધમાં થએલું ખરચ વસૂલ કરવા તેની સંમતિ વિના જ 'સ્ટૅમ્પ એક્ટ' દ્વારા કર ઠોકી બેસાડયો. 'ઇંગ્લંડની પાર્લામેન્ટમાં અમારા પ્રતિનિધિ નહિ હોવાથી તેને આવો કર નાખવાનો હક્ક નથી' એ સિદ્ધાત પર અમેરિકાએ લડત શરૂ કરી. તેના ઉગ્ર વિરોધથી બ્રિટને તે કર પાછો ખેંચી લીધો પણ પોતાને પોતાના સંસ્થાન પર કર નાખવાનો હક્ક છે એ મુદ્દાને વળગી રહી બ્રિટને ચા ઉપર ત્રણ પેન્સની જકાત નાખી. આથી અમેરિકનોએ ચાનો બહિષ્કાર કર્યો. એવા ઉગ્ર વાતાવરણમાં ૧૭૭૩ની ૧૬મી ડિસેમ્બરે ૩૪૦ ચાની પેટીઓ લઇ એક વહાણ બૉસ્ટન બંદરે ઊતર્યું. રાતોરાત કેટલાક યુવાનો મોઢે રંગ લગાડી તથા માથે પીંછાં ખોસી રેડ ઈન્ડિયનોનો વેષ લઈ વહાણ પર ચડયા ને ચાની બધી પેટીઓ તોડી નાખીને સમુદ્રમાં પધરાવી દીધી! 'બૉસ્ટન ટી-પાર્ટી'ને નામે પ્રખ્યાત આ નાની સરખી ચીનગારીથી આખા અમેરિકામાં વિરોધનો જે જબ્બર દાવાનળ ફાટી નીકળ્યો તેમાં ઇંગ્લંડની સત્તા ભસ્મીભૂત થઇને અમેરિકા સ્વતંત્ર બની ગયું.

સંસાર આ કાજળ કેરી કોટડી,
નિર્લેપ ત્યાં જીવવું એ કળા વડી.


—રમણલાલ સોની—

એક બાઇના તેજસ્વી પુત્રના હાથની રેખાઓ જોઇ એક પ્રખ્યાત જોષીએ કહ્યું, ‘બાઈ, તારા પુત્રને ધન તો અઢળક મળશે, પણ વિદ્યાને નામે મીંડું છે!’ આ સાંભળતાં જ દૃઢનિશ્ચયી બાળકે છરી લઇને હાથ પર વિદ્યાની રેખા આંકી ને મક્કમતાથી કહ્યું, ‘વિદ્યા વિનાની દોલત શા કામની? વિદ્યા જો હું પ્રાપ્ત કરૂં તો જ ખરો.’ અને પ્રબળ ઇચ્છાશક્તિને જોરે સતત ખંતથી અભ્યાસ કરી તે જગતનો શ્રેષ્ઠ વિદ્વાન ભાષાશાસ્ત્રી બન્યો. વૈયાકરણી પાણિનિ તેનું નામ.

કહેવતોના અર્થ: ‘વૈદ્ય-ગાંધીનું સહિયારૂં’—કાળાં બજાર અને કૉન્ટ્રાક્ટોના આ જમાનામાં લોકજીભે વધુ રમતી આ કહેવત પાછળનો મર્મ સ્પષ્ટ છે કે, ઓસડ લખી આપનારો વૈદ્ય અને તે વેચનારો ગાંધી, એ બંને ધંધાદારીઓ એકસંપ હોય, અને તેમાં યે ગાંધીના વેચાણમાં વૈદ્યની ખાનગી હકસાઇ હોય, તો એમાં દરદીનો બેવડો જ મરો થાય; ઓસડના પૈસા ખર્ચાયે જ જાય, અને વૈદ્ય તથા ગાંધી બંનેને એમાં લાભ હોવાથી દરદ કીડીને વેગે મટે. આજે ઉત્પાદકો, અમલદારો ને વેપારીઓના ત્રિવિધ તાપ વચ્ચે પ્રજાની પણ એ જ દશા છે.

સૌથી નાની ટિકિટો ઇ. ૧૮૬૩માં કોલંબિયા રાજ્યના બોલિવર સ્ટેટમાં કાઢવામાં આવી હતી; તે આપણી ટિકિટના ચોથા ભાગ જેટલી હતી.

સુએઝની નહેરમાંથી પહેલું વહાણ ઈ.સ. ૧૮૬૯માં પસાર થયું.



ઉપરના ચિત્રમાં કેટલાં ચોસલાં પડેલાં છે? છ કે સાત? આમ તો છ જ લાગે છે. પણ જરા ઉલટાવીને ધ્યાનપૂર્વક જુઓ તો? છ ને સાત? એ દૃષ્ટિભ્રમનો ખૂબી છે.



પોર્ચુગીઝોએ હિંદમાંના પોતાના અમલ દરમ્યાન પાડેલો સિક્કો(જરા નાના કદમાં).

શરદી-સળેખમ એ એક પ્રકારના જંતુઓને કારણે થાય છે. માણસને જ્યારે છીંક આવે છે ત્યારે તે જંતુઓ કલાકના ૧૦૦ માઇલની ઝડપે બહાર ફેંકાય છે અને બીજા માણસને તેનો ચેપ લગાડે છે.

જગતનો સૌથી લાંબો સીધો રેલ્વે રસ્તો ઑસ્ટ્રેલિયામાં છે. જરા પણ વળાંક લીધા સિવાય તે ૩૨૮ માઈલ સુધી ચાલ્યો જાય છે.

પૃથ્વી પર જેમ પર્વતો, ખીણો અને મેદાનો હોય છે, તેમ દરિયામાં પણ હોય છે. એકાદ પર્વતનું શિખર પાણીની ઉપર આવતાં આપણે તેને બેટ કહીએ છીએ. પણ ખરૂં જોતાં તે છે એક પર્વત.

મનુષ્ય જેમ જુદાજુદા રંગો જોઇ શકે છે તેમ કૂતરો જોઇ શકતો નથી. તે દરેક વસ્તુ કાળા ને ધોળા એમ બે જ રંગમાં જોઇ શકે છે.

એક જાતનું એવું સસલું થાય છે કે જે પોતાના પગ વડે બીજાં સસલાંઓ જોડે વાત કરી શકે છે. આગલા બે પગ પર ઊભું રહી પાછલા પગ તે જમીન ઉપર પછાડે છે. આથી જે અવાજ થાય છે તેના પરથી આસપાસના બીજા સસલાંઓ તે શું કહે છે તે જાણી શકે છે.

(ગણિત-ગમ્મત)

$૧ = ૧^{૨}$

$૨+૩+૪ = ૩^{૨}$

$૩+૪+૫+૬+૭ = ૫^{૨}$

$૪+૫+૬+૭+૮+૯+૧૦ = ૭^{૨}$

$૫+૬+૭+૮+૯+૧૦+૧૧+૧૨+૧૩ = ૯^{૨}$

$૬+૭+૮+૯+૧૦+૧૧+૧૨+૧૩+૧૪+૧૫+૧૬ = ૧૧^{૨}$

અને એમ આગળ ગમે ત્યાં સુધી —મ. ના. ખત્રી.

અનેકાર્થી શબ્દ: **મોગરો**=એક ફૂલઝાડ; મોટી હથોડી; નાના ઘુમટ કે શિખર જેવો આકાર કે કાંગરો; એક ઘરેણું; દીવાની વાટનો ઉપરનો બળી ગએલો છેડો.



કલાકણિકા: સત્તરમી કે અઢારમી સદીનો અંબોડામાં ખોસવાનો દક્ષિણ હિંદનો પિત્તળનો ચાક, જેના દાંતા એકબીજાને અઢીંગીને ઊભેલાં બે હરણનાં લાંબાં શીંગડાંના રૂપમાં ખૂબીપૂર્વક યોજેલા છે.


સીવવાની સોયની શોધ સૌ પહેલી હિંદુસ્તાનમાં થઈ હતી. આજથી ૨૭૦૦ વર્ષ પહેલાં તે શોધાઈ હતી તે સોય હાડકામાંથી બનાવવામાં આવી હતી.

અમેરિકી અંકગણિત

અમેરિકા જગતની માત્ર ૬ ટકા વસતિ ધરાવે છે. પણ તે જગતનું ૬૨ ટકા પેટ્રોલ, ૫૩ ટકા મકાઇ, ૫૦ ટકા કપાસ, ૩૪ ટકા કોલસો, ૩૨ ટકા તાંબું અને ૩૦ ટકા લોઢું ઉત્પન્ન કરે છે આથી તે જગતની ૭૦ ટકા મોટરો, ૫૦ ટકા ટેલિફોન, ૪૫ ટકા રેડિયો, ૩૪ ટકા રેલના પાટા, ૫૬ ટકા રેશમ, ૫૩ ટકા કૉફી, ૫૧ ટકા રબર અને ૧૦૦ ટકા ઍટમ બૉંબની માલીકી ધરાવે છે!

વીજળીનો પ્રવાહ એક સેકંડમાં ૧૧ વખત પૃથ્વીને ફરી વળી શકે.

દરિયાના એક ઘન માઈલ પાણીમાં ૯૫,૨૦,૦૦,૦૦૦ મણ મીઠું હોય છે.



કબાટ કે બારીબારણાંના કાચ ફૂટીને તેમાં તરાડો પડે ત્યારે બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે મજબૂત ગોળાકાર કાગળના ટુકડાને તેની બંને બાજુએ ચોંટાડી રાખવાથી તેને વધુ વખત ચલાવી શકાશે.

તમે જાણો છો?

કે એક મિનિટમાં માણસ સરાસરી ૪૧૦ ઘન ઇંચ હવા શ્વાસમાં લે છે ● ગુલાબનું એક ઔંસ અત્તર બનાવવા ૮૭૫ શેર ગુલાબનાં ફૂલ જોઇએ ● ખાંડ તૈયાર કરવાની રીત સૌ પહેલાં હિંદુસ્તાનના લોકોએ શોધી કાઢી ● ગીતાનું સૌથી પહેલું અંગ્રેજી ભાષાંતર વૉરન હેસ્ટિંગ્સે કરાવ્યું હતું. ● દરેક પક્ષી આગળ ઊડી શકે છે પણ પાછળ ઊડી શકતું નથી.

જાન્યુ. થી ડિસે. ૧૯૪૭ — અંક ૨૭૭થી ૨૮૮ સુધી

વર્ષ ચોવીસમાનું વાર્ષિક સાંકળિયું

સંસારનાં શહેરો

બીજા વિભાગો

માધુકરી

કાવ્યકંડિકાઓ

જીવનપરિચય

ઇતિહાસ-ભૂગોળ પુરાતત્ત્વ

ખોરાક-આરોગ્ય-ઔષધ

વિજ્ઞાન

પ્રકીર્ણ લેખો

પરચુરણ

પરદેશનાં પત્રમિત્રો (અનુસંધાન પૃ. ૩૬૪ થી ચાલુ)

હવે તો એવો વખત આવ્યો છે કે યુદ્ધો બંધ કરીને વસતિ વધારવી જોઈએ. પણ અમે તો રશિયા સાથે પાંચ વરસમાં જ યુદ્ધ થવાની ઉમંગભરી વાતો કરીએ છીએ. એથી તો દુનિયામાંથી વધુ માણસો ઓછાં થઈ જશે. અને એમ માણસો ઓછાં કરવાં એ કેવું મૂર્ખાઈભર્યું!

વારુ; પણ મૈત્રીભર્યા પત્રમાં આ બધી વાતો ખાસ આનંદદાયક તો નથી જ... જો તમારે વધુ પત્રમિત્રો જોઈતા હોય તો તમે એક આ યુક્તિ અજમાવો. અમેરિકાના કોઈ ગામના અગ્રણી છાપાના તંત્રી પર તમે આ પ્રમાણે એક પત્ર લખો, કે 'બીજા દેશોના યુવાનોમાં રસ લેતાં તમારા દેશનાં છોકરા–છોકરીઓ સાથે પત્રવ્યવહાર કરવાની મારી ઇચ્છા છે; મારી ઉંમર ૧૭ વરસ છે; ઇત્યાદિ.' તમારો એ પરદેશનો પત્ર તંત્રી તથા વાચકોનું આકર્ષણ બનશે અને એ રીતે તમને કેટલાક પત્રમિત્રો મળી રહેશે.

મારી ઉંમર ૧૮ વર્ષની છે અને કૉલેજમાં પહેલા વર્ષમાં સંગીતનો અભ્યાસ કરું છું. કામના દબાણને લીધે તમારો પત્ર આવ્યો કે તરત હું તમને ન જવાબ વાળી શકી. પણ હવે હું વધુ ચીવટ રાખીશ.

હૃદયપૂર્વક તમારી **મૅડોના લૅંગડન** (Madonna Langdon)

ઑસ્ટ્રેલિયાનાં સરનામાં

(1) June Maxwell, Tangambalanga, Via Wodonga, Victoria, Australia—15, sports, correspondence; (2) Colleen Watsan, All Saints Girls Hostel, Charlesville, Queensland, Australia—15, stamps, correspondence, sports; (3) Pat Hughes, Mekay Street, Macksville, New South Wales, Australia—15, reading, sports, knitting, sewing; (4) Evelyn Russ, 'Abbotsleigh', Wahroonga, New South Wales, Australia—16, chemistry, music, tennis, hockey; (5) Marjorio Meintosh, 80 Hunter street, Richmond E. I., Victoria, Australia—16, chemistry, nursing, sports; (6) Phyllis Watego, Light house Road, Byron Bay, New South Wales, Australia—19, stamps, sports, photogrophy, surfing; (7) Clare Haydon, 10 Homer street, Moonee Ponds, Melbourne, Victoria, Australia—16, dress-Making, horse-riding, sports; (8) Mark Readett, 8 Andrew street, Rose Hill, Inverell, New South Wales, Australia—19, stamps, coins; (9) Dawn Cherry, Glennie School, Toowoomba, Queensland, Australia—16, photography, surfing, riding, music; (10) Jean Clarke, 'Forest side', Belgrave, Melbourne, Victoria, Australia—16, stamps, sports, dancing; (11) Rhonda Terrace, 13 Hamilton Street, Launceston, Tasmania, Australia—19, stamps, sports, dancing; (12) Eva Batty, Usman street, Blayney, New South wales, Australia 16, stamps, sports, films. (ઉલ્લેખ : હરસુખ મોદી)

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(૪૩૪) ગુણવંતરાય ચીમનલાલ સુતરીઆ, નાગરવાડા, આમલીફળીઆ, વડોદરા–૧૯, રસાયણશાસ્ત્ર, ટિકિટસંગ્રહ, દશ્યચિત્રસંગ્રહ; (૪૩૫) કનુભાઈ ભાઈલાલભાઈ પટેલ, ઠે. લોકવાણી, દાંડિયા બજાર, વડોદરા–૧૭, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૪૩૬) પ્રતાપરાય દમનજી પરમાર, દસારા બજાર, સીહોર (કાઠિયાવાડ)–૨૧, સંગીત, પ્રાચીન કળાનું સંશોધન; (૪૩૭) વસંતકુમાર દેસાઈ, ઠે. કેશવલાલ આર. દેસાઈ, પ્લોટ નં. ૫૮૮, ન્યુ માણેકવાડી, ભાવનગર—૧૬, ફોટોગ્રાફી, સંગીત, શિકાર, યાંત્રિક કામ; (૪૩૮) મોહનલાલ મ. મેઘાણી, ઠે. કે. મેઘાણી, ૭૪/૨૩ ધાનકુટ્ટી, કાનપુર (યુ. પી.)—૧. ટિકિટસંગ્રહ, અવતરણસંગ્રહ. (૪૩૯) સુબોધચન્દ્ર નાનુભાઈ પરીખ ૬૦૯ લાખા પટેલની પોળ, દેવશેરી, અમદાવાદ—૧૮, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ, રસાયનશાસ્ત્ર; (૪૪૦) ઘેલુભાઈ નાગજીભાઈ પટેલ મુ. પો. ઊરવાવરા, વાયા નવસારી—સાહિત્ય; (૪૪૧) ચંદ્રસેન હરિદાસ ભાટીઆ, ૪૫ બાણગંગા રોડ, વાલકેશ્વર, મુંબાઈ-૬—૧૮ સંગીત, ફોટોગ્રાફી, તરવું; (૪૪૨) વિનોદ મગનલાલ દેસાઈ, ઠે. મગનલાલ ડાહ્યાભાઈ મહેતા, કિરપારામ મહેતાનો ખાંચો, ગોપીપુર સુરત—૨૦, સીનેમા, ફોટોગ્રાફી; (૪૪૩) હર્ષદરાય લ. ત્રિવેદી 'પ્રતાપ' કાર્યાલય, કણપીઠ, સુરત—૧૮, પત્રકારત્વ, વિજ્ઞાન, નવી ભાષા શિખવાનો; (૪૪૪) જીવણજી ડાહ્યાભાઈ પટેલ, વાઘછીપા, વાયા પારડી (સુરત)—૨૨, ચિત્રસંગ્રહ, આધ્યાત્મ જ્ઞાન; (૪૪૫) વસંતકુમાર સી. શાહ, ડોશીવાડાની પોળ, સુરતી નિવાસ, ઇન્દ્રકોટ, અમદાવાદ—૧૯, ફોટોગ્રાફી; (૪૪૬) ચંદુલાલ અર્જુનલાલ ચાવડા, ખોડી આંબલી, સ્વામીનારાયણના મંદિર પાસે, અમદાવાદ—૨૭, આધ્યાત્મશાસ્ત્ર, વૈદક, સાહિત્ય; (૪૪૭) સુર્યકાન્ત વાડીલાલ સંઘવી, દરબાર ગઢ પાસે, લીમડી—૧૬ ફોટોગ્રાફી, મૅચલેબલસંગ્રહ, વ્યાયામ; (૪૪૮) કાન્તિલાલ ત્રિભોવનદાસ સાગર, રૂવાપારી ગેઇટ, મણીઆરાશેરી, ભાવનગર—૨૩, ટિકિટસંગ્રહ; (૪૪૯) દેવેન્દ્ર ચંદુલાલ નાળિયેરવાલા, સુથાર ફળિયા, ભરૂચ—૧૫, ફોટોગ્રાફી, ક્રિકેટ, વ્યાયામ; (૪૫૦) પ્રવીણ મ. શેઠ, ઠે. રમણિકલાલ અમીચંદ શેઠ, બ્રાહ્મણની ભોજનશાળા સામે, વાંકાનેર (કાઠિયાવાડ) ૧૭, ટિકિટસંગ્રહ, ચિત્રકલા, દેશનેતાઓના ફોટાસંગ્રહ; (૪૫૧ હર્ષદ હ. શેઠ, હંસરાજ મોરારજી પબ્લિક સ્કૂલ, નવ-ગુજરાત, અંધેરી, મુંબાઈ—૧૭, ચિત્રકળા, ચિત્રસંગ્રહ, બેડમિંગ્ટન (૪૫૨) લક્ષ્મીદાસ, ઠે. પરશોતમ ભાણાભાઈ, દેવકાંબાઈ નિવાસ, બામનવાડ રોડ, મુંબાઈ—૧૯, ટિકિટસંગ્રહ, ચિત્રકળા; (૪૫૩) જયંત કે. મહેતા, ઠ. આર. એમ. મહેતા, નાગર શેરી, મોરબી (કાઠિયાવાડ) —૧૬, સાહિત્ય; (૪૫૪) આશાચંદ્ર મુળચંદ ઝવેરી, ઠે. મહાસુખલાલ બાલચંદ્ર શાહ, ૧૯૫ ખેતવાડી, મેઈન રોડ, મુંબાઈ-૪—૧૯, ફોટોગ્રાફી, ક્રિકેટ, સિક્કાસંગ્રહ; (૪૫૪) ભગવતપ્રસાદ પી. બ્રહ્મભટ્ટ, બજાર, ઊંઝા (ઉ. ગુજરાત)—૨૨, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૪૫૬) ઇશ્વરલાલ એસ. મેકવાન, ૯૬૪ નારીઆવાડની પોળ, લુણસાવાડ, દરિયાપુર, અમદાવાદ—૧૯, ચિત્રકળા, ટિકિટસંગ્રહ, વિજ્ઞાન; (૪૫૭) હરસુખલાલ જી. ગાંડલિયા, ચત્રભુજ નિવાસ, વડગાદી, મુંબાઈ-૩ —૧૫, સંગીત, ચિત્રકળા, ટિકિટસંગ્રહ; (૪૫૮) ગજેન્દ્રરાય કેશવલાલ વંકાણી, વૈદનો ઉતારો, વઢવાણ કેમ્પ —૧૭, ભુગોળ, ફોટોગ્રાફી, ચિત્રકળા; (૪૫૯) જયંત શાહ, ૬/એ એલેનબી રોડ કલકત્તા ૨૦—૧૮, ફોટોગ્રાફી, વિજ્ઞાન સાહિત્ય; (૪૬૦) ઉપેન્દ્ર કાપડીઆ, ૩૭ લક્ષ્મી નિવાસ નેપિયન સી રોડ, મુંબાઈ-૬ ટિકિટસંગ્રહ (૪૬૧) શાહ પ્રફુલ્લચંદ્ર કચરાભાઈ, ઠે. ક[illegible] તચંદ, ૧૫ જૈન મરચન્ટ સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ ટેનિસ, ટિકિટસંગ્રહ; (૪૬૨) જીવણજી માધવજી કરિણયા, ક[illegible] વાડી, વાયા નવસારી—૨૪, પ્રવાસ, કુદરતી સૌંદર્ય, સ[illegible] (૪૬૩) ચંદુલાલ જીવરાજ એન્જિનીઅર, ૧૭૭૪ નવી પોળ, [illegible]પુર, અમદાવાદ—૨૪, સંગીત, એન્જિનીઅરીંગ.

ગી બાજુ: 'હિમાલયનું ચા-ઘર'
કાર · નારાયણ શ્રીધર બેંદ્રે--જેમ-
િચય ગયા અંકમાં આવી ગયો
લાકારની, એક વિશિષ્ટ અને રંગ-
ચિત્રસંયોજનવાળી કૃતિ · નીચે:
તોખાર' ફોટો · મફતલાલ દ્વિધ-
.બૅંગલોરના અખિલ હિંદ ફોટોગ્રાફિક
દર્શનમાં રૌપ્યચન્દ્રક મેળવનારી આ
તિ ગયા અંકમાં રજૂ થએલી, એ જ
દર્શનમાં સુવર્ણચન્દ્રક મેળવનારી કૃ-
ની માફક, અમદાવાદના 'નિહારિકા'
ડળના સભ્યનું સર્જન છે. આમા પણ
રગના ચીલાઓની વચ્ચે ધૂળ ઉડા-
ા, સગરામના ઘોડાના પગ જેવો
મૂલી વિષય લઇને વિશિષ્ટ કોણની
ટોગ્રાફી વડે ધ્વનિચિત્ર ઉપજાવ્યું છે.



